

ઓટ (ફોટો - અશ્વિન મહેતા)

કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

વર્ષ ૬૦મું - અંક ૮મો - ઑગસ્ટ ૧૯૮૩ - સળંગ અંક ૭૧૬

સંસ્થાપક: સ્વ. રવિશંકર રાવળ • આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત • તંત્રી : **બિહારીલાલ ટાંક**



આસમાની છાપરાં (ચિત્રકાર : જગુભાઈ શાહ) પીંછીના ઝડપી લસરકા, થોડાશા રંગ-લપકા અને ચિત્ર તૈયાર, થોડાં માનવપાત્રનું ઉમેરણ અને ચિત્રમાં સજીવતા આરોપાઈ જાય. કલાકારની દૃષ્ટિ અને તેના સિદ્ધ હસ્તનું દ્યોતક એવું આ એક સુંદર ઉદાહરણ છે. ચિત્રમાં ઝીણીઝીણી વિગતો ભલે નથી, પણ નાનકડા ગામની શેરીને એ સુંદર રીતે તાદૃશ કરે છે.

ચીમનલાલ લિટરરી ટ્રસ્ટનાં વસાવવા યોગ્ય

ઉત્તમ સાહિત્યનાં પુસ્તકો આજે જ મંગાવો

દ્રુમપર્ણ શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી ૬૦-૦૦

(૧) દ્રુમપર્ણ સાક્ષરયુગની શૈલીનો દ્યુતિમય અને અતિશય રોચક ગ્રંથ ગણાય છે.

(૨) કાયમી મૂલ્યવાળી વિચારસામગ્રી, તેમજ શૈલી ગાંભીર્ય-થી શોભતું આ પુસ્તક ચિંતનસાહિત્યમાં અગ્રહરોળ-માં સ્થાન પામશે.

સમયરંગ	શ્રી ઉમાશંકર જોશી	૪૦-૦૦
સપ્તપદી	શ્રી ઉમાશંકર જોશી	૪-૦૦
ધારાવસ્ત્ર	શ્રી ઉમાશંકર જોશી	૬-૦૦
વિશ્વશાંતિ	શ્રી ઉમાશંકર જોશી	૩-૦૦
સમગ્રકવિતા (આ. બીજી)	શ્રી ઉમાશંકર જોશી	૫૦-૦૦
બિન્દાસ	શ્રી સુરેશ દલાલ	૫-૦૦
છાકમછલ્લો	શ્રી સુરેશ દલાલ	૫-૦૦
કીડી અને વાંદો	શ્રી સુરેશ દલાલ	૩-૦૦
એક હાથે ચપટી	શ્રી સુરેશ દલાલ	૫-૦૦
હરમાનહેસ	શ્રી સુરેશ દલાલ	૨-૦૦
સિમ્ફની	શ્રી સુરેશ દલાલ	૫-૦૦
સાતત્ય	શ્રી સુરેશ દલાલ	૮-૦૦
પીનકુશન	શ્રી સુરેશ દલાલ	૧૦-૦૦
સમાગમ	શ્રી સુરેશ દલાલ	૨૨-૦૦
સાહિત્યતત્ત્વ અને તંત્ર	શ્રી ગુલાબદાસ બ્રોકર	૧૫-૦૦
પરભોમનાં પુષ્પો	શ્રી ગુલાબદાસ બ્રોકર	૧૫-૦૦
ચાની–નવલકથા	અનુ. શ્રીમતી જયા મહેતા	૮-૦૦

(લાયબ્રેરી તથા સંસ્થાઓ માટે ખાસ વળતર — પોસ્ટેજ ખર્ચ અલગ)

મળો યા લખો :

ચીમનલાલ એજ્યુકેશન ઍન્ડ લિટરરી ચૅરિટેબલ ટ્રસ્ટ

C/o ચીમનલાલ પી. શાહ ઍન્ડ કં.
બીજે માળે, જૅામ્બે મ્યુચ્યુઅલ બિલ્ડિંગ
ડી. એન. રોડ, ફોર્ટ, મુંબઈ–૪૦૦ ૦૦૧

કુમાર

ઑગસ્ટ ૧૯૮૩
સળંગ અંક ૭૧૬

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમારકાર્યાલયલિમિટેડ ૧૪૫૪ રાયપુરચકલા, અમદાવાદ–૩૮૦૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦-૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

'કુમાર'માંનાં સર્વ લખાણો-ચિત્રો-ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે.

પ્રથમ વર્ષા / રાજેન્દ્ર શાહ

મંદાક્રાન્તા · સૉનેટ

એવી આંધી વિકળ વસમી વાઈ ઓચિંત, દ્વાર
અર્ધું વાસ્યું ઊઘડી જતું ને ઊઘડ્યું બંધ થાતું.
છાઈ રે'તું ઘર પલકમાં ધૂળ-પર્ણે અપાર,
કોઈ બીજો રવ ન સુસવાટે બધું યે લપાતું.
વ્યોમે વ્યાપ્યો સજલ ઘનઘોરંભનો ગડ્ગડાટ,
ગાંજાતી રે' પ્રતિપળ દગો વીજળીને ઉચાટ.

ત્યાં તો ધારે મુશળ સરખી, નેવલે ના સમાય,
એવાં ઝીક્યાં જળ; ઝૂકી જતાં કાળતોતિંગ ઝાડ.
જાણે ઘેરું તિમિર ઝબકંતું ઢળંતું જણાય,
એથી બીજું કંઈ ન ક્યહીં યે સાવ ખુલ્લે કમાડ.
બાકીનો જે પ્રહર દિનનો તે ય વેગે તણાયો,
એથી સંધે – જનવન બધું ક્ષુબ્ધ – સોપો છવાયો.

ને ઓચિંતુ શમન : ઊઘડે આભ, પંખાળ વાણી,
ચારે બાજુ ખળખળ નિનાદે વહી જાય પાણી.

ક્હાનજીને ઉપાલંભ / ઉશનસ્

શિખરિણી · સૉનેટ

અરેરે, એકાદો વધુ જનમ લૈ ક્હાનજી! તું યે
ફરીથી આવ્યો જો હત વખત એકાદ જ વધુ
અહીં આ મેવાડી મરુથલ મહીં; માછલી સમી
મીરાં – છોડી કોડેભરી વ્રજની, રાધાડી દૂસરી,
જમુનાકાંઠાનો અતલ તરસ્યો જીવ પ્રીતનો,
ન રાણાને દેશ તફડી તફડી આમ મરતે;

અરેરે, એ ગાંડી જનમગભરુ, બાલપણથી
તને જે દૈ બેઠી દિલ, દરદ લૈ બેઠી હઠીલું
અપ્રાપ્યા પ્રીતિનું તવ, રમતમાં ને રમતમાં
વરી બેઠી એવી ગિરધર, તને ગંભીરપણે... !

બીજા કોઈ કાજે કહું ન, પણ એ કાળજસૂની
મીરાં કાજે તો 'લ્યા અવતરવું'તું મોરપીંછ લૈ;
નરી એ ગાંડીએ મૃગજળનદીતીર વિરડા
ઉલેચ્યા'તા એવા અઁસવન જળોથી ભરી ઘડા!

૬૦મા શ્રાવણે / શશિશિવમ્

· અનુષ્ટુપ ·

સાઠ સાઠ ગયા વર્ષો શ્રાવણે સ્નાન થઈ ગયાં,
હજી તો શ્રાવણે ન્હેલા નાહ્યો'તો ગઈ કાલ હું!
અને આ શ્રાવણે આમ સાઠ સ્નાન પૂરાં થતાં!
ભીંજાયો કેટલો, કોરો કેટલો, કંઈ ન જાણતો.

ક્યાં વહ્યાં જલ, ને ક્ષેત્રો પરિપોષ્યાં ક્યાં ક્યાં,
વિશ્વઉદ્યાન મ્હોર્યો કે શોષાઈ ક્ષિતિજે ગયાં!

એકાકી ચોગમે વાતા વાયુના સુસવાટમાં,
કંપું આ વગડે ઘોર પ્રવેશ્યા સૂર્ય ના જ્યહીં;
રાત્રિ ને દિવસો બંને કમ્કમ્યા એકરૂપ થઈ,
ઝબ્કારે વીજના જોયું આભ થોડું ક્વચિત્ ક્વચિત્;
શશી ને સૂર્ય તો માત્ર શમણે ઝંખતો રહ્યો.

ભોંકાયા ચરણે શૂળ અટ્વાયા ઝાડી-ઝાંખરે
વીંટાયા ગૂંચળે કાળા ભોરિંગો ડગલે ડગે.
ખીણો ને ખાઈઓ ઊંડી ફાડીને જડબાં ઊભી
ગ્રસવા, દંષ્ટ્ર શી તીણી શિલાઓ ભચડી જવા.
ડગૂમગૂતા ડગલે ચાલ્યો, આખડતો પડતો જતો
ઘવાતો અંગઅંગે ને ક્લાન્ત કો વિકલાંગ શો,
એકથી અન્ય કો ખીણે અંધારે લુપ્ત થઈ જતો.

દૃષ્ટિનાં શિખરો ઊંચાં નેત્રોના ધુમ્મસે ડૂબ્યાં,
ઓગળી શ્રાવણે સાઠ વહી ચાલ્યાં – ક્યહીં ગયાં!

દિશા ના, માર્ગ ના, કેડી પાડંતો ચાલતો રહ્યો,
ડગલું એક, ને આખું શ્રાવણી વર્ષ ક્યાં જતું!
ઋતુઓ ફરતી દીઠી કોણે વાસંતી કૂંપળે!
કંપતો ધ્રૂજતો આંખે એક શ્રાવણ વર્ષતો.

ઊભો છું આવીને સામે મહા ખીણની ધારપે
ભરેલી ઘોર અંધારે, ડગ્મગે પાય ભેખડે.
ડગ્મગે પાય! ખીણો ને કરાડો જોઈ કેટલી!
જોયાં મારા જ મૃત્યુનાં સ્વરૂપો એકથી વધુ,
કીધાં મારા જ મૃત્યુનાં સ્નાન પ્રત્યેક શ્રાવણે.
વર્ષે છે શ્રાવણી રાત કારમી વિકરાળ થઈ,
જાણું ના ખીણમાં ઊંડે ક્યારે ભેખડ ઊથલે;
કેટલાં શ્રાવણે સ્નાન બાકી મારાં રહ્યાં હવે!

સાઠ સાઠ ગયા વર્ષો શ્રાવણે સ્નાન પાવક,
અંધારી ઝડીઓ ઝીલી ટકાવી નેમ, શાવક
આનન્ત્યે કાળના શીખું ચાલતાં ઘૂંટણો ભરી.
તિતિક્ષાતપની હામે તત્પર કાળભેખડે
ઊભો છું, સ્કંધ મારે હું નાખી મારું જ જીવન.

હેમાળા વેરાનનો વેરાગી

હડસન બે કંપનીના જહાજ 'ડિસ્ટ્રીબ્યુટરે' કૅનૅડાની વાયવ્યે વિશાળ સરોવરના કાંઠે આવેલા ફૉર્ટ રૅઝોલ્યુશન મુકામે લંગર નાખ્યું કે કેટલા ય આદિવાસી ઇન્ડિયનો રીંછ અને બીવરનાં ચામડાંનો સોદો કરવા દોડી આવ્યા. 'ગ્રેટ સ્લેવ લેક' તરીકે ઓળખાતું એ સરોવર ત્યાંથી આગળ શરૂ થતા અફાટ હેમાળા વિસ્તારનું જાણે પ્રવેશદ્વાર છે. જહાજમાંથી બે જણ નીચે ઊતર્યા : એક હતો હડસન બે કંપનીનો તપાસનીશ અધિકારી ફિલિપ એમ. ગૉડસેલ, બીજો હતો આદિવાસી ઇન્ડિયનોએ એમના પ્રદેશ અંગે ઇંગ્લૅંડ સાથે સંધિ કરી એ પ્રદેશ તેને સોંપ્યા બદલ ઠરાવેલી રકમ એમનામાં વહેંચનાર ઇન્ડીઅન-ઍજન્ટ પિયર મર્કેંડી.

નીચે ઊતરી બંને વાતચીત કરતા ઊભા હતા ત્યાં ખભા સુધી લટકતા ઝૂંથરિયા વાળ અને વધીને કેડસમાણી પહોંચેલી દાઢીવાળો લબરમૂછિયો એક જવાન ચામડાના પોશાકમાં તેમની સામે આવી પહોંચ્યો. તેનો ચહેરો એ વિસ્તારના આદિવાસીઓ જેવો રતૂમડો હતો, પરંતુ અજબ ચમક વેરતી તેની નીલી વેધક આંખો તેના અસલ ગોરા તોખમની ચાડી ખાધા વિના નહોતી રહેતી. નજીક આવી એણે ઉત્તર ધ્રુવના અફાટ હિમવેરાનમાં સફર માટે જરૂરી સાધનોની માગણી કરી ત્યારે ઑક્સફર્ડના સ્વરભારવાળી એની સંસ્કારી ભાષા ફિલિપને ચકિત કર્યા વિના ન રહી. 'વેરાનના વેરાગી' ('હર્મિટ ઑવ ધ બૅરન્સ') તરીકે ઓળખાતા જૅક હૉર્નબી વિષે તેણે આ પહેલાં સાંભળેલું ખરું, પણ નજરોનજર તો તેને પહેલી વાર ત્યારે જ જોયો.

જ્યાં કોઈ માનવીનો પડછાયો સુધ્ધાં જોવા ન મળે એવા ઉત્તર ધ્રુવના હેમાળા વેરાનમાં આ રીતે સામે ચાલીને મોતને નોતરવાની તેની તત્પરતાને ફિલિપે તુચ્છકારી કાઢી, કશી સગવડ કરી આપવાની ચોખ્ખી ના સંભળાવી દીધી. જૅક હૉર્નબી કશું જ બોલ્યા વિના જે રસ્તે આવ્યો હતો એ રસ્તે પાછો ચાલતો થઈ ગયો.

એ અદૃશ્ય થતાં પિયર બોલી ઊઠ્યો, 'એ અહીં જ મરવાનો, અને વરુઓ એના માંસની ઉજાણી કરવાના! ગયે શિયાળે બરફની એક બખોલમાં એવા ઠેકાણે એ પડ્યો રહેલો જ્યાંથી સો માઈલના ઘેરાવામાં કોઈ માનવીની બૂ સરખી ન મળે. વસંત બેસતાં કેટલાક આદિવાસીઓ એ માર્ગે નીકળ્યા ત્યારે બખોલમાં કોઈ વરુને પડેલો સમજી એ તો એના શિકાર માટે તૈયાર થઈ ગયેલા, પણ જઇને જુએ તો જૅક હૉર્નબી! ભૂખથી એવો તો નખાઈ ગયેલો કે બખોલની બહાર નીકળવાની યે શક્તિ તેનામાં નહોતી રહી. બિચારા આદિવાસીઓએ એમની શિકારયાત્રા થોભાવી તેની સારસંભાળ લઈ બે અઠવાડિયે ફરી ચાલતો કર્યો.

કોઈ છોડઝાડ તો શું પણ ઘાસનું તણખલું સરખું જ્યાં નજરે ન ચડે એવા ઝંઝાવાતી હિમવિસ્તારમાં રઝળતો જૅક હૉર્નબી ત્યાંના આદિવાસીઓને હવે પરિચિત બની ગયો હતો. માત્ર ઇન્ડિયનો જ નહિ, પરંતુ હેમાળા જીવનને ટેવાઈ ગયેલા એસ્કિમો લોકો સુધ્ધાં જ્યાં સુધી જવાની હિંમત ન કરે ત્યાં વેરાનનો આ વેરાગી એકાકી રઝળ્યા કરતો. મનુષ્યો તો શું, કારીબૂ જેવાં જાનવરો પણ એ અફાટ હિમવિસ્તારમાં આગળ વધવાની હિંમત ન કરતાં.

જૅક હૉર્નબી કોઈ મામૂલી આદમી ન હતો. ઇંગ્લૅંડના એક અમીર કુટુંબમાં એનો જન્મ થયેલો. એના કુટુંબનો વિચાર એને ઉચ્ચ પદાધિકારી બનાવવાનો હતો અને એ 'ડિપ્લોમૅટિક સર્વિસ'ની તાલીમમાં ઝળકી સુધ્ધાં ઊઠેલો, પરંતુ ત્યારથી એને 'વગડાનો સાદ' સંભળાવો શરૂ થઈ ગયેલો. અને એ સાદને દાદ આપી તે કૅનૅડા પહોંચી ગયો. હાથમાં રાઈફલ સાથે મૅકેન્ઝી નદીના કાંઠેકાંઠે એ રખડતો. એક ભંગાર જેવી હોડી અને બરફગાડીને ખેંચવા કેટલાંક કૂતરાં એણે ખરીદી લીધેલાં.

કૅનૅડા પહોંચ્યાના એક વર્ષ બાદ કૅનૅડામાં લંબાતી રૉકી પર્વતની ધાર પાસે ભેટી ગયેલા એક નિવૃત્ત લશ્કરી અધિકારીને એણે કહ્યું, 'માનવસંસ્કૃતિ અહીં લગી આવી પહોંચી છે, આપણે હેમાળા વિસ્તારમાં પહોંચી જવું જોઇએ જ્યાં હજારોના હજારો ચોરસ માઈલ પર માનવી કે તેની સંસ્કૃતિની ગંધ સુધ્ધાં નહિ મળે. માત્ર અગણિત કારીબૂ મળશે, જેના શિકાર પર આપણે નભીશું. એ એટલી તો વિપુલ સંખ્યામાં છે કે તે એક દિવસની સફર જેટલા દૂર હોય તો ય તેમની ખરીઓનો અવાજ તમે સાંભળી શકો. વળી નામશેષ થયેલા મનાતા કસ્તૂરીવૃષભો પણ ત્યાં મળી આવવાનો સંભવ છે. એમની ઓલાદ છેક પ્રાગૈતિહાસિક કાળથી ચાલી આવે છે, એમના અવશેષો આજે યે અલસ્કા, સાઈબીરિયા અને યુરોપ સુધ્ધાંમાં કેટલાંક સ્થળે મળી આવે છે.'

કૅપ્ટનના હોદ્દા પરથી નિવૃત્ત થયેલા એ લશ્કરી અધિકારીએ આ સાંભળી આંખમાં એકાએક ચમક સાથે પૂછ્યું, 'ખરેખર અજબ જેવું! ક્યારે ઊપડીશું?'

'આવતી વસંતમાં જ ઊપડી જઇએ.'

કૅપ્ટને તુરત સંમતિ દર્શાવી.

સાસ્કેચેવાન નદીનો બરફ ઓગળ્યા પહેલાં જૅક તેના જોડીદાર કૅપ્ટનને તેમણે નક્કી કરેલા હંગામી મુકામ એડમન્ડટનમાં મૂકી પોતે હિમસફરનો સાજ મેળવવા અને બને તો કૅનૅડાની સરકારનો તેમાં સાથ મેળવવા ઑટાવા ઊપડી ગયો.

કૅપ્ટન ક્રિચેલ તો આ સફરના ખયાલમાત્રથી એટલો પ્રભાવિત થઈ ગયેલો કે પોતાની પાસેના પૈસા એણે ધૂમ ખરચવા માંડ્યા. નવી કૅમેરાઓ અને ફિલ્મો, બંદૂકો ને દારૂગોળો, બરણીઓ ને રસાયણો. એનો ખયાલ દુનિયાને અજ્ઞાત એવા એ પ્રદેશની વનસ્પતિ અને પ્રાણિસૃષ્ટિના નમૂના ભેગા કરી વિજ્ઞાનીઓ સમક્ષ રજૂ કરવાનો હતો. પાછો ફરેલો જૅક તો આ બધું જોઇને આભો જ બની ગયો.

'આ બધા ખડકલાને શું કરવું છે? એક કીટલી, એક તાંસળું, એક બંદૂક અને એક હોડી પૂરતાં છે.' તેણે કહ્યું.

એ વખતે તો એ પર વધુ વિવાદ પાછળ સમય ન બગાડતાં જૅક સફરની તૈયારીમાં લાગી ગયો, પરંતુ જ્યાં નિબીડ ટુન્ડ્ર પ્રદેશમાં પહોંચ્યા કે જૅકે કહી દીધું કે વધારાનો બધો સામાન ફેંકી દો. કૅપ્ટન ક્રિચેલે ઘણી દલીલો કરી, એ વિના સમય પસાર ન થવાનો ભય સુધ્ધાં દર્શાવ્યો, પરંતુ સાંભળે એ બીજા! પરિણામે વધારાનો બધો સામાન ત્યાંના ખડકો વચ્ચે સાચવીને ક્રિચેલને મૂકી દેવો પડ્યો.

આગળ વધતાં હિમધવલ વેરાનના સૂનકારને કૅપ્ટન ક્રિચેલ સાશંક નજરે તાકી રહ્યો. જૅકે તેને હિંમત બંધાવી અને એક વરુની બખોલને પહોળી કરવાના કામે લાગી ગયો.

અને આમ, પારો જ્યાં શૂન્યથી યે ઘણી વાર ૬૦ અંશ નીચો ઊતરી જાય છે એવા એ વેરાનમાં બંને જણાએ અડ્ડા નાખ્યા. વૈજ્ઞાનિક પ્રવૃત્તિના કૅપ્ટન ક્રિચેલે પોતાને જૅક સાથેના પ્રવાસમાં આવો અનુભવ થવાનું તો કલ્પ્યું સુધ્ધાં નહોતું. કેટલીક વાર બરફ નીચેથી તોપ જેવા ધડાકા સંભળાતા તો ક્યારેક હિમઝંઝા બખોલ બહારની દુનિયાને સમૂળગી અદૃશ્ય બનાવી દેતી. આમ પણ સૂરજ તો ક્યારનો દેખાવો બંધ થઈ ચૂક્યો હતો, માત્ર આછો લીલો ધ્રુવપ્રકાશ (ઑરોરા બોરીઍલિસ) થોડોક ભૂતિયો ઉજાશ પાથરતો.



જૅક હૉર્નબી

અશોક હર્ષ

પરંતુ પરિસ્થિતિ જેમ વધુ વિકટ બનતી ગઈ તેમ જૅકનો ઉત્સાહ ઓર વધતો ગયો. એ તો ચાહે તેવી હિમઝંઝામાં યે બરફનાં બૂટ ચડાવી ખભે બંદૂક નાખી નીકળી પડતો, અને પોતાની બરફગાડી પર એકાદ વરુ, શિયાળ કે કારીબૂના શિકાર સાથે પાછો ફરતો. કુદરતનાં પરિબળોને હંફાવવામાં એ કોઈ અનેરો આનંદ અનુભવતો. પરંતુ એનો આ આનંદ એના જોડીદાર કૅપ્ટનને વધુ ને વધુ અતડો બનાવતો ગયો. બંને એકબીજા સાથે ભાગ્યે જ બોલતા કે નજર સુધ્ધાં મિલાવતા.

૭ મહિના રહીને ગ્રેટસ્લેવ લેકની પૂર્વમાં હજારેક માઈલ પર આવેલા ચેસ્ટરફીલ્ડ મુકામે હડસન બે કંપનીનો અધિકારી વાર્ષિક પુરવઠા સાથે આવી પહોંચનારા જહાજ 'નાસકોપી'ની રાહ જોતો દૂરબીન લગાવીને બેઠો હતો, ત્યાં દૂરથી એક ભાંગીતૂટી હોડીમાં બે જણને આવતા જોયા. એમને પશ્ચિમ દિશામાંથી આવતા જોઈ એને ભારે નવાઈ લાગી. બંને જણા કાંઠે ઊતરતાં કંપનીનો અધિકારી સૉલોમન ફ્રૉર્ડ વિસ્મિત નજરે તાકી જ રહ્યો. ત્યાં જૅક બોલ્યો, 'હું છું જૅક હૉર્નબી, અને આ મારા મિત્ર કૅપ્ટન ક્રિચેલ.'

ફ્રૉર્ડે જોયું કે ભૂખ અને ટાઢથી બંનેના ચહેરા ચીમળાઈ ગયા હતા, અને બંનેનાં શરીર ખેતરમાંના ચાડિયા જેવાં લાગતાં હતાં. બંનેનું સ્વાગત કરતાં તેણે કહ્યું, 'પહેલાં તો હું ખરેખર સાચું જોતો હોઉં એમ માની જ ન શક્યો. પશ્ચિમ બાજુએથી કોઇનું આગમન અકલ્પ્ય જ હોઈ પહેલાં તો મેં એ મારો દૃષ્ટિભ્રમ માની લીધેલો, પરંતુ તમે થાક્યાભૂખ્યા લાગો છો. પુરવઠાનું આવી પહોંચનારું જહાજ હજી આવ્યું નથી, પણ જે કંઈ શેષ રહ્યું છે તેમાંથી પ્રથમ તો તમે પેટમાં કંઈક નાખો.'

ગરમ ભોજન અને હૂંફાળી પથારી મળતાં બંને ખુશ થઈ ઊઠ્યા અને ફ્રૉર્ડનો ખૂબખૂબ આભાર માન્યો.

'આપણને બહુ કઠોર પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો, નહિ, કૅપ્ટન? પણ હવેની સફર આપણે વધુ મોટા પાયા પર અને વધુ ઊંડી કરવી છે.' જૅક હૉર્નબી કૅપ્ટન ક્રિચેલને સંબોધી બોલ્યો.

'જહન્નમમાં ગઈ સફર!' કૅપ્ટન ક્રિચેલ ભભૂકી ઊઠ્યો. 'પૈસા બધા ખલાસ થયા, મારાં કિંમતી વૈજ્ઞાનિક સાધનો એ વેરાનમાં જ રહ્યાં, અને હવે પછી મોટા પાયાની અને ઊંડે સુધીની સફરની વાત! એક પૂરા વરસની હાલાકી પછી પણ દુનિયાને બતાવી શકાય એવી કઈ ચીજ આપણે લાવ્યા?'

જહાજ 'નાસકોપી' આવી પહોંચતાં બંને પરસ્પર અબોલા સાથે જહાજમાં ચડી બેસી મૉન્ટ્રીઅલ પહોંચ્યા. વિષણ્ણ અને નિર્ભ્રાન્ત ક્રિચેલે અહીંથી જ જૅકનો સાથ છોડ્યો તે છોડ્યો.

કૅપ્ટન ક્રિચેલનો સાથ છૂટતાં જૅકને નવા સંગાથીની જરૂર પડી, અને ઉનાળો બેસતાં સુધીમાં એને એકને બદલે બે સંગાથી મળી ગયા. એક તો હતો એનો ભત્રીજો એડગર વર્નોન, જ્યારે બીજો હતો જૅકની સાહસિક સફરમાં જોડાવા માટે પોતાના શિક્ષકપદનું રાજીનામું આપી એડગર સાથે આવી પહોંચેલો હેરોલ્ડ એડેલાર્ડ.

કેટલોક સમય ફ્રૉર્ટ સ્મિથ મુકામે રોકાઈ આ ત્રિપુટી તેમની બંદૂકો અને પુરવઠા સાથે તેમની હોડીમાં સ્લેવ નદીમાં થઇને ગ્રેટ સ્લેવ લેક ભણી ઊપડી ગઈ.

એમના આ સાહસ પ્રત્યે અનુભવીઓએ માથાં ધુણાવવા માંડ્યાં. શું આ ખતરનાક સફર માટે એ યોગ્ય હતા? અને એ ત્રણમાં એક તો હજુ છોકરો જ કહી શકાય. ધારો કે માર્ગમાં જૅકને કંઈક થયું, તો બાકીના બેની શી દશા? કારીબૂના શિકાર પર મદાર બાંધી એણે એનાં ટાંચાં સાધનો ઉપરાંત ખાદ્ય સામગ્રી પણ બહુ મર્યાદિત લીધેલી. કેટલાકને તો થયું કે પોલીસ ઈન્સપેક્ટરે તેમને અટકાવવા જોઇએ, કારણ કારીબૂનાં ટોળાં અવારનવાર માર્ગ બદલતાં રહેતાં હોઇને તેમનો શિકાર મળી જ રહેવાની કોઈ ખાતરી નહોતી. રસ્તે મળેલા ઇન્ડિયનોએ પણ તેમને આ જોખમ ન ખેડવાની શિખામણ આપી, પણ જૅકે તેમને હસી કાઢ્યા.

એક આખું વરસ વીતી ગયું, પણ આ ત્રિપુટીના કોઈ જ વાવડ ન મળ્યા. હડસન બે કંપનીનો તપાસનીશ અધિકારી ફિલિપ પાછો ગ્રેટ સ્લેવ લેક તપાસ માટે આવી પહોંચ્યો. તે પોતાની કૂતરાગાડી સાથે અવારનવાર આ ત્રિપુટીના વાવડ જાણવા નીકળી પડતો, પરંતુ નિરાશા જ સાંપડતી. કોઈ ઇન્ડિયને તેમને જોયા નહોતા. પછી તો શાહી અશ્વારોહી પોલીસ દળનો ઇન્સપેક્ટર ટ્રન્ડેલ પણ આવી પહોંચ્યો. તે પણ આ ત્રિપુટીની તપાસ માટે આવ્યો હતો. ફિલિપે તેને કૂતરા-ટોળી સાથે ઊંડે સુધી તપાસ કરાવવા કહ્યું. ટ્રન્ડેલે તરત ફ્રૉર્ટ રીલાયન્સ પર પેટ્રોલિંગ માટે નીકળી પડવાનો સંદેશ મોકલી આપ્યો.

દરમિયાન જુદીજુદી અફવાઓ ચાલુ થઈ ગયેલી. કોઇક કહેતું કે તે હડસન બેમાં થઈ પાછો ઇંગ્લૅંડ ઊપડી ગયો હતો. કોઈક કહેતું કે તે બ્રિટિશ કોલંબિયા પહોંચી ત્યાં એક ફાર્મ પર વસી ગયો હતો. તો કોઈક વળી એસ્કિમો લોકોનો હવાલો આપી કહેતું કે તેમણે ત્રણ મુડદાં બરફ પર જોયેલાં. અને ખરેખર એ ત્રણેનાં મુડદાં જ હાથ લાગ્યાં. એ ઉનાળામાં સાંસ્થાનિક સંશોધકો ('ડોમિનિયન એક્સપ્લોરર્સ')ની સંસ્થાનો હૅરી વિલ્સન પોતાની ટુકડી સાથે નીકળતાં તેને એ ત્રણેના મૃત દેહો મળી આવ્યા. ત્રણેના ચહેરા પર ભૂખ અને નિરાશા લીંપાયેલી હતી. બંદૂકો જેમની તેમ પડી હતી. પણ ખાવાનું કંઈ જ નહોતું, જે દર્શાવતું હતું કે કારીબૂના શિકારની એમની આશા

ઠગારી નીવડી હતી. અનેક અભાગિયાઓની બાબતમાં બનેલું તેમ કારીબૂ ટોળાંએ તેમનો માર્ગ બદલી તેને જીવલેણ થાપ આપી હતી. કદાચ હિમઝંઝાએ તેમને માર્ગ બદલવાની ફરજ પાડી હોય. દિવસોના દિવસો, સપ્તાહોના સપ્તાહો અને મહિનાઓના મહિના સુધી તેમણે વલવલતા હૈયે કારીબૂની રાહ જોયા કરી હશે અને પછી તો શિયાળો બેસી જતાં એ આશા પણ ઓસરી ગઈ હશે.

આ બિનઅનુભવી સાહસિકોના કરુણ જીવનાંતનો ખયાલ તેમણે મૃત્યુ પૂર્વે લખેલી નોંધો અને લખી રાખેલા પત્રો પરથી મળે છે. ભૂખ અને થાકથી બીમાર પડેલા જૅક હૉર્નબીને પોતાનો અંત નજીક જણાતાં કાગળના એક ટુકડા પર પોતાનું વસિયતનામું લખી રાખેલું. ઈ. સ. ૧૯૨૭ના એપ્રિલની ૧૬મીએ તેણે છેલ્લા શ્વાસ લીધા.

તેના ભત્રીજા એડગરે વળતા દિવસે તેની રોજનીશીમાં નોંધ્યું: 'કાલે સાંજે પોણા સાત વાગ્યે હૉર્નબીએ શાંતિપૂર્વક વિદાય લીધી. હું એ ઘડી સુધી તો બરાબર હતો, પણ પછી ભાંગી પડ્યો... હું અને હેરોલ્ડ બંને ખૂબ અશક્ત થઈ ગયા છીએ, પણ અમારો એ દૃઢ નિર્ણય છે કે અમે ગમે તેમ કરીને આ વિપદા પાર કરીશું અને હું દુનિયા સમક્ષ મારી નજરે એક શ્રેષ્ઠ પુરુષના આખરી દિવસોનો અહેવાલ રજૂ કરીશ, જેણે મારા ભાવિ જીવનનો પાયો નાખ્યો છે.'

બે અઠવાડિયાં રહી હેરોલ્ડ એડેલાર્ડ પણ સૌથી નાના એવા એડગરને છોડી ચાલી નીકળ્યો. દિવસોના દિવસો સુધી તે વસંતાગમનની રાહ જોતો પોતાના મૃત સાથીઓના પડખે બેસી રહ્યો. મોતના ઓળા નીચે જીવી રહેલા એ છોકરાની હિંમત અને સહનશક્તિ ગજબની હતી. છેવટે મોતે એને પોતાની ગોદમાં લઈ લીધો ત્યાં સુધી એ આબૂક જેમ વિંઝાતી હિમઝંઝા વચ્ચે યે રોજનીશી લખતો રહ્યો હતો.

શિયાળો એટલો કપરો હતો અને અંતર એટલું બધું હતું કે વસંત બેસતાં પહેલાં ઈન્સપેક્ટર ટ્રન્ડેલ પણ પોતાના માણસોના જીવ ખતરામાં નાખવા તૈયાર નહોતો. માણસોએ ત્યાં જઇને તેમની રોજનીશીઓ અને અન્ય સામગ્રી સાચવીને સાથે લીધી, હેમાળા વેરાનના વૈરાગી જૅક હૉર્નબીને તેના બે સાથીઓ સાથે તેને પ્રિય એવા એ હિમવિસ્તારમાં જ દફનાવવામાં આવ્યા. □

અનુસંધાન] **ગોસાંઇપુરમાં સરગરમી** [પૃ. ૧૮૩થી

બીજું કોઈ મકાન હતું નહિ. કારણ, આ પેલો વાંસવનનો ટૂંકો માર્ગ હતો. પણ એકાએક એક જીર્ણ મંદિર દેખાયું. નક્કી આ જ પેલું વાગોળોવાળું બાદુડે-કાલીનું મંદિર હોવું જોઇએ. એ તરફથી કોઈ આવતું દેખાયું. એ વૈદ્ય રસિક ચક્રવર્તી હતા. અમને જોતાં જ પૂછ્યું, 'શી વાત છે મોશાય? આટલી વહેલી સવારે તમે અહીં?'

'તમને ખબર પડી નથી લાગતી.' ફેલુદાએ કહ્યું.

'શી ખબર?'

'મલ્લિક મોશાય...'

'હેં!!' વૈદ્યરાજ ચમકી ઊઠ્યા.

'તમે ડરો છો એવું નથી. મલ્લિક મોશાય તો સાજા જ છે. પણ હવેલીમાં ધાડ પડી છે ને જીવનબાબુનું ખૂન થયું છે, પણ આ ખબર મલ્લિક મોશાયને આપશો નહિ.' આટલું કહી તુરત અમે અમારી તપાસમાં આગળ વધ્યા. રસિકબાબુ પણ વ્યાકુળ થતા ગયા. અમને લાગ્યું કે ખૂની નાસી ગયો હતો.

ગયા હતા એ જ માર્ગે અમે પાછા ફર્યા. પણ અહીં તો ફરી એક નવું જ રહસ્ય ઊભું થયું. મારું મગજ હવે કામ કરતું અટકી ગયું. એ સ્વપ્ન હતું કે સત્ય? ફણસના ઝાડ પાસે ન તો લાશ પડી હતી, ન પેલો ગમછો. દૂર ગુલંચના ઝાડ પાસે લાલમોહનબાબુ થરથર કાંપતા ઊભા હતા. માંડમાંડ એ બોલી શક્યા, 'ભોલાનાથબાબુ પો...પો...પોલીસને જાણ કરવા ગયા. હું તમને ખોળવા નીકળ્યો. પાછા ફરીને જોઉં છું તો...'

'આવીને જોયું તો લાશ નહોતી?' ફેલુદાનો અવાજ ઊંચો થઈ ગયો હતો. ફરી એમણે દોટ મૂકી, પૂર્વ બાજુ તરફ. એ તરફની દીવાલ તો અખંડ હતી, પણ ઉત્તર બાજુ એમ નહોતું. ગઈ કાલે જે પેલો ખાડો જોએલો તે, અત્યારે જોયું કે એક આંબા તળે હતો અને પાછળ જરા દૂર ફાટક કહી શકાય એટલી પહોળાઈમાં દીવાલ તૂટીને ખુલ્લો માર્ગ બની ગયો હતો. ત્યાંથી બહાર નીકળતાં નજીકમાં પાણીથી છલોછલ એક નાનું તળાવડું હતું. લાલમોહનબાબુ આઘાપાછા થયા તેનો લાભ લઇને કોઇએ લાશને ખસેડીને આ તળાવમાં જ નાખી દીધી હશે. અમે પાછા ફર્યા અને પાછળનો દાદર ચડી ઉપર ગયા ત્યારે દાદીમા બૂમો પાડતાં હતાં, 'જીવન! ઓ જીવન. આ હમણાં તો આટલામાં હતો ને આટલી વારમાં ક્યાં ગયો?'

બેસેલા ગાલ, આંખે કાળાં ચશ્માં, કાપેલા ટૂંકા વાળ ને કિનાર વિનાનો ધોળો સાડલો પહેરેલાં એંશીએક વર્ષનાં દાદીમાને અમે આ તરફ આવતાં જોયાં. ફેલુદા એમની પાસે ગયા. કહે, 'જીવનબાબુ જરા બહાર ગયા છે. મારું નામ પ્રદોષ મિત્ર. તમારે શું કામ છે તે મને કહો.'

'તુ કોણ છે ભાઈ? તને તો ક્યારે ય અહીં જોયો લાગતો નથી!'

'હું બે દિવસ પહેલાં જ કલકત્તાથી અહીં આવ્યો છું. તમારે કામ હોય તે કહો.'

પણ આટલી વારમાં તો દાદીમા વાતનો દોર ભૂલી ગયાં. આમતેમ જોઈ જરા ગડમથલ કરી બોલ્યાં, 'અરેરે! શું કહેવા આવી હતી એ જ ભૂલી ગઈ. કંઈ યાદ રહેતું નથી હવે તો!'

પણ દાદીમા પાસે વધુ ન રોકાતાં અમે ત્રણેય જણ શ્યામબાબુ પાસે ગયા. વૈદ્યરાજ રસિકબાબુ શ્યામબાબુની નાડ જોતા બેઠા હતા.

'જીવન ક્યાં ગયો?' શ્યામબાબુએ મંદ સ્વરે પૂછ્યું. અસહાયતાનો ભાવ હજી યે તેઓ અનુભવી રહ્યા હતા. અમને સમજાઈ ગયું કે જીવનબાબુ વિષે રસિકબાબુએ એમને કશું કહ્યું નહોતું.

'તમે તો કહેતા હતા કે એ કલકત્તા ચાલ્યા જાય તો સારું.'

'તે એ ચાલ્યો ગયો? કેવી રીતે ગયો? પાલખીમાં?'

'પાલખીમાં તે કંઈ છેક સુધી જવાય? કાટોઆથી ટ્રેન પકડ્યા સિવાય છૂટકો નથી. અને ગાડાંમાં તો હવે આજકાલ જવું શક્ય નથી એ તો તમે જાણો જ છો.'

'તું મારી મશ્કરી કરે છે?' શ્યામબાબુના અવાજમાં કચવાટની અસર હતી.

'હું જ શા માટે?' ફેલુદાનો અવાજ હવે બદલાઈ ગયો, 'આખું ગામ કહે છે. આ તમે જે કરો છો તેથી તમને તો નહિ જ, કોઇને ય કંઈ લાભ થવાનો નથી. તમને શું થયું એ તો હવે જોયુંને? ભાલાને બદલે એકાદ બંદૂકધારી ચોકીદાર હોત તો આવું કદાચ ન બની જાત. વીજળીના ઝટકા કરતાં આ શૉક કંઈ ઓછો લાગે છે? જે જમાનો વીતી ચૂક્યો છે એને પાછો ન લાવી શકાય, મહાશય મલ્લિક.'

મને થયું કે હમણાં ભડકી ઊઠશે શ્યામબાબુ, પણ ફેલુદાએ જે સંભળાવ્યું તેના ઉત્તરમાં એક અક્ષર પણ ન ઉચ્ચારતા કેવળ એક ઊંડો નિસાસો મૂકી એ ચૂપ જ રહ્યા. (ક્રમશઃ)

ડેમોન રનિયનની વાર્તા

એક અનોખો લગ્ન-સમારંભ

ચંદ્રવદન ચી. મહેતા

જુદાંજુદાં છાપાંના બે કટાર-લેખકો હોય; દોસ્તી સુધી તો પહોંચ્યા ન હોય, પણ બંને વચ્ચે ઠીકઠીક ઓળખાણ હોય; છાપાંમાં આવતા બધા પ્રકારના ખબરઅંતરમાં બંને કલમ-બાજોને રસ હોય; વળી, રસ્તે જતાંઆવતાં બસમાં, ટ્રેનમાં ને મેળા-વડામાં એમ જ્યાં ક્યાંય કોઈ દેખાવડી પોટ્ટી પર નજર પડે ત્યારે ત્યાં નજર ટિકાવીને ટગરટગર જોઈ રહેવાની કુદરતી ટેવ હોય; અને અમેરિકાના ન્યૂ યૉર્ક શહેરમાં બ્રૉડવેના ટાઈમ્સ સ્ક્વેર ઉપર ફરતાં-ફરતાં ઘણી વાર બને છે એમ અજાણતાં તેમનામાં પ્રેમત્રિકોણ રચાઈ ગયો હોય તો એનો કેવો ઘાટ ઊતરે? પ્રેમમાં ત્રિકોણ એ ભૂમિતિનો સવાલ હોય તો તો સારું, કારણ એમાં ક્યારેક ત્રિકોણની ત્રણે બાજુ સરખી પણ હોય, પણ અહીં બ્રૉડવેમાં કોઈ બે માણસની પાંચ આંગળીઓ સરખી નથી, અંગૂઠા તો નહિ જ. એમાં હૃદયની પાંખડીઓ તો ક્યાંથી સરખી હોય? ક્યાંક પાંખડીઓ વધુ પડતી હોય, ક્યાંય જોરથી ફરફરતી હોય, ક્યાંક જરા વધુ સુકોમળ હોય, એમ વિવિધ પ્રકારના ભેદ પણ હોય. જોનારા તો જુએ, પણ જેના ઉપર નજર પડે, જરા ઠરે, અને રજનું ગજ કરી મૂકે એવા સ્વભાવવાળી એ રાન્નારી હોય તો શું થાય? કેવો ફૂટ કોયડો કે કેટલી અટપટી ગૂંચવણ? આમાં યે ત્રણમાંથી ત્રણેના મનનું કોઈ પણ પ્રકારનું સમતોલપણું ન હોય તો શું થાય? કોઈ રોજ્જી પોટ્ટી પર કોઈ નજર ફેરવે તો એમાં કંઈ મોટી બેઅદબી, નીતિનિયમોનો ભંગ તો નથી જ થતો. પણ ધારો કે પેલી પોટ્ટીના દિમાગમાં કંઈ ગરબડ થઈ જાય તો? દિલમાં થાય તો વાંધો નહિ, એનો ઉપાય તો થઈ શકે, પણ મગજ ડહોળાય તો શું થાય?

આટલા માટે કોઈ કોરટે જતું નથી. અને જાય તો નામદાર જજ પણ 'હોય-હોય' કરી કજિયો કાઢી નાખે. આવા કજિયા રોજ કોર્ટમાં દાખલ થતા રહે તો અમેરિકા તો શું, દુનિયાના કોઈ પણ દેશની કોર્ટમાં દુનિયાનો અંત આવી જાય ત્યારે યે છેડો ન આવે એટલા બધા કેસો એકઠા થઈ જાય.

બ્રૉડવે ઉપરના ગઠિયાઓની જો કોઇ યાદી બનાવે તો એનોય છેડો આવે નહિ. દેશ-દેશાવરની જાતજાતની ખોપરીઓ ત્યાં ઠરીઠામ થવા આવે, પણ ભાગ્યે જ એમાંની કોઈ ત્યાં કાયમ ટકી શકે. આવા આ ખ્યાતનામ વિસ્તારમાં અમારા વાલ્ડો વિન્ચેસ્ટર અને ડેવ ધ ડડ એ બે, છાપાંની કોલમો ભરનારા ઉસ્તાદ કલમબાજો હતા. લાગ મળે તો એકબીજાનાં ખાલ ઉતારી નાખે એવા કલમવીર તો હતા જ, ઉપરાંત, રસ્તે જતી રૂપીણી ઉપર નજર ફેરવવાની શરત માંડવામાં આવે તો કોણ કોને આંટી જાય એ અંગે તો, દરેક શરતો બાદ પણ આખરી નિર્ણય પર આવવું મુશ્કેલ થઇ પડે. પણ છતાંય બેમાંથી એક જીતે તો એ કદાચ ડેવ ધ ડડ હોય એવું બને.

વાલ્ડો વિન્ચેસ્ટર દેખાવડો, છાપામાં એ 'સવારનો સાર' લખે. એની કલમ રસાળ અને સચોટ. કહેવાનું ઓછામાં ઓછા શબ્દોમાં બરાબર કહી દે. આ એક અતિ મહત્ત્વનો ગુણ ગણાય. આ ગુણ, એ કહે છે તે પ્રમાણે, શરૂઆતના લેખનકાળમાં પોતાનું લખાણ ત્રણત્રણ વાર લખી, કાપકૂપ કરી, સોગંદપૂર્વક એને અરધોઅરધ બનાવી જાત-મહેનત અને સારકબુદ્ધિથી એણે સંપાદિત કર્યો હતો. ખરેખર એમ કર્યું હોય તો એણે ઘણું કર્યું કહેવાય. આજે તો મુદ્દાસર વાત જ કોણ કરે છે? એના લખાણના વિષયો પણ અનેક. વિવિધ નાઇટક્લબોનાં ચોકઠાં, એમાંના ભાતભાતના અડ્ડા, છાશવારે તેમાં થતા ઝઘડા, વગેરેનાં વર્ણન કરતાં એ અત્યંત નજાકતથી શબ્દોને મમળાવી ચૂંટીને તેને ઘાટ આપે. કોણ કોની પાછળ અટેદડે છે, એમ કોઇની પાછળ ભમતાં ક્યાંક કઈ રીતે રવડે છે, કે અડવડિયાં ખાઇ કોણ લબડે છે વગેરે બધી અતિ નાજુક, પણ ઘણાંની જિંદગીમાં આપોઆપ ઊભરતી પ્રવૃત્તિને અત્યંત કાળજીપૂર્વક ચીપીચાળીને, અલંકારશાસ્ત્રમાં જાણીતા 'ધ્વનિ'નો આશરો લઇને એ આલેખે. એની કલમનો આ કસબ એવો કે જેને રસ પડે તેને ઓછામાંઓછું બે વાર તો વાંચવું જ પડે. અને વધારે વાર વાંચે તો જુદાજુદા અર્થ નીકળે.

આ પ્રવૃત્તિમાં ભયસ્થાનો પણ ખરાં. વ્યક્તિ પરણેલી હોય, અને એના વિશે વાલ્ડોથી કલમની ટશરોમાં ક્યાંક ઇશારા સૂચવાઇ જાય તો જરા જોખમ પણ ઊભું થાય. વાત એમ છે કે, આવા કટાર-લેખકો દરેકને સામે જઇને એ પરણેલા છે કે કુંવારા એ જાણવા લગ્નનાં સર્ટિફિકેટો તો જોવા ન જ માગી શકે. સમાજક્ષેત્રમાં આ એક મહત્ત્વની ને અગત્યની ખામી તો છે જ, પણ એ દૂર કરવા હજી સુધી કોઇ સબ સલામત નુસખો કે યોજના શોધાયાં નથી ત્યાં સુધી પુરુષ કે સ્ત્રી પરણેલાં છે કે કુંવારાં, કે પરણવા જેવાં છે, કે પરણવાની તૈયારીમાં છે વગેરે વિષે પૂર્ણ ખાતરી મેળવવી મુશ્કેલ છે. જો કે અંતે વિજ્ઞાન એ પણ નક્કી કરી આપશે, ને ત્યારે એને ઇનામ આપવા નૉબેલના ફંડ-માંથી અલગ રકમ પણ મંજૂર થઇને પડી રહી હશે તે કામમાં લેવાશે. પણ એ તો થાય ત્યારે, દરમિયાન મૂળ વાત પર આવીએ.

આપણે આ વાલ્ડો વિન્ચેસ્ટર એક મિસ બિલી પેરીને ઓળખે છે. આ બિલી પેરી આપણા બીજા કટાર-લેખક ડેવ ધ ડડની સખી, એટલે કે ગર્લફ્રેન્ડ છે. શરૂશરૂમાં જે સખી-મિત્ર તરીકે ઓળખાય, જતે દહાડે ઘરોબો વધતાં એ ખાસ મિત્ર કહેવાય, કાળાંતરે વિવાહ-લગનનું ચોકઠું ગોઠવાય–અથવા ક્યારેક આવી ઓળખાણની વિકાસધારા ઘડીના છઠ્ઠા ભાગમાં વિલાઇ પણ જાય – એવી મૈત્રી જેની સાથે થાય તે આ છે.

હવે વાલ્ડો વિન્ચેસ્ટર પણ ઉપર જણાવ્યા તે ગર્લફ્રેન્ડની મૈત્રીના નીતિનિયમો પ્રમાણે મિસ બિલી પેરીની દોસ્તીમાં આગળ વધવા લાગ્યો. સામા પક્ષે પણ કંઇક આવું જ બનતું ગયું. બંને જણ પોત-પોતાની પરિસ્થિતિનું ભાન ભૂલી જવા જેવી સ્થિતિ ઊભી કરી બેઠાં. પણ ઘટના એવી બની કે વાલ્ડોને ખબર નહોતી કે મિસ બિલી ડેવ ધ ડડની ખાસ સખી-મિત્ર છે. જાણતો હોત તો તો એ બિલી તરફ એકાદ વાર મીટ માંડી નજર પાછી વાળી લેત. પણ એણે એક વાર, ફરી વાર ને પછી ત્રીજી વાર બિલી તરફ નજર માંડી. સહાનુભૂતિ-સંજોગે બિલી-એ પણ અધકચરા સ્મિત સાથે એટલી જ વાર નજરુંની આપ-લે કરી – મતલબ કે, વાલ્ડોની આંખ સાથે આંખ મિલાવી. બંનેની આંખોએ સહકારની ભાવના ખીલવી દીધી.

વાલ્ડો આપણો એવો કે જો એને કોઇની આંખને ખૂણેથી યે સહકાર સાંપડી જાય તો એ પેલી કોની બેન, દીકરી કે સખી-મિત્ર છે તેની જરાય પરવા રાખ્યા વિના ઝુકાવી દે તેવો માટીડો. અને એમ કરવામાં મને તો એનો કશો દોષ દેખાતો નથી. કારણ કે સામાન્ય માણસ એક વાર જો બિલીને જુએ તો એને ફરીને જોવાનું જરૂર મન થાય. એમાંય જો બિલીબાઇ મિસ માર્ટિનની સોલા નંબરની ટૅપ-ડાન્સની ક્લબ-માંથી અમસ્થી યે જરા સજીધજીને નીકળે તો રોમ કે બનારસના પાદરી-સાધુઓને પણ એનો ચહેરો જોવાનું ઓછામાં ઓછું ત્રણ વાર

તો મન થાય, થાય ને થાય જ. અને ડેવ એવો કે એવી સ્ત્રી જો મિત્ર હોય તો, એ કુદરતી રીતે હોય એના કરતાં ય એને એ વધારે ખૂબસૂરત લાગે જ. લાગે જ નહિ, એ એવું જ માનતો થઇ જાય. એટલે એક વાર બિલીને જોયા પછી કોઇ પણ વ્યવસ્થિત માનવીને ડેવ અંગે પણ નવાઇ નહિ લાગવી જોઇએ.

આમ, બિલી વિષે ડેવ ધ ડડના દિલદિમાગની આવી અવસ્થા. આના કારણે એ શિયાળામાં ગળે લપટવા ગલપટો, પ્રસંગોપાત્ત હીરાની વીંટી, ક્યારેક કંઇક તો ક્યારેક કંઇક એમ અવારનવાર બિલીને ભેટ-સોગાદ મોકલે. પણ બિલી એવી કોઇ ભેટ સ્વીકારતી નથી. વિનય-વિવેક સાથે એ સાભાર પાછી જ મોકલાવી દે છે. આનું કારણ હજી સુધી કોઇ કળી શક્યું નથી. પણ એના સિદ્ધાંતોનું સંગીન કારણ હોવું જોઇએ, એમ તો સૌ કોઈ માને જ માને. કેમ કે કોઈ ખૂબસુરત કુમારિકા અણમૂલી કે મહામૂલી ભેટ ન સ્વીકારે ત્યારે તેનું કોઈ સંગીન કારણ તો હોવું જ જોઇએ; અથવા એ કોઈ મહાન યોગી પાસેથી દૃઢ મનોબળ પામીને પોતાના અંતરમાં દૈવી પ્રકારનાં અલૌકિક કિરણોનાં વરદાન થકી એ જીવતી હોય. આવીઆવી કલ્પના દોડાવવા બ્રૉડવે ઉપર તકલાદી યોગીઓની ખોટ રહેતી નથી.

હવે વચ્ચે કોઈ અવળચંડી ઘડીનો એવો ગાળો આવી ગયો કે આપણા ડડને ધંધા-રોજગાર માટે, એટલે કે છાપાંનાં લખાણો ઉપરાંત નાનોમોટો ઇતર વ્યવસાય પણ આ પ્રકારના ઈસમો અવારનવાર કરતા જ હોય છે તેમ, ડડને કોઈ સોદા અંગે એના કોઈ ભાગીદાર, મતલબ બિઝનેસ પાર્ટનર સાથે ક્યાંક બહામા-બરમ્યુડા તરફ જવાનું થયું. ત્યાંથી એ અને પાર્ટનર કોઈ ખાસ બનાવટ, એટલે કે બ્રાન્ડના ફિરાંસીઆ શૅમ્પેઈન કે પછી સ્કૉટલૅન્ડની છાપવાળા સ્કૉચના બાટલાનો વેપલો કરે. અને આ એના માટે થોડાં અઠવાડિયાં પાર્ટનરની સાથે ડેવ ધ ડડ અમેરિકાની ભૂમિ છોડી બહાર ગયેલો. અને આ દરમિયાન વાલ્ડો અને મિસ બિલી પેરી પેલી મિસ માર્ટિનની ટૅપ-ડાન્સિંગની ક્લબમાં વચગાળે નવરાં પડે ત્યારે જરા આરામ લેવા બેસતાં અને ત્યારે બંને જણ એકબીજાની હથેળીઓને આંગળાંથી જોડીને ઘડીભર ગરમાવતાં રહેતાં.

અલબત્ત, આ વિકાસશીલ ઘટનાની થોડાક જણને ખબર પડી હતી, પણ ડેવ ધ ડડના કાન સુધી એ પહોંચે નહિ તેનું તેઓ ધ્યાન રાખતાં. કારણ તેઓને દહેશત હતી કે જો ડડને આની ખબર પડે તો કાં તો વાલ્ડોનું ખોપરું ફાટીને તેમાંથી તેનું ભેજું બહાર ઢળી પડે, યા તો ડડનું કનોરું ફૂટીને લોહીની ધારાઓ વહે. આવી બાબતોમાં યે શરત મારનારા હોડ બકતા કે વાલ્ડોનું ખોપરું ફાટે તો તેમાંથી કંઈ જ નીકળે નહિ. કારણ કે જો તેમાં ભેજાનો થોડોય માવો-મસાલો હોય તો એ ડડની પોટ્ટી સાથે પોતાનો વખત બગાડતો રહે નહિ.

સૌ કોઈ જાણે કે ડેવ ધ ડડ બિલીબાઈ પાછળ ભારે ઘેલો હતો. કારણ એ ભલે ગમે તેવો ભારાડી હોય, પણ મિસ બિલી પેરીની હાજરીમાં એનું વર્તન વિનયવિવેકથી ભરેલું તથા સંયમની ઠાવકાઈથી ઠરેલું રહેતું એ આ સૌ પોતાની સગી આંખોએ જોતા રહેલા. આથી ડડની આસપાસના વર્તુળમાં, મિસ બિલી પેરી સાથેના તેના સંબંધની મીઠાશ અંગે કોઈ શંકા રહી ન હતી.

પરંતુ એક બાજુ આ સંબંધ વિષે ઘોર અજ્ઞાન અને બીજી બાજુ પોતાની લસરતી મનોહરાથી પ્રેરાઈ વાલ્ડો તો મિસ બિલીને મળ્યા કરે છે. મળે ત્યારે હાથમાં હાથ ભિડાવી કે આંગળાંમાં આંગળાં પરોવી તેની હૂંફ માણે છે. ક્યારેક હોઠના બુચકારા યે બોલાવે છે.

આમ જ એક દિવસ આ બંને પારેવાં ટૅપ-ડાન્સિંગ ક્લબમાં ગુટરગુ કરતાં બેઠાં છે. આસપાસની દુનિયાને ભૂલી બંને એકબીજામાં લીન છે, ત્યાં બહામા-બરમ્યુડાનો સોદો વહેલો પતી ગયો હશે તે અચાનક ડેવ ધ ડડ એકાએક વહેલો પાછો ફરે છે અને ટૅપ-ક્લબમાં પોતાની ગર્લફ્રેન્ડને મળવા દોડી આવે છે. દૂરથી જ એ આપણાં પ્રેમીપંખીડાંને આનંદ-સમાધિમાં ડૂબેલાં જુએ છે, અને એની ખોપરીમાં આગ ભડકી ઊઠે છે. પોતાના લાખોના માલથી ભરેલું વહાણ ખડક સાથે અથડાઈ પડતું જોતાં કોઈના મોંમાંથી જે ચીસ પડે તેવી ચિચિયારી નાખતાં ડેવ ધ ડડે એકસાથે બે કાર્ય સાધ્યાં. એક તો આ બે કબૂતરોને ભય અને આશ્ચર્યથી ફફડાવી નાખ્યાં અને બીજું તેનો હાથ, ભલભલાના કોઠાકનોરાના ભૂકા ઉડાડી દે તેવી તેની નાળનલિકાને બહાર કાઢવા પોતાના કોટનું ડાબું ગજવું ફંફોસવા માંડયો. પણ વાલ્ડો એટલો નસીબદાર કે ડડના ખિસ્સામાં ત્યારે કરાળકાલિકા હતી નહિ. છતાં બીજી જ ક્ષણે ગજવામાં જ વળી ગએલી મુઠ્ઠી સાથે તેનો હાથ બહાર આવીને વાલ્ડોના કોઠમડા ઉપર ઘણની જેમ ઝીંકાયો, અને વાલ્ડો ધોળે દિવસે તારા જોતો આંખો ફાડી ચટ્ટોપાટ ધરતી ઉપર ઢળી પડ્યો.

હવે આવા કિસ્સામાં નિયમ તો એવો છે કે ડેવ ધ ડડે પેલાને ભોંય પર પટક્યા બાદ તેના પેટ કે પીઠ ઉપર, જેવી પરિસ્થિતિ તે પ્રમાણે એકાદ-બે લાતો ઝૂડવી જોઇએ, પણ ડેવે પોતાનો વિચાર બદલ્યો અને તુરત જ પીઠ ફેરવી એ ટૅપ-ક્લબની બહાર નીકળી ગયો. જતાં જતાં એણે બિલી પેરીને જે બોલતી સાંભળી તેના શબ્દો કદાચ આ નહિ હોય, પણ તેનો અર્થ આવો જ કંઇક હતો કે, 'શરમ છે એને... વાલ્ડોને હું વધારે ચાહું છું, ડડ તો નર્યો ગુંડો જ છે. વાલ્ડો ખરેખર પ્રણયખેલનો જાણકાર છે...' આ મતલબનું સાંભળેલું તે એના મગજમાં વારંવાર ઘુમરાવા માંડતાં એ નજીકના એક બીજા રેસ્ટરાંમાં પેઠો અને ત્યાં એણે ઝપાટાબંધ વ્હિસ્કીના પૅગ પર પૅગ ગટગટાવવા માંડ્યા.

આ બાજુ બિલી પેરીએ ભોંય પર પડેલા વાલ્ડોને ટેકો દઇ બેઠો કર્યો, પંપાળ્યો, એની કાયા ઉપર ઊપસી આવેલી આકારરેખાને બારીકીથી તપાસી ને બેપાંચ મીઠા બોલ બોલી તેને પટાવ્યો. પછી પોતાનો વારો આવતો હોઇ તે ટૅપડાન્સ કરવા ગઇ, અને એ પૂરો થતાં ફરી વાલ્ડો પાસે પાછી ફરીને પીઠ ઉપર હાથ ફેરવતી વાલ્ડોને હુલાવવા લાગી.

હવે, આ ટૅપડાન્સિંગ ક્લબવાળી મિસ માર્ટિન તે ડેવ ધ ડડની ઓળખીતી. એણે તો ભરીભરીને બિલીને સંભળાવ્યું, 'તું જોજે હવે, તારું આવી જ બન્યું જાણ. ડેવની કલમ જોજે, છાપાંમાં એ તને છોલીફોલી ઉશેટી નાખશે. એને આવું બધું લખતાં આવડે જ છે.'

સામે બિલીએ પણ સંભળાવ્યું, 'જા, જા. મારો વાલ્ડો યે કંઈ એનાથી કંઇ કમ નથી. ડેવ લખે તો ખરો, વાલ્ડો એનાં ભાતરાંફોતરાં ઉતારી નાખશે. અરે, એની બોલતી બંધ કરી દેશે, એની ફીફડી ફુસ કરી નાખશે.'

આમ, મિસ માર્ટિન અને બિલી પેરી વચ્ચે બે-ત્રણ દિવસ જે સંવાદ ચાલતો રહ્યો એમાંથી માત્ર ચુનંદાં વાક્યો જ આપણે એકઠાં કરીએ તો યે ભલભલી મોટી નૉવેલનાં ત્રણચાર લાંબાં પ્રકરણો થઇ જાય, આખો શબ્દકોશ ફંફોળીએ તો પણ એ સંવાદના શબ્દોના અર્થ બેસારવા અઘરા પડે. ફીફડી ફુસ, ચીમટીની ચોટ, પાંસળાંનું ફડફડિયું, લખાવટની તીરી, ચીંથરીચીરાં વગેરે એવા તીખા તમતમતા ને ઝેર જેવા કાતીલ શબ્દસમૂહોના ખરા અર્થ બેસારવા તો ઇંગ્લૅન્ડના ડૉ. જૉન્સન કે પેલા મિ. વેબસ્ટરને એમની ચિર નિદ્રામાંથી જગાડીને પૂછીએ તોય એના અર્થ ન બેસે.

આવા કિસ્સાઓમાં બની ગએલી ઘટના વિષે આમતેમ ઓટજુવાળ આવે, પણ પછી મોટે ભાગે વાત થાળે પડે, જતે દહાડે ભુલાઈ જાય અને પછી કંઈ નહિ, એવું મારા મનમાં થઈ રહ્યું હતું. ત્યાં એક વાર મને મિસ માર્ટિન મળી ગઈ. કહે, 'અરે જરા થોભો, આ તો ડેવ

ધ ડક છે. તમે બધા ભલે એને ડક કહો, પણ દોઢ મહિનો થવા છતાં છાપાંમાં આમ કે તેમ કંઈ ટીકાટોર, નિંદાકટાર કે ઊથલપાથલનો એણે એક હરફ નથી લખ્યો એનો અર્થ એવો ન માનતા કે ડેવ ધ ડકે વાત વિસારે પાડી છે. ઘણી વખત ધરતીના ગર્ભમાં તેમ મગજના છાલિયાંમાં કે હૃદયની કુંડીમાં, જેમ દરિયામાં આડાઅવળા ગલ્ફ સ્ટ્રીમ ઘૂમે છે તેમ ધગધગતા લાવારસવાળો પણ વહેતા હોય છે!'

મિસ માર્ટિનના મનની વાત તો કોણ જાણે, પણ મને થયું કે હવે એણે ડેવના જિગરનો કબજો લેવા કદાચ ઝોલ મારવા માંડી હોય, પણ મારે શી લેવાદેવા? આ જિગરના ખેલ એના ખેલનારાં જાણે. એના આટાપાટાની આંટીઘૂંટીની ચિંતા સામેનું રમનાર કરે.

હું તો પછી એ ઘટના લગભગ ભૂલી યે ગયો અને કિસ્સો પતી જઈ પરદો પડી ગયો એવું માનવા લાગ્યો. ત્યાં એક દિવસ અમારો જૂનો જોગી જહૉની મૅકગોવન હાંફતોહાંફતો ઊંચે શ્વાસે મારી પાસે દોડી આવ્યો, અને પોતાના જીવતર માટે શ્વાસમાં પૂરતો ઑક્સિજન પણ લીધા વિના કહે, 'રનિયન! ચાલો, તૈયાર થઈ જાઓ. સાંભળો, આપણા દોસ્ત ડેવ ધ ડકે કંઈક વેતર્યું છે. પોતાની મોટી કાર એણે વાલ્ડોને લેવા મોકલી છે, અને કહેવરાવ્યું છે કે બિલી પેરી એને તુરત મળવા માગે છે. આમ કહેવરાવનાર છે મિસ માર્ટિન. બધું જૂઠ્ઠું, પણ વાલ્ડોએ એ ખરું માની લીધું અને મોટરમાં બેસી ગયો. નીચે ડેવ ઊભો હતો, એ યે તુરત ગાડીમાં બેસી ગયો, અને જો વૉપે ગાડી ઉપાડી. તમે તો જાણો છો કે ડેવ ધ ડક આમ કોઈને શહેર બહાર હવાખાવા લઈ જાય ત્યારે ત્રણમાંથી એક દાખલામાં જેને એ લઈ ગયો હોય તે પછી પૃથ્વીના પટ ઉપર ક્યાંયથી યે ફરી મળવો મુશ્કેલ. જો વૉપ તો મૂંગો ને બહેરો એટલે એની પાસેથી તો કંઈ તાગ મળે જ નહિ. હવે તમે જ કહો આ કોયડાનું શું સમજવું, વાલ્ડોનું મોત કે ડકનું મોત?'

એક સામટું આટલું બધું બોલતાં અંતે એના ફેફસાંમાં હવા ખૂટી એટલે હવે એને શ્વાસ લેવા થંભવું જ પડ્યું. પછી મને તૈયાર થવાનું કહી એ બહાર ગયો. પહેલાં તો મને પણ વિમાસણ થઈ. આ સમાચાર કંઈ તંદુરસ્ત નથી. જહૉની કહે છે તેમ ડેવ શું કરે કે શું કરી બેસે. એક સરસ અંગ્રેજી શબ્દ છે–અનપ્રીડિક્ટેબલ. સો કલ્પના કરો તો યે એમાંની એકેય ખરી ન પડે એવા કોઠાનો ડેવ, એટલે મારી મૂંઝવણ સકારણ હતી.

આમ તો આ બધા જ મિત્રો. બ્રૉડવેના મિન્ડી રેસ્ટરાંમાં બધા ભેળા થાય. પણ દરેકની ખોપરી અનોખી. એના સરવાળા–બાદબાકી કરતાં જણાયું કે, વાલ્ડો ગયો કેમ? તો કે' મિસ માર્ટિને તેડી લાવવા ગાડી મોકલી અને બિલીને મળવાનું હતું એટલે. પછી એણે ડેવ ધ ડકને જોઈ પૂછતાછ કેમ ન કરી? તો કે' કે મૅન ટુ મૅન મરદાનગી, અને બનવા જોગ છે કે ડેવે એને પોતાની રિવૉલ્વર બતાવી પણ હોય. તો પછી શું થાય? બંને દૂર કોઈ સ્થળે જઈ અદાવતનો હિસાબ પતાવી કે ને શૉફર જો વૉપ બેમાંથી એકને જીવતો પાછો લઈ આવે.

મનમાં હું આવાઆવા વિચાર કરું છું ત્યાં તો જહૉની મૅકગોવન પાછો આવ્યો. બહાર જઈ દસપંદર ટેલિફોનો ખખડાવી, છાપખાનાંઓમાં ને બે-પાંચ રેસ્ટરાંમાં ચક્કર લગાવી પાછો આવી ગયો. અને આવતાં જ એની જીભનો ફિરકો ચાલુ થઈ ગયો. એની ભાષા એકદમ તો સમજવી અઘરી પડે, પણ મેં પ્રયત્ન કરી તેનો અર્થ બેસાર્યો કે એ મને એ જ ઘડીએ પોતાની સાથે લઈ જવા માગતો હતો. કહે, 'અરે, બ્રૉડવે સળગી ઊઠ્યું છે. સમાચાર પર સમાચાર, અટકળો, કલ્પનાના ઘોડાઓ, પોલીસના અફસરોની આવનજાવન, વંટોળિયા જેમ બધું ફેલાઈ રહ્યું છે.'

મેં પૂછ્યું : 'બેમાંથી કોની લાશ પડી?' તો કહે, 'કોઈની નથી પડી. હવે પડશે, આપણી હાજરીમાં.' એટલે મેં કહ્યું કે આપણે ત્યાં હાજર નથી રહેવું. આ સાંભળી એ તો ભારે ઉશ્કેરાઈને કહે: 'અરે, ચાલો તો ખરા. આમ તો સંભળાય છે કે ખાણીપીણીની વ્યવસ્થા છે, અને આપણને પણ મોટાનાં નોતરાં છે. કોઈ 'વૂડકૉક ઈન' છે, ત્યાં પેલહામ રોડને નાકે, તે ઠેકાણે બધો સમારંભ ગોઠવાયો છે. પોલીસ પણ એ બાજુ દોડી રહી છે.'

'વૂડકૉક ઈન તો આપણા બિગનિક સ્કોલ્સ્કીની ને? એ તો બહુ અચ્છો માણસ છે. એ પોતાને ત્યાં નાહકની ધમાલ ઊભી થવા ન દે. મને એ જગ્યાની ખબર છે, ન્યૂ યૉર્કથી એ જરા દૂર છે. ચાલો.'

મારતી મોટરે અમે પોણા કલાકે ત્યાં પહોંચ્યા. ઓ હો હો! રેસ્ટરાંની બહાર જ ડેવ ધ ડક બધાંને હોંશથી 'આવો આવો' કહી સત્કારે છે. બ્રૉડવેના બધા જ ગઠિયા, ઓળખીતાઓની ઠઠ જામી છે. પેલી રહી મિસ માર્ટિન – ટૅપ કલબની માલકણ, પણે ગુડટાઈમ ચાર્લી, પેલો સપાટ પગીઓ સામ, ટૉની બરટામોલા, બધા ખ્યાતનામ ચહેરા દેખાય છે. વૂડકૉક ઈનનો માલિક બિગનિક જાતે ટેબલો ઉપર દેખરેખ રાખી બધી વ્યવસ્થા સંભાળે છે. અને પોટ્ટીઓની આ લંઘાર! ભેટમાં મળેલાં હીરામોતી જે કંઈ પાસે હશે તે બધાં કાને ને ગળે લટકાવીને આમતેમ મ્હાલી રહી છે ને પીણાં પીએ છે. અરે, બિલી પેરી પણ છે! અને વાલ્ડો વિન્ચેસ્ટર પણ. આ બધો મેળો–શંભુમેળો જોતાં મારું મગજ કામ કરવા ના પાડે છે, એટલે હું તો ડેવ ધ ડકનો હાથ પકડી તેને જરા બાજુ પર લઈ જઈ પૂછું છું, 'ડક, આ બધું શું છે? જહૉની મને લેવા આવ્યો ત્યારે ધારેલું કે તું અહીં કંઈ નવું ધાંગાણું...'

પણ ધાંગાણું શબ્દ તો મારા મોંમાંથી પૂરો બહાર પડ્યો યે નહિ ત્યાં તો ડક ઉત્તેજિત થઈ કહે છે: 'રનિયન, તમે આવ્યા એ બહુ સારું થયું. આ તો વેડિંગ-પાર્ટી છે. લગન, શુભ લગન! અરે, તમે અગાઉ કદી નહિ માણ્યાં હોય એવાં લગન. દોસ્ત! આ તો લગનનો માંડવો છે. બસ, હવે પ્રીચર આવી જાય એટલે ચાલુ. અમે એની જ રાહ જોઈએ છીએ.'

'પ્રીચર?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

'હા, હા, પ્રીચર. પેલા ધર્મપુસ્તકમાંથી સોગંદ લેવરાવે તે. તમે એને શું કહો છો? પાદરી! એને લેવા મોટર મોકલી છે, હવે થોડી વારમાં આવવા જ જોઈએ.'

'પણ પરણે છે કોણ?'

'અરે, રનિયન! કેવા સવાલો પૂછો છો! બિલી પેરી જ તો વળી. થયું એવું કે કાલે રાતે એ મને મળી. વાલ્ડો સાથે પરણવા એ ઉત્સુક છે, પણ વાલ્ડો તૈયાર થતો નો'તો. કહે, લગનનો ખરચ કરવા મારી પાસે દોકડોય નથી, એકેય સેન્ટ નથી. મને એ બહાનું જ લાગ્યું. એટલે ટૂંકમાં મારા મનમાં કે થઈ જાય. તરત મેં આ સમારંભ ગોઠવી દીધો, આપણા ખરચે. હોય, એમાં શું? બિલી પોટ્ટી માટે એટલેય ખરચ આપણે ન કરીએ તો કોણ કરે? આપણે ઉદારતા બતાવવી જ જોઈએ. આમ, મારા મનમાં નક્કી કરીને મિસ માર્ટિન દ્વારા કહેવરાવીને અને જાતે જઈને વાલ્ડોને અહીં પકડી લાવ્યો. અટાણે બંનેનો હસ્તમેળાપ કરાવી દઈએ. બોલો, તમે કંઈ ભેટ લાવ્યા છો? અરે હા, તમને તો ખબર જ ક્યાં હતી? ડોન્ટ વરી, જાઓ, પેલા ટેબલ પર, અને જે ગમે તે નિરાંતે પીઓ. અને વાલ્ડોનેય અભિનંદન આપો. ઊપડો. વાલ્ડોને યે મનમાં થાય કે એને સરપ્રાઇઝ આપવાવાળા મિત્રહરીફો પણ છે. આ એના વેડિંગની પાર્ટી યે આઠ જ કલાકમાં ઊભી કરી દીધી. આવો રેકૉર્ડ તો આ મારો જ હશે. આ આપણો બિગનિક,

એણે જાતે રસ લઇને ટેબલો સજાવી દીધાં છે. માણો, ઊજવો, ખાઓ-પીઓ. થઇ જાય, રાજ્જા! બિલી પેરી અને વાલ્ડોના લગનની ઉજવણી.' પછી બીજી તરફ કંઈ હલચલ થતી જોઈ બોલ્યો, 'લો, આ પાદરી સાહેબ પધાર્યા. હવે ચાલો. તમે રનિયન, વાલ્ડોના બેસ્ટમૅન તરીકે ઊભા રહો...'

આમ બોલતો ડડ તો પાદરીસાહેબને સત્કારવા ઊપડ્યો, અને હું જાણું છું ત્યાં સુધી મારી જાણકારી, અને લગ્ન સંબંધી રાજ્યના કાયદાકાનૂનના જ્ઞાનને લઇને મારું મગજ વિચારોના વમળમાં ગોડમડાં ખાવા લાગ્યું છે. એટલામાં મારો મૅકગોવન આવી ચડે છે. હાથ પકડી મને એક ખૂણામાં ત્યાંનો બધો રંગરાગ જોવા ઊભો કરી દે છે, ને પછી મારા કાનમાં કહે છે, 'ડેવ ધ ડડે આ બધું ઝપાટામાં ગોઠવી દીધું એ વાત સાચી, પણ અહીં વાલ્ડો અને બિલીનાં લગ્ન થવાનાં છે એ વાત એણે અબઘડી સુધી વાલ્ડોથી છુપાવી રાખી છે એ એની ગજબની ઉસ્તાદી છે.'

અમે વાલ્ડો તરફ ફંટાયા. એનો ચહેરો જુઓ તો તેના ઉપર ક્રોધ, ઉદ્વેગ, ચિંતા, મંથન, સંતાપ, પશ્ચાત્તાપ કે ઉન્માદ એવા ભાવોની સમગ્ર રેખાઓમાંથી એક પણ રેખા જોવા જાણવા ન મળે. પથ્થરમાંથી તાજું જ કોતરેલું કે કાંસાનું તાજું જ ઢાળેલું હોય એવા એ મુખ આગળથી ઉમંગ આનંદ ઉત્સાહ કે એવા બધાની સુરખીની રેખા સોસો જોજન દૂર ગઈ હોય એવું લાગે. હું તો મનમાં બધો ઘાટ પામી ગયો, પણ એનો જીવ બહેલાવવા પાસે જઇને બે બોલ કહું એમ થયું, પણ એ પગલું મને જોખમ ભરેલું લાગ્યું. છતાં મિન્ડીના રેસ્ટરાંની દોસ્તી યાદ આવી. આખરે હિંમત એકઠી કરી એની પાસે ગયો. હાથ લંબાવતાં કહ્યું, 'અભિનંદન! પણ અત્યારથી આટલું કટાણું મોં કરે છે, તો પરણ્યા પછી તો...'

'તમે પણ, રનિયન! હું કબ્રસ્તાનમાં ઊભો છું ત્યાં...'

પણ લાંબી વાતની ટૂંકી વાત... મંડપની બહાર ભોંભોં કરતી એક મોટર આવી ચડે છે. એની હાંકનારીને પોલીસ કહેવા જાય કે અહીં લગનનું સંગીત હોય, હૉર્નિંગ નહિ, ત્યાં તો મોટરનો દરવાજો ખોલી ત્રણ–સાડાત્રણ મણની, સશક્ત, આખા શરીરમાં વીજળી દોડતી હોય તેવી એક કાયા બહાર આવે છે. આ બાજુ બિલી પેરીનો હાથ પકડી પાદરીસાહેબ રંગમંચ ઉપર પ્રવેશે છે, તો સામેથી બેત્રણ લઠ્ઠ-પઠ્ઠ મિત્રો વાલ્ડોને લઇને આવે છે. પેલી બિલી પેરી વાલ્ડોનો હાથ પકડી આવી ઘડીમાં જે કંઈ થતું હોય તે કરવા તલસી રહી છે. આ જ વખતે મોટરમાંથી અવતરેલી પેલી મલખમિયા બાઈ–કોઇને આમ તો કોઇને તેમ હડસેલી પોતાનો માર્ગ કરતી, અને એણે કરેલા માર્ગમાં પાછળ દોડી આવતા પોલીસના બે અફસરો સાથે આવી ચઢે છે, અને રંગમંચ ઉપરનો આખો જ સીન પલટાઈ જાય છે. આવતાં જ એ બાઈ ત્રાડ પાડી પૂછે છે: 'આ તમારા ટોળામાં ડેવ ધ ડડલો કોણ મૂઓ છે? ક્યાં છે એ ડેવલો?'

પહેલવાન મલ્લ જેવી બાઈની ત્રાડ સાંભળી ડેવ આગળ આવીને છાતી તરફ આંગળી ચીંધી પોતાની જાતને ઓળખાવે છે, એવી જ આ ઍથલેટિયા પહેલવાન ઊછળીને જાહેર કરે છે:

'હું લીલા સપોલા. મારું નામ ન સાંભળ્યું હોય તો જાણી લો. ઈસ્ટ કોસ્ટમાં નારી દંગલ એટલે કે સ્ત્રીઓની કુસ્તી, અને એવી બીજી ઘણી રમતોમાં અનેક ચાંદ જીતનારી. મિ. ડેવ, મારા હાથની આ વાનગી પહેલાં તો તમે જ ચાખી લો.' અને આટલું કહેતાંમાં તો ડેવ ધ ડડના રસાળ પેટમાં એણે એક અધમણિઓ ગુમ્બો ફટકારી દીધો. 'મારા આ કાયદેસરના વર વાલ્ડોને ઉપાડી લાવી આ મગતરી સાથે પરણાવી દેવાનાં કાવતરાં કરો છો? તમારા આ પેંતરા માટે પ્રથમ તો હું તમને પોલીસને સોંપી તમારા પર કાયદેસર કામ ચલાવવા માગું છું, સમજ્યા?' અને પછી ચોપાસ નજર ફેરવતાં કહે, 'ક્યાં છે મારો વાલ્ડો?' અને વાલ્ડો પર નજર પડતાં, 'ઓહો! વરલાડા, તમે અહીં છો?' કહેતી વાલ્ડો તરફ ધસી ગઈ અને બંને બાવડેથી ઊંચકી એણે જાણે રૂનો કોથળો હોય તેમ એક ઝાટકે પોતાની ખાંધ ઉપર અરધો લટકાવી, જેટલી ઝડપથી આવી હતી તેથી બેવડી ઝડપે મંડપની બહાર નીકળી જઈ, ત્યાં ખડી કરેલી ગાડીમાં એને ઝીંકી દીધો અને પોતે સ્ટીઅરિંગ વ્હીલની પાછળ ગોઠવાઈ જઇને ફરી હૉર્નની રમઝટ બોલાવતી, ગાડીને બૅક કરી ઘડીના છઠ્ઠા ભાગમાં સુસવાટાભેર ઊપડી ગઈ.

આ બાજુ એકઠું થએલું સાજન-માજન તો હજી અચંબામાં સ્તબ્ધ હતું. મારા જેવા બે-પાંચ જેઓ જાણતા હતા કે વાલ્ડો પરણેલો છે, એમણે જરા શ્વાસ ખાધો. ભોંય પર પડેલા ડેવને એક હાથે પેટ દબાવતો ને બીજા હાથને ગજવામાંથી પિસ્તોલ ખેંચવા લંબાવતો જોઇ બે-ચાર જણ એને ઘેરી વળ્યા. ટેકો આપી એને ઊભો કરી સમાલી લીધો. એની તબિયતના હાલ પૂછવા સાથે અમે એને ટાઢો પાડવા મથામણ કરવા લાગ્યા.

પણ હજી આ ધમસાણથી હબક ખાઈ ગએલી વહુરાણીના હૈયામાં પ્રકટેલી હોળી ઠારવાની વાત બાકી છે. બેવડ વળી ગએલા ડેવ ધ ડડને ઊભો કરી એકવડો કર્યો કે બિલી પેરીએ દોડી આવીને એના ખભે આંખમાંથી દડદડતાં આંસુ નિતારવા માંડયાં. ત્યારે ડેવ કહે છે: 'બિલી ડીઅર, તારું લગ્ન હું જે હોંશથી ઊજવવા માગતો હતો તે બધી ધૂળમાં મળી ગઇ! તને એક સારા ભરથારની વહુ બનાવવાની મારી મુરાદ બર ન આવી, એ માટે હું દિલગીર છું.'

પણ બિલી તો એના બોલને એના મોંમાં જ દાબી દેતી બોલી, 'ના, ના, ડેવ. મને એના જેવો જુઠ્ઠો વર જોઇએ જ નહિ. હવે મને લાગે છે કે હું તો તને જ ખરા જિગરથી ચાહું છું, અને તું કહે તે દિવસે તને પરણવા તૈયાર છું.'

બિગનિક તો ખુશ થઇ ગયો. ગોળીબારનો મામલો ફૂલદડાથી પતશે, ખાણીપીણી યે થશે અને સૌનું આવ્યું સાર્થક થશે. વળી, લીલા સોપોલા અને વાલ્ડોના ઘરસંસાર વિષે યે અનેક વાતો જાણવા મળશે. આવા બધા હેતુ એક જ કાંકરે સાધી શકાશે એમ સમજી અમે ત્રણચાર જણે ડેવ અને બિલીને એ જ ઘડીએ પરણાવી દેવાના શુભ સૂચનની જાહેરાત કરી દીધી. સૌએ એ વધાવી લીધું, અને હું તુરત પાદરીસાહેબને શોધવા લાગ્યો. પણ એ તો આ ધમાચકડીમાં પોતાનું સોગંદ લેવરાવવા કામમાં લેવાતું ધર્મપુસ્તક ક્યાંક પડી ગયું હશે તે શોધવામાં પડ્યા હતા. એ પુસ્તક જડે કે ન જડે, એથી કંઇ ડેવ ધ ડડ અને બિલી પેરીનાં લગ્ન તો મોકૂફ ન જ રખાયને? □

અનુસંધાન] **ભરત ભારાડી** [પૃષ્ઠ ૨૭૭થી


નથી. આથી ઍવૉર્ડ એના સુધી નહિ આવે. આમે ય વિદ્યાર્થીપ્રિય કે વિદ્યાપ્રિય શિક્ષકને સરકાર ઍવૉર્ડ આપવાનું પાપ કરતી નથી.

ભોળા દિલનો આ માણસ એક વાર કહે: 'વાંદરાને દારૂ ન પાશો.'

'તને મારે દારૂ નથી પાવો.' મેં કહ્યું.

'તો સારું.' એણે આશ્વાસન લીધું. વાતને તરત સમજે, પણ પામે નહિ તે જ ભરત. કૃષ્ણ ભગવાન પર એક વાર ચોરીનું આળ આવેલું પણ એ 'આળ' જ એનું મિત્ર થઈ ગયું છે. થેલી, ચશ્માં, પેનસિલ, રજિસ્ટર...એવું કંઈક ન જડતું હોય ત્યારે નજર ભરત પર જ ઠરે.

સાફ હૃદયનો આ ભરત અચૂક ભરત છે. એની બંધુપ્રીતિ અનન્ય છે, પણ હજી સુધી એને કોઈ રામ નથી મળ્યો. એને રામની શોધ છે, પણ કળિયુગમાં રામ ક્યાંય શોધ્યા જડે છે? □



પિરોટન

ડૉ.
સુશ્રુત પટેલ

હું તો ભીતરથી એવો તો છલકયો કે
છંટાયો આમતેમ ..
અંધારે ઊઘડયો ને અજવાળે ઊપડયો હું
દૂર દૂર દરિયાના દેશમાં. *

જામનગરના બેડીબંદરને પાછળ મૂકીને અમારી સ્ટીમલૉંચ ઉત્તર, અથવા કહો કે ડાબી બાજુ ઢળી વાયવ્ય દિશામાં વાંકીચૂંકી થતી ઠીકઠીક આગળ વધી, ત્યારે દૂરદૂરથી 'મૅંગ્રોવ્ઝ' તરીકે ઓળખાતી દરિયાકાંઠાની વનસ્પતિની સૃષ્ટિ અને તેમાં સંતાકૂકડી રમતાં દરિયાઈ પંખીઓ દૃષ્ટિગોચર થતાં હતાં. દૂર ક્ષિતિજમાં પિરોટનની દીવાદાંડી ઝાંખીઝાંખી દેખાતી હતી. પિરોટન! જામનગરમાં વહાણોનો વીમો ઉતારનારી પેઢીના માલિક સ્વ. શ્રી કાંતિભાઈ જી. દવે પાસેથી દસેક વર્ષ અગાઉ સૌપ્રથમ આ ટાપુનું નામ અને ત્યાંનું વર્ણન સાંભળેલું. ત્યાં જવાના ઘોડા ઘડેલા, પણ કંઈ પત્તો ખાતો ન હતો.

'આ પેલી દેખાય તે સિક્કા ખાતેની શ્રી દિગ્વિજય સિમેન્ટ કંપની —દેશની સહુથી મોટી સિમેન્ટ ફૅક્ટરી. ૫૦૦૦ જેટલા કામદારો ત્યાં કામ કરે છે.' કોઇકે કહ્યું. આંખો આગળથી બાયનોક્યુલર ખસેડી લઇને મેં ડાબી તરફ જોયું. દરિયાની સુરમ્ય સૃષ્ટિમાં એના લોખંડી માંચડા કોઈ રાક્ષસી કરોળિયાના જાળા સમા લાગતા હતા. એનાં ચોવીસ જેટલાં જહાજોએ રેતી-ચૂનો ઉશેટીને આસપાસનો દરિયો ખાસ્સો ડહોળી નાખ્યો છે, રોજના ૨૦૦૦ ટનના હિસાબે ઉશેટાતી રેતીને કારણે ત્યાંની દરિયાઈ જીવસૃષ્ટિ માટે ખતરો ઊભો થયો છે અને એ બદલ કંપની અને સરકાર વચ્ચે માત્ર ચર્ચાઓ ચાલ્યા કરે છે. ન તો મને આ કંપનીના સિમેન્ટમાં રસ હતો કે ન તો છાશવારે ઊઠતા એની પાછળના રાજકારણમાં. એ તરફથી આંખ ખસેડી મેં આકાશમાં ઊંચે નજર દોડાવી તો અદ્ભુત ઉડ્ડયનશક્તિ ધરાવતો કાબરો કલકલિયો જોયો. કાજિયાં (Cormorants), જળકૂકડી (Darter), બગલાં (Herons), અંજન (Egrets), બતકો વગેરે જેવાં સંખ્યાબંધ દરિયાઈ પંખીઓ જોવા અને સાંભળવા મળતાં હતાં. સિમેન્ટ-કૉંક્રીટનાં જંગલોથી કંટાળેલું મન એ પક્ષીઓ સાથે ઉડ્ડયન કરવામાં પરોવાઈ ગયું.

નકશામાં નજર કરશો તો સૌરાષ્ટ્રનો ઉત્તર કાંઠો તેના અન્ય કાંઠાથી નોખો તરી આવશે. તે જ્યાંત્યાંથી ભાંગેલો અને વાંકોચૂકો જણાશે. ક્યાંક દરિયાનું તળ ઊંચકાયું છે, તો ક્યાંક ખંડિય છાજલી (કાંધી) લંબાઈ છે, એટલે એ કંઠાર પાસેનો દરિયો પ્રમાણમાં છીછરો છે. આને કારણે કચ્છના અખાતમાં સૌરાષ્ટ્રના આ કાંઠે સંખ્યાબંધ નાના અને મધ્યમ કદના આશરે ચાલીસેક જેટલા ટાપુઓ અને ખરાબા ડોકાય છે. આ બધા બેટ-બેટડા છેક અખાતના મુખ પાસે બેટ દ્વારકાથી ચાલુ થતા જઇને પૂર્વ તરફ આઘે સુધી વેરાએલા પડ્યા છે. આ બધા ટાપુડિયામાં પિરોટન નામનું સહેજ મોટું બેટડું હિલોળા લે છે. બેડી બંદરેથી આશરે સોળેક કિલોમીટર (૧૦ માઈલ)ના અંતરે એ આવેલો છે. અર્ધ-ચંદ્રકાર આકારનો આ ટાપુ માંડ છએક ચોરસ કિ. મી. જેટલો વિસ્તાર ધરાવે છે. હજુ આપણા ઘણા નકશામાં તો એ દર્શાવાતો યે નથી, એટલે નકશાપોથીમાં શોધવાની કોશિશ કરશો નહિ. ત્યાં જવા માટે નવેમ્બરથી જાન્યુઆરી સુધીનો સમય અનુકૂળ રહે છે. આ અરસામાં અહીં અસંખ્ય દરિયાઈ પંખીઓ જોવા મળે છે. કેટલાંક તો છેક સાઇબીરિયાથી આવે છે. અમારી સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રો. આર. એમ. નાયક તથા એમના એક વિદ્યાર્થી ભાઈશ્રી બી. એમ. પરાશર્ય પણ આવા દરિયાઈ પંખીઓના અભ્યાસ અર્થે આવેલા. શ્રી પરાશર્ય તો દરિયાઈ પંખીઓ ઉપર ડૉક્ટરેટ કરે છે, એટલે એમનો વિશેષ લાભ મળ્યો.

અરબી સાગરની સતત ઊછળતી ખારાશ વચ્ચે આવેલા માનવ-વસ્તી વગરના આ ટાપુ ઉપર કુદરતે સૌન્દર્યનું વૈવિધ્ય વેરવામાં ભલે હાથ સંકોર્યો, પણ આસપાસના આખા પ્રદેશને પરવાળાં અને એમાં વસતી દરિયાની મનોરમ જીવ-સૃષ્ટિથી ન્યાલ કરી દઇને સુંદરતાની ખોટ ભરપાઈ કરી દીધી છે. મોડું મોડું પણ આ સૃષ્ટિનું મહત્ત્વ સમજીને ગુજરાત સરકારે ૪૦ જેટલા આ ટાપુઓના આશરે ૪૫૬ ચો. કિ.મી. જેટલા વિસ્તારને 'મરીન સૅંક્ચુરી' (Marine Sanctuary) તરીકે

* ચંદ્રકાન્ત શેઠ (કુમાર અંક ૭૧૪). મથાળે પિરોટન ટાપુ ઉપરની પર્યટકોની છાવણી તથા દૂર દેખાતી ત્યાંની દીવાદાંડી (ફોટો - સુ. પટેલ)

મૅંગ્રોવ્ઝ

ડૉ. સુશ્રુત પટેલ



ખારાશવાળી યા અત્યંત ખારી જમીનમાં ઊગતી વનસ્પતિ 'Halophyte' તરીકે ઓળખાય છે. ગુજરાતીમાં એને આપણે ખારની યા સૈંધવીય-વનસ્પતિ કહી શકીએ. નદીનાં મુખોમાં, નદીનાળાંવાળા પ્રદેશોમાં, સમુદ્રની ખાડીઓ, અખાતો, 'લગૂન' તરીકે ઓળખાતાં ખારાં જળાશયોને કાંઠે, તેમજ કાદવકીચડવાળી, નીચાણવાળી, કળણયુક્ત સાગરકંઠારે આવી વનસ્પતિને ઊગવા માટે અનુકૂળતા મળી રહે છે. વિષુવવૃત્તની આસપાસના વિસ્તારમાં ઊગતી વનસ્પતિ તેમજ બાકીના સમુદ્રકાંઠે ઊગતી ખારની વનસ્પતિમાં ફેર હોય છે. પ્રમાણમાં ઠંડા પ્રદેશોના કાંઠે ઊગતી વનસ્પતિ ઝાંખરા કે ઘાસ રૂપે હોય છે, જ્યારે ઉષ્ણકટિબંધના પ્રદેશની કંઠારની વનસ્પતિ ગીચ ઝાડી, છોડ યા વૃક્ષરૂપે ઊગે છે, જે 'મૅંગ્રોવ્ઝ' (Mangroves) કહેવાય છે.

મૅંગ્રોવ્ઝ તરીકે ઓળખાતી ખારની આ વનસ્પતિ વિષુવવૃત્તની ઉત્તરે તો માત્ર ૩૨° અક્ષાંશ સુધીના વિસ્તારોમાં જ જોવા મળે છે, પણ દક્ષિણ ગોળાર્ધમાં એ છેક ઑસ્ટ્રેલિયાના દાક્ષિણ કાંઠે પણ ઊગે છે. બારે માસ લીલી રહેતી આ વનસ્પતિ એના કાદવિયા મેલા લીલા રંગને કારણે જોવામાં વિષાદ જન્માવે છે, એ ખરું, પણ એનું મહત્ત્વ એટલું બધું છે કે એની સામે આવી ઉદાસી ટકતી નથી. ઉષ્ણકટિબંધના પ્રદેશોનો ૭૦ ટકાથી પણ વધુ સમુદ્રકાંઠો આ મૅંગ્રોવ્ઝથી છવાએલો છે.

'મૅંગ્રોવ્ઝ' શબ્દની ઉત્પત્તિ બે પોર્ટુગિઝ–Mangue ને Mangal તથા એક અંગ્રેજી (Grove) શબ્દની ભેળસેળથી થઈ છે. પરંતુ અંગ્રેજી 'મૅંગ્રોવ્ઝ' શબ્દમાં એનું એકલદોકલ વૃક્ષ અથવા એના જંગલ કે ઝાડીનો પણ સમાવેશ થઈ જાય છે. પોર્ટુગિઝમાં એકલદોકલ તેવરને 'mangue' (મૅંગુ) કહે છે, જ્યારે એની ઝાડીને 'mangal (મેંગલ). મૅંગ્રોવ્ઝ એ કાંઈ એક કુળ (Family)ની વનસ્પતિ નથી. આમ તો એ ૩૫ જેટલાં કુલ ધરાવે છે, પણ મુખ્યત્વે એ ચારેક કુળમાં—રાઇઝોફોરેસી

જાહેર કરીને એક પ્રશંસનીય પગલું ભર્યું છે. આ પૈકી પિરોટનની આસપાસના આશરે ૧૬૩ ચો. કિ. મી. વિસ્તારને ત્યાંની પરવાળાંની સૃષ્ટિને કારણે 'મરીન નૅશનલ પાર્ક' તરીકે ૧૯૮૧થી જાહેર કર્યો છે, અને ભવિષ્યમાં ત્યાં 'સી-ગાર્ડન' બનાવવાની પણ યોજના ઘડી છે. અહીં એ નોંધવું જોઇએ કે દેશમાં આ ઉપરાંત બીજાં બે મરીન નૅશનલ પાર્ક છે : એક તામિલનાડુમાં છેક દક્ષિણે આવેલા મંડપમ (Mandapam) ખાતે અને બીજો આન્દામાનના પોર્ટબ્લેર (Port-Blair) ખાતે. એમ તો, મુંબઈમાં મલાડ નજીકના નાનકડો મનોરી દ્વીપ તેમજ ભારતના અન્ય સમુદ્રકાંઠે દરિયાઈ જીવો જોવા મળે છે તો ખરા, પણ પરવાળાં સાથેનો એમનો આવો સુમેળ અન્યત્ર જોવા મળતો નથી. વળી, પિરોટનમાં તો ભારત ખાતેની વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ફન્ડ (WWF) તથા એના સહકારથી કેટલીક સંસ્થાઓ થોડા સમયથી કૅમ્પ પણ યોજે છે, ૧૯૭૮થી આજ સુધીમાં ગુજરાતની ઘણી શાળાના વિદ્યાર્થીઓએ એનો લાભ લીધો છે. ગયા વર્ષ (૧૯૮૨)ની જ વાત કરીએ તો એકલા ડિસેમ્બર મહિનામાં જ આશરે ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ એનો લાભ લઈ ચૂક્યા છે. ત્યાં રહેવા માટે ૧૭ જેટલા તંબૂની વ્યવસ્થા કરેલી હોય છે. આ ટાપુ ઉપર મીઠા પાણીનું ટીપું ય મળતું નથી, એટલે ખાદ્ય સામગ્રી ઉપરાંત, સાથે પીવાનું પાણી પણ લઈ જવું જરૂરી છે.

અહીં બધું જ પ્રાકૃતિક. શહેરી ખાણીપીણી ભૂલી જવાની. અમે ત્યાં પહોંચ્યા ત્યારે ઓટ થવાની તૈયારી હતી એટલે સમુદ્રકાંઠે ઝટપટ સ્નાન કરી લીધું. તંબૂમાં સામાન મૂક્યો અને ભીની રેતીની ઝળહળતી બિછાતવાળા કિનારે લટાર મારવા નીકળી પડ્યા. ઉત્તરમાં દૂરદૂર લાંગરેલી ગંજાવર સ્ટીમરો દેખાતી હતી. સાંભળ્યું હતું કે મોટી ભરતી વખતે બહુ થોડો ભાગ બાદ કરતાં સમગ્ર ટાપુ ઉપર પાણી ફરી વળે છે, પણ એનો પ્રત્યક્ષ અનુભવ તો થયો રાત્રે. આકાશમાં પશ્ચિમ ક્ષિતિજે પૂરું બ્રહ્મમંડળ અને અરધું-પરધું મૃગશીર્ષ વિદાય થયું ન થયું ને સમુદ્ર લોઢ ઉછાળતો, ઘૂઘવવા લાગ્યો. આકાશમાં પૂર્ણ ચંદ્રની સવારી આવી પહોંચી ત્યારે 'ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે' જેવી પંક્તિઓ અનાયસ હોઠ ઉપર આવી ગઈ. સમુદ્ર સાથેના આપણા અનાદિકાળના સંબંધને કારણે કદાચ આમ થયું હશે! કદાચ તેથી જ, જોન મેઝ-

▷ વડની વડવાઈઓ જેમ મૅંગ્રોવ્ઝનાં મૂળ કાદવભરી કંઠારમાં ફેલાતાં જઈ ધીરેધીરે તેનાં જાળાં વધતાં જ જાય છે. આ જાળાંમાં કંઠારે એકઠો થતો કાંપકાદવ ભરાઈ રહી જતે દહાડે ત્યાં નવી ભૂમિ ઊકાય છે, એટલું જ નહિ એ કીચડ-કંપ અને જાળાં કરચલા, શ્રિમ્પ, ઑઈસ્ટર વગેરે જેવા, સાગરકંઠારનાં અનેક જીવોનાં આશ્રયસ્થાન બની રહે છે.



(Rhizophoraceae), વર્બીનિસી (Verbenaceae), સોનેરેટીસી (Sonneratiaceae) અને ઍરેકાસી (Arecaceae) વહેંચી શકાય. મૅંગ્રોવ્ઝનાં ૩૫ કુળ, ૬૦ ગોત્ર (genera) ને ૧૧૦ જાતિઓ (Species)-નો સમાવેશ થાય છે. આટલાન્ટિક મહાસાગર તરફનો અમેરિકાનો વિષુવવૃત્તની આસપાસનો સમગ્ર પ્રદેશ તથા ખાસ કરીને મેક્સિકોનો અખાત અને ફ્લૉરિડાનો કિનારો જે મૅંગ્રોવ્ઝથી છવાએલો છે તેના બે પ્રકાર છે: રાઇઝોફોરેસી કુળના રેડ યા કૉમન મૅંગ્રોવ્ઝ (Rhizophora mangle રીઝોફોરા મેંગલ) તથા વર્બીનિસી કુળના બ્લૅક મૅંગ્રોવ્ઝ (Avicennia nitida ઍવિસીનિયા નિટીડા). રેડ મૅંગ્રોવ્ઝ ઊંચાઈમાં નાનાં અને એકદમ કિનારે જ જોવા મળે છે. બ્લૅક મૅંગ્રોવ્ઝ ખાસાં ઊંચાં, ક્યારેક ૧૮ થી ૨૧ મીટર (૬૦ થી ૭૦ ફૂટ) જેટલાં, અને રેડ મૅંગ્રોવ્ઝ પછી જમીન તરફ જતા જઇએ તેમ ઊગનારાં. આપણે ત્યાં તથા આફ્રિકા, ઑસ્ટ્રેલિયા અને અગ્નિ એશિયાના પ્રદેશોમાં સોનેરેટીસી કુળનાં સોનેરેશિયા (Sonneratia) અને ઍરેકાસી કુળનાં નિપા પામ (Nypa fruticans) વધુ જાણીતાં છે. એની ૧૧૦ જાતિઓ પૈકી ૮૦ જાતો એશિયા વગેરે પૂર્વના દેશોમાં જોવા મળે છે, જ્યારે ૩૦ જાતો અમેરિકા વગેરે પશ્ચિમના દેશોમાં. પાંચેક જાતિઓ આ બંને પ્રદેશોમાં જોવા મળે છે. ભારતની વાત કરીએ તો આપણે ત્યાં એની ૬૦ જેટલી જાતિઓ છે, જે ૪૦ ગોત્ર તેમજ ૩૭ કુળમાં વહેંચાએલી છે. રાઇઝોફોરા (કરોલ), સીરિઓપ્સ (Ceriops-કનડી), ઍવિસીનિયા (ચેર કે તિવાર), સોનેરેશિયા, Bruguiera વગેરે નામે ઓળખાતાં મૅંગ્રોવ્ઝ ઉપયોગી, અને વળી આપણે ઘરઆંગણે થતાં હોઈ, વધુ જાણીતાં છે. મૅંગ્રોવ્ઝની કેટલીક જાતિ સુવાસિત ફૂલ ધરાવે છે, અને એનું મધ ચૂસવા મધમાખો ખેંચાઈ આવે છે. નાના છોડથી માંડી એનાં ૩૦ મીટર (૯૮ ફૂટ) ઊંચાઈનાં વૃક્ષો પણ થાય છે.

મૅંગ્રોવ્ઝની બધી જાતિઓમાં, વડની વડવાઇઓની જેમ એની ડાળ યા થડ ઉપરથી વધારાનાં મૂળ (adventitious roots) ફૂટીને નીચેની તરફ આવે છે. કમાન રચી રહેતાં આ મૂળ ભરતી-ઓટની સામે ટક્કર ઝીલવામાં સહાયરૂપ નીવડે છે. તંબૂનાં દોરડાંની જેમ એ છોડને આધાર આપે છે. આવાં વધારાનાં મૂળ આધારમૂળ યા અવલંબનમૂળ (Prop roots) કહેવાય છે. આ ઉપરાંત, કેટલીક જાતોમાં જમીનમાંથી, ગુરુત્વાકર્ષણની વિરુદ્ધ દિશામાં, ઉપર તરફ ઊંચકાતાં, ખીલા જેવાં મૂળ પણ જોવા મળે છે, જે દ્વારા એ શ્વસન કરી શકે છે. એટલે આવાં મૂળિયાંને શ્વાસગ્રાહી મૂળ (Pneumatophores) કહે છે. આ ક્રિયા એમાં રહેલાં સૂક્ષ્મછિદ્રો (lenticels) મારફત થાય છે. આ છિદ્રોમાંથી પાણી પ્રવેશી શકતું નથી, પણ હવાની આવ-જા થઈ શકે છે.→

ફીલ્ડ જેવો કવિ કહે છે કે—

I must go down to the seas again
For the call of the running tide
Is a wild call and a clear call
That may not be denied.

અહીં તો સમુદ્રના સાદનો ઇનકાર કરવાનો પ્રશ્ન જ ન હતો, કારણ કે ખુદ સમુદ્ર જ સામે ચાલીને અમારા તંબૂમાં પ્રવેશવા માંડેલો! સમુદ્રના તરંગો અરબી અશ્વોની જેમ ઊછળતા, હણહણતા ધસી રહ્યા છે. સૃષ્ટિનો આવો ઉલ્લાસ, પૃથક્પૃથક્ પદાર્થોનો આવો ઉમંગભર્યો વિલાસ અને 'સાગરે ભાસતી ભવ્ય ભરતી' એ કચ્છના અખાતની ખાસિયત છે. પિરોટનની વિશેષતા એક તો આ ટાપુ સમુદ્રથી બહુ ઊંચો નથી, ખંડ-છાજલી છીછરી છે અને દરિયા તરફનો એનો ઢાળ લાંબે સુધી આછો છે. આ ઉપરાંત, કચ્છના અખાતનો આગળથી પહોળો અને પૂર્વ તરફ વધુ ને વધુ સાંકડો થતો જતો આકાર કારણભૂત છે. આ કારણોને લઇને ભરતી-ઓટનો પાણી ચઢવાનો તફાવત હમેશાં વધુ રહે છે, અને ઘણી વાર તો આ પ્રવાહનું જોર કલાકના ૪ થી ૬ કિ.મી. જેટલું હોય છે!

સવારે ફરી દરિયો ઓટાઈ જતાં એનું તળિયું ખુલ્લું થઈ ગયું ને તળિયાની વનસ્પતિ તેમજ અનોખી જીવસૃષ્ટિ દૃષ્ટિગોચર થઇ. પગની પાની કે ઘૂંટી સુધીના પાણીમાં દરિયાકાંઠે ખૂબ દૂર સુધી ફરી શકાય છે. આ જમીનમાં પાણીની નીકો, ખાબોચિયાં, પરવાળાંની વસાહત, કઠણ જમીન અને વચ્ચે ચીકણો કાદવ તથા ખૂંપી જવાય તેવી પોચી જમીન હોય છે. કૅનવાસના બૂટ પહેરીને, અલગઅલગ ટુકડીઓમાં અમે લટારવા નીકળી પડ્યા.

પરવાળાંની વસાહતની સાથેસાથે અનેક દરિયાઈ જીવો અને વનસ્પતિ જોવા મળે છે. આવા જીવોમાં રંગની પિચકારી છોડતા ઑક્ટોપસ તો ત્યાં સારી એવી સંખ્યામાં જોયાં. હાથમાં પકડીએ તો કબૂતરની જેમ ડોક ફુલાવતી પફર-ફિશ (Puffer fish) પણ અહીં ઘણી છે. આમ તો એ ખાવામાં ઝેરી છે, પણ જાપાનમાં એને ખાસ રીતે તૈયાર કરીને ખાતાં એના ઝેરની ખાસ અસર થતી નથી. એક જીવ

બહાર ડોકાતાં આવાં ખીલા-મૂળ કાદવમાંથી ૬ ઇંચથી માંડીને ક્વચિત્ એકાદ ફૂટ જેટલાં બહારની તરફ ઊંચકાય છે.

ખારાશયુક્ત પાણી, કળણયુક્ત જમીન તેમજ ભરતી-ઓટની પ્રચંડ થાપટોને ખમી લેવા માટે કુદરતે આ વનસ્પતિને, આપણે ઉપર જોયું તેમ, આ ખાસ પ્રકારનાં વધારાનાં મૂળિયાંની સગવડ કરી આપી છે, ને ચામડા જેવાં ચીકટ, જાડાં પાન આપ્યાં છે. તેવી જ એક બીજી બેનમૂન વ્યવસ્થા એના બીજના અંકુરોદ્ભવ અંગે પણ કરી આપી છે. આવી વ્યવસ્થા બહુ ઓછી વનસ્પતિમાં જોવા મળે છે. માતૃછોડથી છૂટાં પડતાં પહેલાં જ બીજમાં અંકુર ફૂટવાની ક્રિયાને વનસ્પતિશાસ્ત્રમાં Viviparous (of seeds) કહે છે. સામાન્ય રીતે, બીજ રોપાયા પછી એમાંથી છોડ તથા મૂળિયાં ઉદ્ભવે છે, પણ મૅંગ્રોવ્ઝમાં હજુ તો ફળ ઝાડ ઉપર જ હોય ત્યાં તો એનાં બીજમાંથી મૂળ ફૂટે છે. આ મૂળ, કેટલીક જાતિમાં ફળને કોચીને છરાની જેમ બહાર નીકળે છે. આમ, મૅંગ્રોવ્ઝમાં બીજ છોડ ઉપર જ અંકુરિત થાય છે. આવાં મૂળને (જે ખરું મૂળ નથી) 'Hypocotyl' કહેવાય છે. આપણે એને ખીલા-મૂળ કહી શકીએ. આવું મૂળ ૭ થી ૯ મહિનામાં લગભગ ૫૦ સે.મી. લાંબું અને ૩ સે.મી. પહોળું થાય છે. એનું વજન નીચેની તરફ વધુ હોય છે. પછી જ્યારે બોજો અસહ્ય બની જાય, ત્યારે આ ખીલા-મૂળ સાથેનું આખેઆખું ફળ યા તો બીજ નીચે પડે છે, અને પડે એવું જ કાદવમાં ખૂંપી જાય છે. ખંજર ભોંકાય, તેમ આ ખીલા-મૂળ જમીનમાં ઊતરી જાય છે અને તરત જ ઊગવા માંડે છે. આવાં મૂળિયાં એટલી ઝડપથી વધે છે કે એ પછી થોડા જ કલાકોમાં આવનારી ભરતી એનું કશું જ બગાડી શકતી નથી. અને કદાચ આવું ફળ યા બીજ નીચે પડે ત્યારે કાદવને બદલે ભરતીનાં પાણી હોય તોપણ વાંધો આવતો નથી, કારણ કે એ કાદવમાં તો ખૂંપી શકતું નથી, પણ તરતુંતરતું દૂરદૂર પહોંચી જાય છે. અને પછી જ્યાં ખરાબો યા પરવાળાંથી છીછરો થએલો કિનારો હોય, ત્યાં લંગર નાખે છે, અને વધીને છોડ ઊગી નીકળે છે. આમ, એક કિનારેથી બીજે કિનારે એનું સ્થળાંતર પાણી દ્વારા થાય છે, વૃક્ષ ઉપરથી ખરીને સમુદ્રમાં તણાઈ ગએલાં નારિયેળમાં પણ આમ જ થાય છે. એની અંદર રહેલું કોપરું તથા પાણી એને જરૂરી પોષણ પૂરું પાડે છે, અને કિનારે પહોંચ્યા પછી એમાંથી છોડ ઊગી નીકળે છે.

મૅંગ્રોવ્ઝ કે તવરના છોડ પોતાનાં મૂળિયાં બહાર ફેલાવીને કાંપ, કાદવ તથા કચરાને રોકે છે, અને આ રીતે હમેશાં નવી જમીનનું સર્જન કરતાં જાય છે. ગંગા નદીના મુખત્રિકોણમાં સમુદ્રકિનારે આવેલું સુંદરવન આ જાતનું જંગલ છે, અને ત્યાં નવી ભૂમિ રચાતી જાય છે. એવી જ રીતે ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી નદીઓનાં મુખત્રિકોણોમાં પણ બન્યું છે. આવી જ રીતે પરવાળાં અને તવર (મૅંગ્રોવ્ઝ)ના છોડ કચ્છના અખાતમાં નવા ટાપુઓનું સર્જન કરે છે. આજે પિરોટનની જેમ જે ટાપુઓ ભરતીના સમયે અરધાપરધા ડૂબેલા રહે છે, યા ચોવીસે કલાક ડૂબેલા રહે છે તે ભવિષ્યમાં પરવાળાં અને તવર વડે ઊંચા થઇને સમુદ્ર-સપાટીની બહાર આવી જશે અને આપણા લક્ષદ્વીવ ટાપુઓ જેવા ટાપુ બની રહેશે. દુનિયામાં મૅંગ્રોવ્ઝની મોટામાં મોટી ઝાડી ફ્લૉરિડાની ખાડીમાં છે. ત્યાં છેલ્લાં ૪૦ વર્ષમાં આશરે ૧૫૦૦ એકર જેટલી જમીન દરિયા પાસેથી મૅંગ્રોવ્ઝે ઝૂંટવી લીધી છે!

મૅંગ્રોવ્ઝની નીચેની કાદવવાળી જમીનમાં એનાં પાંદડાં વગેરે જેવો કચરો કોહવાતાં, તથા એ બધું ખાવા સૂક્ષ્મ જંતુસૃષ્ટિ આવીને વસતાં એ બહુ ફળદ્રૂપ બની રહે છે. આ રીતે દર એકરે ચાર ટન જેટલું સેન્દ્રિય ખાતર એકાદ વર્ષમાં તૈયાર થાય છે. અહીં વસતી જંતુ તેમજ પ્રાણીસૃષ્ટિ પૈકી મોટા ભાગની ઉભયજીવી (amphibious) હોય છે, એટલે કે તે પાણીમાં તેમજ પાણીની બહાર પણ રહી શકે છે. આનું એક પ્રાણી કરચલો (mangrove crab) છે. એની કેટલીક જાતો પૈકી ફીડલર ક્રૅબ (Fiddler crab) બહુ જાણીતો છે. ઓટ વખતે એ કાદવમાં ઊતરીને સંતાઈ જાય છે. આ ઉપરાંત, ચિંગટ કે ઝીંગી (Shrimp), ઝીંગા (Prawn), બાર્નેકલ (Barnacles), શુક્તિ યા છીપ (Tree Oysters) વગેરે પણ થાય છે. ઝીંગા (પ્રૉન) મનુષ્યના ખોરાક તરીકે પ્રયોજાતા હોઈ એમને આવા પ્રદેશમાંથી પકડવા સરળ પડે છે. આ ઉપરાંત, પ્રજનન કાજે આવતી બોઈકુળ (Mullet family)ની માછલીઓ પણ અહીં નિયમિત આવે છે. તો ઘણી બધી જાતો કાયમ વસે છે. કાદવમાં ચાલી શકતી અને પાણીની બહાર લાંબું રહી શકતી મોટી આંખોવાળી ન્યૂટા યા પંકલંઘી (Mudskipper) અથવા (Periophthalmus) માછલી અહીંની કાયમી રહેવાસી છે. ઝાડ ઉપર ચઢી શક્તી આ માછલી મૅંગ્રોવ-ફિશ તરીકે પણ ઓળખાય છે. આ બધાં જળચરો ઉપરાંત, જળ બિલાડી, જલમાનુસ યા જલમાર્જાર (Otter) જેવાં સસ્તન પ્રાણીઓ પણ અહીં નભે છે. ખારા પાણીમાં ઊગતા એક ઘાસ (Marram grass અથવા તો eel-grass)ની જાત જોવા મળે છે, જે મૅંગ્રોવ્ઝની ઝાડીને વધુ ટકાઉ બનાવે છે. વળી, તરનારાં (natatores) તથા પાણી અને કાદવ ખૂંદનારાં (waders) પક્ષીઓ પણ ઘણી મોટી સંખ્યામાં વસે છે. વિવિધ મત્સ્યો ઉપરાંત, મોતી પકવતા મૃદુકાય જીવ, જેને આપણે કાલુ (અને

મખમલ જેવો પોચો હતો, એને અડતાં જ એ સમુદ્રની રેતીમાં ક્યાં ગાયબ થઈ ગયો તે શોધ્યો પણ જડ્યો નહિ. આ ઉપરાંત ક્લાઉન ફિશ (Clown fish) તથા સી-એનીમોન (Sea anemone) પરવાળાં સાથે સહજીવન જીવે છે. ડૅમસલ (Damsel fish), બટરફ્લાય ફિશ (Butterfly fish), મોરે ઈલ (Moray eel) ફેધર સ્ટાર્સ (Feather stars), કરચલા અને અનેક મૃદુકવચી (મોલસ્ક) તથા મૃદુકાય જીવો અહીં વસે છે. સી-હોર્સ (Sea horse) નામની માછલી તથા તારા-માછલી (Start fish) પણ છે. જો કે આ બધા જીવો એકીસાથે એક જ ફેરામાં જોવા મળતા નથી. વળી, તારા-માછલી તથા પેરટ ફિશ (Parrot fish) પરવાળાંને નુકસાન કરે છે. કોડી (Cowrie)ની જાતની છીપ, લિથોફૅગ (Lithophage) નામનું મોલસ્ક વગેરે જેવાં જીવો પરવાળાંની સૃષ્ટિ માટે ખતરો ઊભો કરે છે. પાણીના લગભગ બધા જ સાપ કાતીલ ઝેર ધરાવે છે. પણ હવામાન ઠંડું હોવાથી એમાંનો એક પણ અમારી નજરે ચઢ્યો નહીં. દરિયા કિનારે લૂગદી જેવી દેખાતી જેલી-ફિશ તો ઘણી દેખાતી હતી. અહીંની જેલી-ફિશ કદાચ ઝેરી નથી, પણ ઑસ્ટ્રેલિયાના કિનારે થતી એક પ્રકારની જેલી-ફિશ કાતીલ કૉબ્રા કરતાં પણ વધુ ઝેરી હોય છે ને એના ઝેરથી માનવી ૩૦ સેકન્ડમાં જ મૃત્યુ પામે છે! એવી જ રીતે, પૉર્ટુગીઝ-મૅન-ઑવ વૉર પણ ઝેરી છે. મરીને સુકાઈ ગએલા આ પ્રાણીને અડવાથી પણ એનું ઝેર ચઢી શકે છે–અને અમુક કિસ્સામાં તો એ મર્યા પછી બે વર્ષ પણ ઝેરી રહે છે.

સી-એનીમોન, પૉર્ટુગીઝ-મૅન-ઑવ વૉર, જેલી-ફિશ વગેરે જેવા જીવો જે સમુદાય (Phylum)નાં છે એ જ સમુદાયમાં કોરલ (Coral) પણ આવે છે. ટચુકડા આ જીવ પ્રવાળ (Polyp) કહેવાય છે અને એ સમુદ્રના પાણીમાંથી ચૂનો મેળવીને ઘર જેવી અનેક આકારની વસાહત સ્થાપે છે. પોતે જ્યારે મરી જાય ત્યારે બાહ્ય કંકાલ (external skeleton) રૂપે વધારાનો ચૂનો આપતા જાય છે. આમ ચૂનાનાં પોલાં ઘરની મોટી વસાહત રચાતી જાય છે. એમાં અનેક જીવો આશ્રય લે છે કે પછી પરવાળાં સાથે સહજીવન ગાળે છે. ચૂનાની આવી વસાહતને પણ કૉરલ કહેવાય છે. આ ચૂનો હોય છે તો મૂળ સફેદ, પણ

ખોટી રીતે, કાલુ-માછલી) કહીએ છીએ તે પણ અહીં ઉછેરી શકાય છે. આમ, એમાંથી આર્થિક લાભ પણ સાંપડે છે.

મૅંગ્રોવ્ઝના જંગલોમાંથી બળતણનું લાકડું, મધ અને રંગવાની વસ્તુઓ મળી રહે છે. ગંગાના મુખત્રિકોણમાં થતું સુંદરી નામનું ઝાડ વજનદાર અને ઘણું ટકાઉ હોય છે. કહે છે કે એના લાકડાની તૈયાર કરેલી હોડી ૨૫ વર્ષ ચાલી શકે છે! એમાંથી ઇમારતી લાકડાં, તો વળી પેનસિલ તથા દીવાસળી માટેનાં પોચાં લાકડાં મળે છે. રમકડાં, હુક્કા-પાઈપ વગેરે પણ બનાવાય છે. રૅયોન તેમ જ કાગળ ઉદ્યોગમાં એ ઉપયોગી છે. એવી જ રીતે એમાંથી ઊંચી જાતનો ગુંદર મેળવાય છે. એક જમાનામાં મૅંગ્રોવ્ઝમાંથી બહુ મોટા પ્રમાણમાં ચામડું પકવવા માટેનો અમ્લ (ટૅનિન) મેળવવામાં આવતો હતો. 'રીઝોફોરા મૅંગલ' જેવી તવરની કેટલીક જાતિનાં ફળ ખાવામાં મીઠાં અને આરોગ્યપ્રદ ગણાય છે. તો કેટલીક જાતિમાંથી દારૂ પણ બનાવાય છે. એના અનેક ઔષધીયગુણો અંગે પણ માનવીને ઘણા સમયથી જાણકારી છે. જેમ કે એનાં પાન સંધિવામાં પ્રયોજાય છે. પાટાપીંડીમાં, ઘામાં, પાઈલ્સ (મસા)માં, ત્વચાના ચેપી રોગોમાં, કૉલેરામાં, આંખનાં કેટલાંક દર્દોમાં તથા રક્તસ્રાવ અટકાવવામાં એ ઉપયોગી નીવડે છે.

પાણીનું પ્રદૂષણ મૅંગ્રોવ્ઝની વૃદ્ધિ રૂંધી નાખે છે, અને કાળાંતરે એની નીચે વસતી જીવસૃષ્ટિને પણ રહેંસી નાખે છે. તાજેતરમાં ઈરાનના અખાતમાં ત્યાંના ત્રણેક જેટલા તેલના કૂવામાંથી થતા ચૂવા કે ત્યાંના સાગરજળની જીવસૃષ્ટિ સાથે તવરની ઝાડીનો પણ સારો એવો નાશ કર્યો છે. આ ઉપરાંત, ત્યાં વસતાં કુલ ૫૬ પૈકી ૫૩ ડુગોંગ (Dugong-સસ્તન જળચર)નો પણ કચ્ચરઘાણ કાઢી નાખ્યો છે! (૯ ફૂટ લંબાઈના આ દરિયાઈ સસ્તન પ્રાણીઓ દુનિયામાં માત્ર ૩૦,૦૦૦ જેટલાં જ રહ્યાં હોવાનો એક અંદાજ છે.)

મૅંગ્રોવ્ઝનાં ઝાડનો આધાર વરસાદ ઉપર ન હોઈ, એ બારે માસ લીલાં રહે છે, એટલે ઢોરના ચારા માટે એનો આડેધડ ઉપયોગ થાય છે. એવી જ રીતે, એનાં સૂકાં ડાળાં બળતણમાં વપરાય છે. એક કાળે, મુંબઈમાં વાંદરાની ખાડીમાં, એલિફન્ટાના ટાપુને કાંઠે, ગુજરાતની ખાડીઓમાં–ખાસ કરીને સૌરાષ્ટ્રના કાંઠે તથા કેરાલામાં મૅંગ્રોવ્ઝની ઝાડી ઘણી મોટી સંખ્યામાં જોવા મળતી હતી, તે હવે ઓછી થવા માંડી છે, અને કેરાલામાં તો લગભગ અદૃશ્ય જ થઈ ગઈ છે. સૌરાષ્ટ્રમાં પણ કાંઈ બહુ સારી હાલત નથી. જો એમને પૂરતું રક્ષણ આપવામાં નહિ આવે તો જમીનનું ધોવાણ વધી જઈ તેની સાથે પ્રકૃતિના સંતુલનમાં પણ ખટકો આવશે જ. □

એમાં અનેક જીવો તથા અનેક સૂક્ષ્મ વનસ્પતિ દટાતાં એ રંગબેરંગી બને છે. આવાં પરવાળાંના પથ્થરને ઊંચકીને જોયું તો એમાંનાં ઝીણાં છિદ્રોમાં પરવાળાં જીવનાં મૂછો જેવાં સૂત્રાંગો (ટેન્ટેકલ્સ) દૃષ્ટિગોચર થયાં, પણ પછી એ અંદરની તરફ ખેંચાઈ ગયાં. પરવાળામાં નવસર્જનની પ્રક્રિયા સતત ચાલતી જ હોય છે એટલે એમને ઉઠાવીને પાછા મૂળ સ્થાને જ મૂકવા જોઇએ. ઊંચકેલા પરવાળાંને હળવેકથી યથાવત્ મૂક્યું ત્યારે મારા મિત્ર માધવ રામાનુજની પંક્તિઓ 'હળવે તે હાથે ઉપાડજો રે, અમે કોમળ કોમળ!' મનમાં ગુંજીને ક્યાંય સુધી પડઘાયા કરી. એ પછી, ફરતાંફરતાં આઘેની દીવાદાંડી સુધી જઇને પાછા ફર્યા, કારણ દિવસની નાની ભરતી ચાલુ થઈ રહી હતી.

પિરોટન નામની પાછળનો ઇતિહાસ મળતો નથી. કહે છે કે કચ્છના અખાતની સમૃદ્ધ જીવસૃષ્ટિ સંબંધી પ્રથમ માહિતી જેમ્સ હાર્નેલ (James Harnell) નામના જીવશાસ્ત્રીએ આજથી ૮૦ વર્ષ અગાઉ આપેલી. વાત એમ હતી કે વડોદરા સ્ટેટના ગાયકવાડે હાર્નેલને આ બાજુ મોતીની ખેતી થઈ શકે કે કેમ એની મોજણી માટે મોકલેલો.



△ પિરોટનની ઈશાન કંઠારે એકલ મન્ગ્રોવ (ફોટો - સુશ્રુત પટેલ)

આજે તો મોતી પકવતા મૃદુકાય જીવનો અહીં નાશ થયો છે, પણ એકકાળે જામસાહેબ મોતી પકવવાનો ઇજારો આપતા. દરિયો ઓટવાઈ ગયા પછી મજૂરો થેલો લઇને ખુલ્લા થઈ ગએલા સમુદ્રતળ પરથી કાલુ ભરી લાવતા. આ મોતી બહુ ઊંચા પ્રકારનાં ન હતાં એટલે એ એ ખાખાનાં મોતી કહેવાતાં. એવી જ રીતે, કચ્છના અખાતમાં દરિયાના કાચબા અગાઉની અપેક્ષાએ હવે બહુ ઓછા જોવા મળે છે. એવું જ સાંઢ (Lobster) બાબતે પણ થયું છે. એમની વસ્તી યે ઘટી ગઈ છે. આમ થવા બદલ ત્રણેક કારણ જણાય છે: ત્યાં વધેલો બંદરોનો વેપાર અને વધેલો જળવ્યવહાર, બીજું દરિયાનું પ્રદૂષણ અને ત્રીજું મૅંગ્રોવ્ઝની ઘટી ગએલી ઝાડી.

પિરોટનના ઉત્તર-પૂર્વ કાંઠે મૅંગ્રોવનું એક મોટું વૃક્ષ જોવા મળ્યું એની આસપાસ બીજું એક પણ વૃક્ષ નથી. આ દર્શાવે છે કે એકકાળે પિરોટન ઉપર મૅંગ્રોવ્ઝની ઝાડી જ નહીં, મોટાં વૃક્ષો પણ હશે. પ્રકૃતિ પાસેથી આનંદ મેળવ્યો, તો એના બદલા યા વળતરરૂપે દરેક પર્યટકે પિરોટન ઉપર મૅંગ્રોવ્ઝના ઓછામાં ઓછા પાંચ રોપા વાવવા એવી ઝુંબેશ આપણા રાજ્યના વનવિભાગે ઉપાડી તે સ્તુત્ય છે આવું વાવેતર એના પરવાળા તરફના કિનારે, એટલે કે ઉત્તર-પૂર્વ કાંઠે કરવામાં આવે છે. અહીં રેતીનો મઝાનો કિનારો પણ છે, જ્યાં સ્નાનની મઝા માણી શકાય છે. બાકીનો કિનારો મૅંગ્રોવ્ઝની ઝાડીથી આચ્છાદિત છે. અહીં ઍવીસીનિયા (ચેર), રાઇઝોફેરા (કરોલ) અને સીરિઓપ્સ (કનડી) એવા ત્રણ પ્રકારના મૅંગ્રોવ્ઝ જોવા મળે છે.


આ ટાપુ ઉપર બે દીવાદાંડી છે. એક મુખ્ય કે જે તળ જમીન ઉપર સહેજ ઊંચાઇએ આવેલી છે, જ્યારે બીજી સહાયક કે જે સમુદ્રના એક ખરાબામાં છે. મોટી દીવાદાંડી પાંચમી ફેબ્રુઆરી ૧૯૫૮થી કાર્યરત છે. એનું ઉદ્ઘાટન શ્રી રાજબહાદુરે કરેલું. મોટી દીવાદાંડીની આસપાસનો તથા બાકીનો બહુ થોડો જ ભાગ દરિયાની મોટી ભરતીમાં ડૂબવાથી બચે છે. આ દીવાદાંડીની નજીકમાં પીરની એક દરગાહ* છે. વાઘેર માછીમારો વારતહેવારે કે સારા પ્રસંગે, આ પીરની માનતા પૂરી કરવા અહીં આવતા રહે છે.

પિરોટન ટાપુની મુલાકાત ત્યાંના સમુદ્રની ભરતી-ઓટનો સમય જાણી લઇને કરવી જોઇએ. ત્યાંના અમારા ત્રણ દિવસ અને બે રાત્રિના રોકાણ પછી બપોરે સાડાત્રણ વાગે ચઢતી ભરતીએ અમે ત્યાંથી જામનગર તરફ પ્રયાણ કર્યું ત્યારે સ્વજનથી છૂટા પડ્યા જેવું લાગ્યું. અલવિદા; પિરોટન! □

*પિરોટણ એટલે પીરનું થાનક. આ ટાપુ ઉપર આવું સ્થાનક હોઈ તે પિરોટણ, ને તે પરથી પિરોટન એવું નામ પ્રચલિત બન્યું હશે.—સં.

બોનેલિયા (Bonellia)

પિરોટન ટાપુમાં થતા અજબ કીટ



બોનેલિયા નર અને માદા

પિરોટન તથા તેની આસપાસના પ્રદેશમાં કેટલાક દરિયાઈ કૃમિ જોવા મળે છે. કૃમિની આવી એક જાત બોનેલિયા (Bonellia) તરીકે ઓળખાય છે. પિરોટન સિવાય આ કૃમિ દુનિયામાં માત્ર બે જ સ્થળે જોવા મળે છે. એ રીતે આ કૃમિના અભ્યાસ માટે પિરોટન એક આદર્શ સ્થળ છે.

આ પ્રાણી એકિયૂરિડા (Echiurida) નામના નાનકડા સમુદાય (Phylum)માં આવે છે. બોનેલિયા ઉપરાંત આ સમુદાયમાં આઠેક જેટલાં ગોત્રો (Genera) છે. બોનેલિયા ગોત્રનું આવું એક જાણીતું પ્રાણી બોનેલિયા વીરિડિસ (Bonellia viridis) તરીકે ઓળખાય છે.

આ સમુદાયનાં પ્રાણીઓ કદ તેમજ સામાન્ય પ્રકૃતિએ સાઈપનકુલિડ સમુદાય (Phylum Sipunculids)નાં પ્રાણીઓને બહુ મળતાં આવે છે. એકિયૂરિડા સમુદાયનાં કૃમિઓનાં શરીર અખંડિત (Unsegmented) હોય છે. એમાંનાં કેટલાંક રેતી તેમજ કાદવમાં દર બનાવીને રહે છે. જ્યારે કેટલાંક ખડકો યા પરવાળાંની ફાટમાં વસે છે. આમ તો આ કૃમિઓ મોટા ભાગે દરિયાના છીછરા પાણીમાં રહે છે, પણ છેક ૬૦૦૦ મીટર ઊંડાઇએથી લાવેલા કાદવમાં પણ એ જણાયાં છે.

નર અને માદા બોનેલિયાની દેહરચના ભિન્ન છે. એમનું પ્રજનન દ્વિરૂપતા (Dimorphism) ધરાવે છે. પ્રજનનની આ વિચિત્રતા ઉપરાંત નર બોનેલિયાનું જીવનવૃત્તાંત પણ આગવી ખાસિયત ધરાવે છે. જેમ કે જીવનની આરંભિક અવસ્થામાં નર બોનેલિયા માદાના આંતરડામાં તેમ જ અન્ય અવયવોમાં પ્રવેશી જાય છે, ખોરાક મેળવે છે અને આમ પરજીવી (પેરેસાઈટ) જીવન ગાળે છે!

માદા બોનેલિયા લીલા રંગની, આકારમાં અંડાકાર અને આઠેક સે. મી. લાંબી હોય છે. એના અગ્રભાગે એક મીટર જેટલી લાંબી સૂંઢ (Proboscis) હોય છે, જે આગળથી પહોળી થતી જઇને બે ભાગમાં ફંટાઈ જાય છે. માદાની સરખામણીમાં નરનું કદ સૂક્ષ્મ, અને ચોપાસ કેશતંતુ (ciliated) હોય છે. એ ચિપિટપર્ણ (Turbellarian) કૃમિ જેવા પ્લેનેરિયાને મળતું આવે છે. નર બોનેલિયાને સૂંઢ જેવું અંગ હોતું નથી. વળી, માદા બોનેલિયામાં હોય છે તેવાં મુખ કે ગુદાદ્વાર પણ એને હોતાં નથી. કેશતંતુઓની મદદથી હલનચલન કરીને એ માદાના આવા એકાદ દ્વારથી તેના દેહમાં પ્રવેશ કરે છે.

એકિયૂરિડા સમુદાયના મોટા કદના કૃમિઓ શંકુશ અથવા કે (Rays) તથા ફ્લૅટ-ફિશ જેવી માછલીઓનો પ્રિય ખોરાક છે. આ કારણે બેલ્જિયમ તથા ઉત્તર જર્મનીમાં આ કૃમિઓને ગલકાંટામાં ભેરવીને માછલાંને આકર્ષીને પકડવા માટે વપરાય છે.

—ડૉ. સુશ્રુત પટેલ

સાહિત્યસંપર્ક [અનુ. સામે પાનેથી]

પરિચય ઇતના ઇતિહાસ યહી
ઉનકી કલથી મિટ આજ ચલી!'

'દીપશિખા' એ કવયિત્રીના પાંચમા સંગ્રહની કવિતા છે, જેમાં આરાધ્યની સંમુખ સહાય જીવનદીપ જલતો રહે એવી ભાવના વ્યક્ત થયેલી છે—'યહ મંદિરકા દીપ ઇસે નીરવ જલને દો!'

કાવ્ય ઉપરાંત ગદ્યક્ષેત્રે પણ મહાદેવી વર્માનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. 'યામા', 'દીપશિખા' તથા 'આધુનિક કવિ મહાદેવી'ની તેમની પ્રસ્તાવનાઓમાં એક સમર્થ વિવેચક તરીકેની એમની પ્રતિમા ધ્યાનાર્હ બની રહે છે. વિશેષ કરીને 'અતીત કે ચલચિત્ર (૧૯૪૧) તથા 'સ્મૃતિકી રેખાએં' (૧૯૪૩)માં તેમનાં રેખાચિત્રો હિન્દી સાહિત્યક્ષેત્રે ઐતિહાસિક મહત્ત્વની કૃતિઓ ગણાયછે. 'શૃંખલાકી કડિયાં' (૧૯૫૦)માં સામાજિક સમસ્યાઓનું અવલોકન નિરૂપિત થયેલું છે.

સમગ્રતયા મહાદેવી વર્મા એક રહસ્યવાદી કવયિત્રી ઉપરાંત યથાર્થવાદી ગદ્યકાર, સમન્વયવાદી આલોચક, રેખાચિત્રકાર તરીકે હિંદી સાહિત્ય સૃષ્ટિમાં ખૂબ જ ખ્યાતનામ રહ્યાં છે. સાથે સાથે તેઓ એક ઉચ્ચકક્ષાના ચિત્રકાર પણ છે. તેમના કાવ્યસંગ્રહો તથા અન્ય પુસ્તકોનાં મુખપૃષ્ઠો તેમની ઉત્કૃષ્ટ ચિત્રકળાનાં પ્રમાણો છે.

ઉત્તર પ્રદેશના ફરુખાબાદ સહેરમાં એક સંપન્ન પરિવારમાં ૨૬મી માર્ચ ૧૯૦૭ના હોળીના દિવસે એમનો જન્મ. તેમના પિતા ગોવિંદપ્રસાદ વર્મા ભાગલપુરની કૉલેજમાં અધ્યાપકહતા તથા માતા હેમરાનીદેવી વિદુષી. શૈશવમાં મહાદેવી માટે ઘરમાં જ હિંદી, ઉર્દૂ, ચિત્રકળા તથા સંગીતની તાલિમની વ્યવસ્થા કરવામાં આવેલી. નવમાં વર્ષે તો તેમણે વ્રજભાષામાં પદ, કવિત, સવૈયા તથા ખડી બોલીમાં કવિતા કરવા માંડેલી. નવ વર્ષની નાની વયે ડૉ. સ્વરૂપનારાયણ શર્મા સાથે તેમનું લગ્ન થયેલું; પણ તેમણે ક્યારેય લગ્નજીવનનો સ્વીકાર નહોતો કર્યો. માત્ર એકાદ દિવસ જ તેમણે સાસરવાસ કર્યો હતો. ઇ. ૧૯૨૯માં પ્રથમ વર્ગમાં બી.એ. અને ૧૯૩૩માં સંસ્કૃત સાથે પ્રથમ વર્ગમાં એમ.એ. થયાં હતાં. તે જ વર્ષે પ્રયાગના મહિલા વિદ્યાપીઠનાં આચાર્યા તરીકે એમની નિમણુક થઇ ત્યારથી આજ સુધી તે સંસ્થા સાથે તેઓ સંકળાયેલાં રહ્યાં છે. એ અરસામાં તેમણે 'ચાંદ'નું સંપાદન પણ કરેલું. ઇ. ૧૯૫૬માં સંસ્થાના ઉપકુલપતિપદે નિમાયેલાં અને આજે પણ તેઓ આ સંસ્થાનું સંચાલન કરી રહ્યાં છે.

છાયાવાદી કવિઓમાંથી જયશંકર પ્રસાદ, 'નિરાલાજી' અને સુમિત્રાનંદ પંતની ચિર વિદાય બાદ હવે મહાદેવી વર્મા જ આજે હયાત છે. મહાદેવીની કાવ્યશૈલી લગભગ એક જ પ્રકારની રહી છે. સુખ-દુ:ખ મિલન-વિરહ, તિમિર-આલોક વચ્ચેની તેમની નિરંતર સાધના એ જ એમની કવિતાનો સ્થાયી ભાવ કહી શકાય. એ બધા વચ્ચે તેમની વ્યાપક પીડા માનવીય કરુણાના રૂપે પ્રકટ થાય છે.

ભારતીય જ્ઞાનપીઠ ઍવૉર્ડ પૂર્વે ૧૯૩૪માં તેમને 'સેકસરીય પુરસ્કાર', ૧૯૪૪માં 'મંગલાપ્રસાદ પારિતોષિક', ૧૯૫૬માં 'પદ્મભૂષણ' રાષ્ટ્રીય માન (જે પાછળથી તેમણે પરત કરેલું) તેમજ ચાલુ વર્ષના પ્રારંભમાં ઉત્તર પ્રદેશના હિંદી સંસ્થાને તેમને રૂપિયા એક લાખના પુરસ્કાર સાથે 'ભારત-ભારતી'ની ઉપાધિ આપી તેમને સન્માનવામાં આવેલાં. આ બધાંમાં જ્ઞાનપીઠનું સન્માન શ્રેષ્ઠ તો છે જ, છતાં ઘણું મોડું કહી શકાય, છેક તેમના છાંતેરમાં વર્ષે! —રજની કાન્ત દોશી

સાહિત્યસંપર્ક

કવયિત્રી મહાદેવી વર્મા

છાયાવાદી હિંદી કવિઓની ચતુષ્ટયીમાં એક કવયિત્રી છે મહાદેવી વર્મા, જેમને ૧૯૮૨-ના વર્ષનો જ્ઞાનપીઠ ઍવૉર્ડ આપવાની જાહેરાત કરવામાં આવી છે. મહાદેવી વર્માનો તેમના 'યામા' નામક કાવ્ય-ગ્રંથને કેન્દ્રમાં રાખીને આ ઍવૉર્ડ જાહેર થયો છે.

છાયાવાદના મધ્યકાળમાં મહાદેવીની કવિતા 'મનોરમા', 'ચાંદ', 'સુધા' જેવાં સામયિકોમાં છપાતી હતી. પરંતુ એ દિવસોમાં તેમને જાહેરમાં આવવું તો ગમતું જ નહિ.

તા. ૩૧મી જુલાઇ ૧૯૨૮ના એક પત્રમાં આ કવયિત્રી શ્રી રામનાથ 'સુમન'ને સંબોધતાં લખે છે: 'ઇસકે અતિરિક્ત ઔર જો કુછ હૈ વહ એક નીરવ વ્યથા બન કર મેરે પ્રાણોં મેં સમા ગયા હૈ, વહ સંસાર કે દેખને કી વસ્તુ નહીં હૈ ઔર યદિ સંસાર ઉસકો બલાત્ દેખના ચાહેગા તો મેરી આત્મા ચૂર-ચૂર હો જાયેગી. કિંતુ ઉસે બિના દિખાએ જીવની લેખના એક વિરાટ અસત્ય હોગા ઇસલિએ મુઝે આપ અપરિચિત હી રહને દેં.'

મહાદેવી વેદનાનાં કવયિત્રી છે. તેમનાં જીવન અને કવનનાં મુખ્ય તત્ત્વો છે સહજ મૃદુલતા, પીડા, વિરહાતુરતા, વિષાદાવસ્થા.

આ કવયિત્રીના કુલ પાંચ કાવ્ય-સંગ્રહો 'નીહાર' (૧૯૩૦), 'રશ્મિ' (૧૯૩૨), 'નીરજા' (૧૯૩૪), 'સાન્ધ્યગીત' (૧૯૩૬) અને 'દીપશિખા' (૧૯૪૦) પ્રકાશિત થયા છે. 'યામા' એ મહાદેવીના પ્રથમ ચાર કાવ્ય-સંગ્રહોનું



સંકલન છે, જેનું પ્રકાશન ઇ. સ.૧૯૩૯માં થયેલું. યામ એટલે ત્રણ કલાક યાએક પ્રહર. અહીં યામા એટલે મહાદેવીની કાવ્યયાત્રાના ચાર પ્રહરો અર્થાત્ તેમની 'નીહાર', 'રશ્મિ', 'નીરજા' અને 'સાન્ધ્યગીત'ની રચનાઓ.

મહાદેવીનું સમસ્ત કવન વેદનામય છે. આ વેદના લૌકિક વેદનાથી ભિન્ન આધ્યાત્મિક જગતની છે. તેમનાં કાવ્યોમાં આધ્યાત્મિક વેદનાની દિશામાં સાદ્યંત સૂક્ષ્મ અને વિવૃત ભાવાનુભૂતિઓનો વિકાસ જોવા મળે છે.

'નીહાર'માં સર્જકની કાવ્યકળા પરિપુષ્ટ તો નથી. પરંતુ તેમાં એક કિશોરીની સહજ-સરળ ભાવનાઓની ઉત્સુકતા પ્રકટ થએલી છે. તેમાં છે કશાકની ખોજ અને અભાવની અનુભૂતિ. તેમાં કવયિત્રીની મૌન વ્યથા તો છે, પણ પ્રાણોને ચૂપચાપ બાળતી અને અજ્ઞાયકની અભિવ્યક્તિ હોય એવી કૌતુકતા પ્રતીત થાય છે:

'કૌન તુમ મેરે હૃદય મેં?' જેવો પ્રશ્ન કરનાર કવયિત્રી 'નીહાર'માં કહે છે:

'જિન ચરણોં કી નખ-આભા
ન હીરક-જાલ લજાયે,
ઉન પર મૈંને ધુંધલે સે
આંસૂ દો-ચાર ચઢાયે,
ઇન લલચાયી પલકોં પર
પહરા જબ થા વ્રીડા કા
સામ્રાજ્ય મુઝે દે ડાલે
ઉસ ચિતવનને પીડા કા.'

'રશ્મિ'માં દાર્શનિક ચિંતન અને વિવેચનનું આધિક્ય જણાય છે. અહીં કવયિત્રીની આધ્યાત્મિક અનુભૂતિઓને દર્શનનો દૃઢ આધાર મળેલો છે તે પ્રકટ થાય છે. રશ્મિની રચનાઓમાં વિસ્મયની સૃષ્ટિને સ્થાને પ્રૌઢ દાર્શનિકતા દૃષ્ટિગોચર થાય છે. આ સંગ્રહની કવિતામાં જીવન, મૃત્યુ, મુક્તિ, અમરત્વ, પ્રકૃતિ અને માનવ આદિની દ્વંદ્વાત્મક અવસ્થાઓનું આકલન પ્રકટ થયેલું છે; તેમજ વેદાન્ત તથા બૌદ્ધ-દર્શનનો પ્રભાવ પણ પરિલક્ષિત થાય છે. આમ છતાં એમણે પોતાના સ્વતંત્ર ચિંતનને અક્ષુણ્ણ રાખવા સામે વેદનાની સાધનાને પણ અળગી કરતાં નથી.

'યામા'નો ત્રીજો ખંડ એટલે 'નીરજા'ની કવિતા, જેમાં હિંદી ગીતિ-કાવ્યનો ચરમ વિકાસ જોવા મળે છે. ગીતોની દૃષ્ટિએ પણ 'નીરજા'ની કવિતા હિંદીની શ્રેષ્ઠ રચના ગણાય છે. છાયાવાદી કવિતાના કટુ આલોચક આચાર્ય રામચંદ્ર શુકલે પણ મહાદેવીના આ સંગ્રહનાં ગીતોને શ્રેષ્ઠ કક્ષાનાં કહ્યાં છે. આ સંગ્રહની રચનાઓમાં કવયિત્રીએ જીવનનિષ્ઠા, આધ્યાત્મિક આસ્થા, વ્યાપક સૌંદર્યબોધના માધ્યમ દ્વારા રહસ્યાનુભૂતિને વ્યક્ત કરી છે:

કૈસા પતઝર કૈસા સાવન
કૈસી મિલન વિરહ કી ઉલઝન,
કૈસા પલ ઘડિયોંમય જીવન,
કૈસે નિશ-દિન કૈસે સુખ-દુ:ખ
આજ વિશ્વ મેં તુમ હો યા હમ!
ટૂટ ગયા વહ દર્પણ નિર્મમ!'

જીવનના સન્ધ્યા કાળની કરુણાર્દ્ર વૈરાગ્યભાવ મિશ્રિત રચનાઓ મહાદેવીનાં 'સાન્ધ્યગીત'માં સંગૃહીત થએલી છે, જે તેમની કાવ્યયાત્રાનો ચોથો તબક્કો ગણી શકાય. 'સાન્ધ્યગીત'માં 'નીરજા'ની અભિવ્યક્તિનો વિકાસ સ્પષ્ટ રીતે જોવા મળે છે. 'પ્રિય! સાન્ધ્ય ગગન, મેરા જીવન!' યા 'શૂન્ય મંદિર મેં બનૂંગી આજ મૈં પ્રતિમા તુમ્હારી' આદિ પંક્તિઓ દ્વારા આ કવયિત્રીએ પોતાની ઉત્કટ વ્યાકુળતાને વ્યક્ત કરી છે. તો બીજી બાજુ વિરહીની વેદનામાંથી તે બહાર આવી શકતી નથી,

'મૈં નીર ભરી દુ:ખ કી બદલી!
વિસ્તૃત નભ કા કોઇ કોના,
મેરા ન કભી અપના હોના,

(અનુસંધાન સામે પાને)

ઢોર

સામાન્ય રીતે સમગ્ર પશુ માટે લોકભાષામાં 'ઢોર' શબ્દ પ્રયોજાય છે. પણ, ખરેખર આમ નથી. કેમ કે, 'ઢોર' નામના પશુની એક સ્વતંત્ર જાતિ જ છે: ઢોર (ઉપકુટુંબ) બાવિની (Bovine). મોટાં શિંગડાં ધરાવતી આ જાતિની પૂછડી લાંબી અને છેડે વાળનો ગુચ્છો હોય છે. માદાને ચાર આંચળ હોય છે. ઢોર મોટા કદનું ને માતેલું જાનવર છે. મજબૂત પગ, પહોળું નાક ને ઉપકુટુંબના જાનવરના ગળે ઝૂલ લબડતી હોય છે, (જુઓ શ્રી ભાનુસુખરામ એન. મહેતા કૃત 'હિન્દુસ્તાનનાં પ્રાણીઓ' ગ્રંથ ૧, પૃ. ૧૭૪). આ પશુ તાકાતવાન પણ અજડ હોઇ ગુજરાતીમાં અજડ જેવી વ્યકિત માટે 'આ તો સાવ ઢોર જેવો છે' એવો વાકયપ્રયોગ થાય છે. અહીં સંદર્ભ સારુ તુલસીદાસનો એક દોહો નોંધીએ:

'તુલસી હાય ગરીબ કી, કબુ ન ખાલી જાય;
મૂઆ ઢોર કે ચામસે, લોહા ભસ્મ હો જાય.'

ઉપરોક્ત 'ઢોર'નાં ચામડાંમાંથી લુહારની કોઢમાં વપરાતી ધમણ બનાવાતી એ તો જાણીતું છે.

હસમુખ વ્યાસ

ભરત ભારાડી

ચરિત્ર-નિબંધ

'આનંદશર્મન'

'ભરત, પેલી વાત કરને !'

'કઈ ?'

'પેલી, પે...લ્લી ઢાગલીવાળી.'

'હા... હા... હા...' કરતો એ ખડખડાટ હસી પડે. ચશ્માં પાછળ આંખો ચમકે, હાસ્યનું મોજું ફેલાઈ જાય આજુબાજુ. અને પછી ઢાગલીવાળી વાતનો પ્રારંભ થાય. નાનાં બાળકોને જેમ એકની એક વાત વારંવાર સાંભળવી ગમે તેમ અમને પણ ઢાગલીવાળી વાતનો રસ વિશેષ. નિશાળમાં મહિનાની છેલ્લી તારીખે મન્થલી વર્ક કરવાનું હોય એટલે સહુ સાથે જ બેઠા હોઇએ, એની પાસે એક પણ વર્ગ નહિ, એટલે એ નવરો જ બેઠો હોય. અલબત્ત મરાઠી ભાષામાં કહે છે તેવો 'નવરો' નહિ.

આ ભરતની બે વાર સગાઈ થઇને તૂટી ગયેલી, એટલે ત્રીજી વાર સગાઈ પછી તરત જ લગ્ન ગોઠવાયાં ત્યારે દાદીમાએ કહેલું : 'બેટા, ઢાગલી ખિસ્સામાં લઇને પરણવા બેસજે, એટલે ટકી રહે.' અને ભોળા ભરતે દાદીમાની વાતને માથે ચડાવેલી. પરિણામે આજે એ બે સુપુત્રોનો બાપ છે. બાપ હોવાનો એને ગર્વ છે. એટલો જ ગર્વ એ પતિ હોવાનો ધરાવે છે. મધ્યકાલીન રાજપૂત રાજવીઓની જેમ એને પતિ હોવાનો ભારે રૂઆબ છે. ક્યારેક એના ઘેર ઓચિંતા પહોંચી જાઓ અને એ ઘડી શુભ હોય તો ભરતનો સ્વામીત્વગુણ પામી શકાય ! આમે ય એ સ્વામી છે — મનનો સ્વામી, દિલનો સ્વામી ! ક્યારેક હાસ્યનો સ્વામી બની જાય છે, તો વળી ક્યારેક ખીજનો સ્વામી. પરંતુ સ્વામીત્વનો ભાવ એનો મુખ્ય ભાવ છે. એ ભાવનો માણસ છે, અભાવ હજુ એને સ્પર્શ્યો નથી. માણસ છે એટલે ગમો-અણગમો તો હોવાનો જ. ગમ્યું તો રાખ્યું, ન ગમ્યું તો છોડ્યું. ક્યારેક અફસોસ વ્યક્ત થઈ જાય, પણ મોટે ભાગે 'તેન ત્યક્તેન ભુંજીથા:'ની ફિલસૂફીનો માણસ. કર્મનો સિદ્ધાંત એણે પચાવ્યો છે. એટલે જ એ કહી શકે :

'પાવો પાવાના પાપે જશે.'

'આ 'પાવો' એટલે શું ?' હું ઘણી વાર પૂછતો.

'પાવો 'એટલે પાવો.' એ જોરથી બોલે. બોલવાની લઢણમાં જ એનો અર્થ સમાઈ જાય. બાકી 'પાવા'નો સાચો અર્થ હજુ એને ખબર નથી.

જ્ઞાતિએ જૈન, સ્વભાવે ક્ષત્રિય, વ્યવસાયે બ્રાહ્મણ, ભરત પાકો વહેવારિયો. પગનો સાજો, પણ કાનનો કાચો. મૂળ બજાણા ગામનો. આથી હસતાંહસતાં અમે 'બજાણિયો' કહીએ. એ પણ જોરથી બોલી ઊઠે : 'હા... હા બજાણિયો, સાડી સત્તર વાર બજાણિયો.' આટલું બોલતાં એ હાથમાં કંઈક હોય તો જોરથી ટેબલ પર પછાડે, ન હોય તો એનું જ પાકીટ હાથમાં લઇને પછાડે. પણ શબ્દ એને સ્પર્શે નહિ, આથી હાસ્ય રમી રહે મુખ પર.

છે તો કૉમર્સનો ગ્રૅજ્યુએટ, પરંતુ વચ્ચે વ્યાયામની ડી.પી.એડ.ની ડિગ્રી લઈ આવેલો એટલે વ્યાયામશિક્ષક બની ગયો. સ્કૂલમાં હવે રમતનો તાસ રખાતો નથી. રમતના બદલે એક રૂપાળો શબ્દ છે 'પી. ટી.' – ફિઝિકલ ટ્રેનિંગ. હું ઘણી વાર શબ્દરમત કરી લઉં.

'યાર, ભરત, તું તો પીટી (Pity)નો શિક્ષક છે.' છતાં ય કરુણતા એના મુખ પર ફરકે નહિ. વ્યાયામ અને કરુણા વચ્ચે ઘણું અંતર છે, જેમ બુદ્ધિ અને વ્યાયામ વચ્ચે છે.

ભરત પાકો ભારાડી, તોફાની. એના એક પડોશીના મતે બાઝકણો-ઈર્ષાળુ. એ એના નાનપણના પ્રસંગો હોંસથી કહે. મૂળ બજાણા ગામમાં એને પોતાનું ભારાડી રૂપ બતાવેલું. એથી જ વતનથી દૂર છે તે આજે. નાની વાતની પણ એની અભિવ્યક્તિ જોરજોરથી હોય. એ અભિવ્યક્તિનો ભારાડી માણસ. મન ભારાડી, વાણી ભારાડી પણ દિલ જરાય ભારાડી નહિ, છતાં એને 'ભારાડી' વિશેષણ ગમે છે. એમાં જ એનું ગૌરવ નિહીત છે.

ભરત પ્રવૃત્તિનો પર્યાય છે. પ્રવૃત્તિનો માણસ એટલે પ્રવૃત્તિ વગર ન જીવી શકે. વગર પ્રવૃત્તિએ અકળાય. ઘરમાં દાંતિયાં કરે. ખાવાનો શૉખીન. અમને ઘણી વાર ઢોકળાં ખાવા માટે પોતાને ઘેર લઈ જાય. સ્કૂલમાં પ્રવૃત્તિના ભાગ રૂપે દુકાન ચલાવતો. મને એ ગમતું નહિ. હું મશ્કરી કરું, તો ય ખિજાય નહિ. આવી પ્રવૃત્તિઓથી જ એને 'છૂપા રતન'નો ઇલકાબ મળેલો. થોડા દિવસ એનો કેફ રહેલો. 'એનું ચસકી ગયું લાગે છે' એવું પણ હવામાં ગૂંજતું થયેલું, પણ હજુ ય એ ડાહ્યો છે. ભગવાન સાચે જ દયાળુ છે.

અમારી સ્કૂલનાં એક બહેને વાતચીતમાં પોતાના ઘેરથી ચોરી કરી જતી દૂધવાળી સ્ત્રીની વાત કરી. ભરત કહે :

'મારે ત્યાં મોકલી આપજો. સીધી કરી નાખીશ.'

'શું કરશો ?' પૃચ્છા હતી.

'સીધી.' એણે જવાબ આપ્યો. 'કઈ રીતે ?'

'એ તો આવે પછી વાત.' 'તો ય ?'

'બધી રીતે.'

'એમ !' મારું આશ્ચર્ય હતું.

'હા, એમ જ.' પૃચ્છાની બીજી ભાષા એ પામી ગયો. પછી કંઈ ન બોલ્યો. ચોપડી વાંચવા માંડ્યો. મેં જ એને પુસ્તક વાંચતો કરેલો. એ વાંચતો થયો ત્યારથી એના પડોશીના કાનને શાંતિ છે. વાંચવામાં એ બધું વિસરી જાય છે. આમે ય 'વિસરી જવું' એ તેનો ગુણ છે, સ્વભાવ છે, વિસરે તે જ માનવ.

શિક્ષણ સાથેનો એનો અનુબંધ લાંબા સમયનો છે. ભણવું એટલે માત્ર જ્ઞાન મેળવવું એ પૂરતું નથી. જીવનમાં ભણવાનો ઉપયોગ થવો જોઇએ. આથી જ એ વ્યવસાયલક્ષી શિક્ષણનો ચાહક છે. અલબત્ત, શિક્ષણની આ મહાન ફિલસૂફી એણે પોતાના મોઢે ક્યારેય કહી નથી. કદાચ એને એની ખબર પણ નથી. છતાંય એ એમ જરૂર કહે છે કે મારા હાથ નીચે ભણેલો મીઠાની લારી કાઢે છે. બરફના ગોળાવાળો એનો વિદ્યાર્થી છે. લસણ વેચનારનો એ શિક્ષક છે. પૂરી-પકોડીવાળો એને ગુરુ માને છે. આમ, વ્યવસાય તરફ જ એનું શિક્ષણ ગતિ કરે છે. આવા ગતિશીલ શિક્ષણનો એ છૂપો હિમાયતી છે. એના કેટલાક વિદ્યાર્થીઓ ડૉક્ટરો પણ થયા છે એમ એનું કહેવું છે. ભણવું-ભણાવવું, ભણતરનું એનું આગવું વિચારશાસ્ત્ર છે. શિક્ષણમાં આમૂલ પરિવર્તન લાવવા માટે એના વિચારો લેવા જેવા છે. આમ તો એ અપેક્ષા વગરનો માણસ છે, એટલે જ કોઈ ઍવૉર્ડ એના સુધી નથી આવ્યો. ઉત્તમ શિક્ષણનો ઍવૉર્ડ એને મળી શકે, પરંતુ સરકારની પદ્ધતિ સાવ જડસુ છે. ઍવૉર્ડ માટે ફૉર્મ ભરવું પડે છે. અને કામના પાછલા 'ડેટા'ની નોંધ જોઇએ છે. ભરત પાસે તો 'મેમા'ની ફાઈલ છે. એમાં એનું અપ્તરંગી જીવન પથરાયેલું છે. એ જીવન શિક્ષણશાસ્ત્રીઓને સમજાતું

(અનુસંધાન પૃષ્ઠ ૧૯૯)

ગોસાંઈપુરમાં સરગરમી

(સત્યજિતરાયની રહસ્યકથા)
સુકન્યા ઝવેરી

પૂર્વસાર: કલકત્તામાં અકસ્માત વીજળીનો ભારે ઝટકો લાગવાથી, પશ્ચિમી જગતમાંથી આવેલાં બધાં આધુનિક સાધન સગવડો ત્યજી દઈને શ્યામલાલ મલ્લિક પોતાની ગોસાંઈપુરની જાગીરમાં આવી તદ્દન જમાનાજૂની ઢબે રહે છે. એમની એક શંકાને ગોસાંઈપુર આવી વસેલા મૃગેન ભટ્ટાચાર્ય—આત્મારામબાબુએ પોતાની વિદ્યા વડે શ્યામબાબુના મૃત પિતા દુર્લભસિંહના આત્મા દ્વારા દૃઢતર બનાવી, એમના મનમાં ઠસાવ્યું છે કે એમનો પુત્ર જીવનલાલ જ એમનું ખૂન કરવા તત્પર છે. આ વિષે શ્યામબાબુને એક જાસાચિઠ્ઠી પણ મળી છે. આ અંગે યોગ્ય તપાસ કરવા જીવનલાલે ફેલુદાને બોલાવ્યા છે. ફેલુદા તપેશ તથા લાલમોહનબાબુ સાથે ગોસાંઈપુર આવી એક નિવૃત્ત શિક્ષક તુલસીબાબુને ત્યાં ઊતર્યા છે. ફેલુદા જેવા ખ્યાતનામ ગુનાશોધક અને લાલમોહનબાબુ ઉર્ફે 'જટાયુ' જેવા લેખકનું જાહેર સમ્માન કરવાનો તુલસીબાબુનો ખયાલ હતો, પણ ફેલુદાએ પોતાની ઓળખ ગોપિત રાખવા સૂચવ્યું છે, જ્યારે 'જટાયુ' આ અંગે ઉત્સાહી છે. ફેલુદા શ્યામબાબુને મળે છે, પણ તેમના પ્રતિભાવોમાં કશો સહકાર વરતાતો નથી. એ પ્રથમ મુલાકાતમાં જ ફેલુદા, કદી ઉઘાડા પગે ઘર બહાર નહિ નીકળતા શ્યામબાબુના પગ ઉપર ચોંટેલી માટી તથા શરીર ઉપર મચ્છરોના ડંખ જુએ છે. આ વિષે જીવનબાબુ સમક્ષ પોતાનું આશ્ચર્ય વ્યક્ત કરી ફેલુદા તુલસીબાબુને ત્યાં પાછા ફરે છે. પછી...

શ્યામબાબુને મળી અમે પાછા ફર્યા ત્યારે તુલસીબાબુ અને જટાયું અમારી રાહ જોતા હતા. આટલી વારે વીજળીના પ્રકાશમાં આવ્યા એટલે જરા શાંતિ વળી. લાલમોહનબાબુ કહે: 'માનશો? આ ગામમાં યે લગભગ વીસ જણ એવા મળ્યા કે જેમણે મારી ફિફ્ટી પરસન્ટથી વધુ ચોપડીઓ વાંચી છે! હા, બધાએ કદાચ એ ખરીદી નહિ હોય. સિક્સ્ટી ફાઇવ પરસન્ટ લોકોએ તો સ્કૂલની લાયબ્રેરીમાંથી વાંચી છે. જેમણે ખરીદી છે તેઓ તો અહીં આવીને તેમાં મારો ઑટોગ્રાફ લઈ ગયા.'

તુલસીબાબુએ ફેલુદાને કહ્યું: 'આપની જ રાહ જોતા હતા. એક વાર આત્મારામનાં દર્શન કરી લો. 'બાદુડે-કાલી' આજ નહિ તો કાલે જોઇશું.'

'એ બાદુડે-કાલી વળી શું છે?'

'ગોસાંઈપુરનું એ એક બીજું ઍટ્રેક્શન છે. આપ જે વાંસવનમાંથી આવ્યા એમાં જ બસો વર્ષ જૂનું એ એક પ્રાચીન મંદિર છે. હાલ તેમાં કોઈ પ્રતિમા નથી, એક જમાનામાં તો એની જાહોજલાલી હતી. આજે ત્યાં ચામચીડિયાં અને વાગોળો વસે છે. એટલે ગામના લોકો તેને બાદુડે (=વાગોળ) કાલીનું મંદિર કહે છે.

'અચ્છા! તમારા આ આત્મારામબાબુ આ ગામના જ છે?'

'ના. પણા ઘણા વખતથી અહીં આવ્યા છે. લગભગ બેએક વર્ષથી એમની આ શક્તિ જાહેરમાં આવી છે. વળી, તેઓ જ્યોતિષ પણ જાણે છે. ખૂબ ખ્યાતિ છે એમની. છેક કલકત્તાથી લોકો એમની પાસે હાથ જોવરાવવા આવે છે.'

'પૈસા લે છે એ હાથ જોવાના?'

'કદાચ લેતા હોય. જો કે અહીં કોઈ પાસેથી લીધાનું સાંભળ્યું નથી. સોમ અને શુક્રવારે તેઓ આત્માને બોલાવે છે. આજે તો આપણે માત્ર એમનાં દર્શન કરી આવીએ.'

ફેલુદાએ આ દર્શનનો પ્રસ્તાવ સ્વીકારી લીધો. કારણ સાફ હતું. એમને જરૂર લાગ્યું હશે કે એણે હાથ ધરેલી તપાસમાં આ મૃગેન ભટ્ટાચાર્ય પણ સંકળાએલ હશે જ. અમે એનાં દર્શનાર્થે નીકળ્યા.

બહાર ઝાડ-ઝાંખરાની આડમાંથી કોઈ કોઈ ઘરમાં વીજળીના ગોળા ટમટમતા દેખાતા હતા, પણ બાકી સર્વત્ર ગાઢ અંધકાર હતો. ચંદ્ર હજી ઊગ્યો નહોતો. તમરાં, ઘુવડ, શિયાળ વગેરેના બોલ પણ સંભળાતા હતા. આ બધું ભેળું કરી જોઇએ તો સહેજે લાગે કે અહીં શ્યામ મલ્લિકની પાલખી અને ફાનસ જ શોભે. લાલમોહનબાબુએ તો કહ્યું યે ખરું કે આનાથી વધુ રહસ્યમય અને રોમાંચક વાતાવરણ અગાઉ એમણે ક્યાંય જોયું નહોતું. પછી કહે: 'હવે જે રહસ્યકથાનો પ્લાન વિચાર્યો છે તેમાં 'ગ્વાટેમાલ'નું વર્ણન કરવાનો ખયાલ હતો, પણ હવે લાગે છે કે એના કરતાં આ ગોસાંઈપુરનું વાતાવરણ વધુ પ્રીફરેબલ રહેશે.'

'અરે, હજી તમે ઠગ લોકોનો ફાંસો તો જોયો નથી. એ જોત તો ખબર પડત કે રોમાંચ કોને કહેવાય.' ફેલુદાએ કહ્યું.

'એ, એ મોશાય, એ વળી શું ચીજ છે?'

ફેલુદાએ ટૂંકમાં તેનું વર્ણન કરી, ધમકીની જાસાચિઠ્ઠીની વાત પણ કરી. એ સાંભળી તુલસીબાબુ કહે: 'જો મૃગેન ભટ્ટાચાર્ય આત્મા બોલાવીને એ વાત કહેતા હોય કે શ્યામ મલ્લિકના ઘરમાં જ એમનો શત્રુ છે, તો એ વાત માનવી જ પડે, પછી એ શત્રુને ગામમાં શોધતા ફરવાની જરૂર જ નહિ.'

મને લાગ્યું કે તુલસીબાબુની ભક્તિના પાત્રમાં આત્મારામ મૃગેન ભટ્ટાચાર્ય પણ છે ખરા.

મૃગેનબાબુને ઘેર પણ વીજળી નહોતી. કદાચ આછા અજવાળામાં આત્માને ઉતારવો સરળ પડતો હશે! આ સજ્જનનો ચહેરો ખાસ્સો યાદ રહી જાય તેવો હતો. જોઇને એમની ઉંમર કળવી મુશ્કેલ લાગે. વાળ આછાપાતળા, પણ પાક્યા નહોતા. જો કે આંખ અને ચિબુકની નીચેની ચામડીમાં કરચલીઓ દેખાતી હતી. નાક, આંખ, કપાળ, પાતળા હોઠ ને શરીરનો વાન, એ બધું કાશીના પંડિત જેવું, એટલે કે છાપેલ કાટલા જેવો આબેહૂબ બ્રાહ્મણ. પગની પીંડી જોતાં લાગે કે હમણાં તો નહિ, પણ એક જમાનામાં એ ખૂબ ચાલતા હશે.

અહીં ભલે વીજળી નહોતી, પણ ટેબલ-ખુરશી હતાં. ભટચાજ મોશાય પોતે તો પાટ ઉપર ગાદી નાખી બેઠા હતા. સામે લોખંડની ત્રણ અને એક લાકડાની એમ ચાર ખુરશી તથા બે બાજુ બે બાંકડા હતા. જમણી બાજુના બાંકડા ઉપર પચ્ચીસેક વર્ષનો એક યુવક કોઈ જૂના પંચાંગનાં પાનાં ઉથલાવતો હતો. પછીથી ખબર પડી કે એ મૃગેનબાબુનો ભાણેજ નિત્યાનંદ હતો. આત્માને બોલાવવામાં એ મામાને મદદ કરતો.

તુલસીબાબુએ અહીં પહોંચતાં જ ભટચાજ મોશાયને પ્રણામ કર્યા ને અમને બતાવતાં કહ્યું: 'આ લોકો કલકત્તાથી આવ્યા છે. મારા મિત્રો છે, એટલે આપની પાસે લઈ આવ્યો. એમને ખબર તો પડે કે ગોસાંઈપુર કોને માટે ગર્વ કરે છે.'

ગરદન ઊંચી કરી મૃગેનબાબુએ અમારા ભણી નજર કરી. પછી

ખુરશી બતાવી અમને બેસવા સૂચવ્યું. અમે બેઠા, તુલસીબાબુ ઊભા જ રહ્યા.

મૃગેનબાબુ એકાએક ટટ્ટાર થયા, પદ્માસન વાળ્યું અને આંખો બંધ કરી એકાદ મિનિટ ચૂપચાપ બેસી રહ્યા. પછી એ જ સ્થિતિમાં રહી બોલ્યા : 'સંધ્યા-શશી-સખા કોણ છે?'

અમે બધા ચૂપ રહ્યા. ફેલુદાની આંખો સંકોચાઈને ઝીણી થઈ ગઈ. અંતે લાલમોહનબાબુએ મોં ખોલ્યું, 'જી, એ નામનું તો કોઈ...'

પણ તુરત તુલસીબાબુએ હોઠ પર આંગળી મૂકી એમને કંઈ ન બોલવા સૂચવ્યું.

'પ્રદોષચંદ્ર મિત્ર મારું નામ છે.' અચાનક ફેલુદા બોલી ઊઠ્યા. હવે સમજાયું. પ્રદોષ એટલે સંધ્યા, શશી એટલે ચંદ્ર ને સખા એટલે મિત્ર.'

ભટચાજ મોશાયે આંખો ખોલી ફેલુદા ભણી જોયું. તુલસીબાબુ તો ખાસ્સો ગર્વ અનુભવતા ફેલુદા ભણી જોઈ રહ્યા હતા.

'જાણો છો, તુલસીચરણ!' ભટચાજ મોશાય બોલ્યા, 'હવે થોડા સમય પછી આત્માને બોલાવવાની કદાચ જરૂર નહિ પડે. મારા પોતાનામાં જ ધીરેધીરે ત્રિકાળદર્શનની શક્તિ જાગી રહી હોય તેવું અનુભવી રહ્યો છું. જો કે પૂર્ણતાએ પહોંચતાં હજી થોડાં વર્ષો લાગશે.'

'એમનો વ્યવસાય કહો તો!' તુલસીબાબુએ ફેલુદા ભણી જોઈ પૂછ્યું. એ જ વેળા બહારનું કોઈ આવી ચડતાં, તેની સમક્ષ ફેલુદા ડિટેક્ટિવ છે એ જાહેર થાય તે ઉચિત નહોતું. એટલે ફેલુદાએ તુરત જ કહ્યું, 'એ કહેવાની હવે જરૂર નથી.'

તુલસીબાબુ પણ પોતાની અસાવધાનતા માટે લજવાઈ ગયા. જીભ બહાર કાઢતાં એમણે વાત વાળી લીધી : 'આજે તો કેવળ એમને આપના દર્શનાર્થે લઈ આવ્યો હતો. ફરી શુક્રવારે એમને અહીં લઈ આવીશ.'

મૃગેનબાબુની નજર હજી ફેલુદા પર જ મંડાએલી હતી. જરા મરકીને એ બોલ્યા : 'સૂક્ષ્મ સાલ શસ્યના કાર્ય માટે તમે આવ્યા છો એમ કહું તો તમારા સિવાય અહીં બીજું કોણ સમજી શકશે? તમે નાહક ગભરાઓ છો.'

સજ્જનની વિદાય લઈ અમે ઊઠ્યા. માર્ગમાં ફેલુદા કહે, 'બહુ ચાલાક માણસ છે, એનો ધંધો ન જામે તો કોનો જામે?'

લાલમોહનબાબુએ પૂછ્યું, 'ભલા, પેલું સૂક્ષ્મ સાલ શસ્યની એ શી વાત હતી? મને તો કંઈ સમજ પડી નહિ. સંધ્યા શશી સખા સમજવા યે બહુ મગજ ચલાવ્યું અને સમજણ પડી તે તો તમે તમારું નામ ઉચ્ચાર્યું તે પછી જ.'

'આ પણ એવું જ હતું. બહુ સ્પષ્ટપણે બેસે તો નહિ, પણ બુદ્ધિ ચલાવતાં સમજાઈ જાય. જુઓ, સૂક્ષ્મ એટલે અણુ. સાલ એટલે સન મતલબ વર્ષ, અને શસ્ય એટલે ધાન્ય-ધાન. અણુનુ અનુ કરી ત્રણે ભેળા કરીએ તો થાય 'અનુસનધાન' એટલે કે અનુસંધાન-શોધતપાસના વ્યવસાયનું સૂચન કરી દીધું હતું.'

'ઓત્તારી!' લાલમોહનબાબુ તાળી પાડી બોલી ઊઠ્યા, 'આ માણસ માત્ર જ્યોતિષની ગણતરી જ નહિ, કોયડા-ઉખાણાં યે બનાવી જાણે છે. ગજબ કહેવાય!'

સામેથી કોઈ આવી રહ્યું હતું. તેના હાથમાંનું ફાનસ હાલતું હોવાથી એનો પડછાયો જાણે આખો રસ્તો ઝાડતો આવતો હતો. તુલસીબાબુએ પોતાની ટૉર્ચનો પ્રકાશ તેના મોં પર પાડી પૂછ્યું, 'કેમ, ભટચાજને ત્યાં ઊપડ્યા કે? શી વાત છે? હમણાં તો વારેવારે દર્શન કરવા જાઓ છો?'

એ સજ્જને જરા હેં હેં કરી સીધો જવાબ આપવાનું ટાળી દીધું ને અમારી બાજુમાંથી આગળ ચાલી ગયા.

'ભોલાનાથબાબુ.' તુલસીબાબુએ ઓળખ આપતાં કહ્યું, 'ભટચાજ મોશાયના લેટેસ્ટ ભક્ત. વચ્ચે પણ એક દિવસ એમને ત્યાં જઈ; ખબર નહિ, કોનો આત્મા બોલાવ્યો હતો.'

રાતે ત્રણ જાતનાં શાક, મગની દાળ અને ઇંડાંની વાનગી ખાવાની ભારે મજા પડી. તુલસીબાબુ કહે કે અહીંના ટ્યૂબવેલના પાણીથી ભૂખ બહુ ઊઘડે છે. જમ્યા પછી બહાર વરંડામાં બેસી એમના શિક્ષકજીવનની વાતો સાંભળી ઉપર સૂવા આવ્યા ત્યારે સાડાનવ જ વાગ્યા હતા, પણ જાણે મધરાત થઈ હોય તેવો અંધકાર બધે ફેલાઈ ગયો હતો. અમે મચ્છરદાની સાથે લેતા આવ્યા હતા, પણ ફેલુદાએ તો 'ઑડૉમસ' લગાડીને સૂવાનું પસંદ કર્યું. મેં જોયું હતું કે છેલ્લા દોઢેક કલાક દરમિયાન ગંગાની રસોઈ વખાણવા સિવાય એ કંઈ બોલ્યા નહોતા. આટલી જલ્દીથી વિચારમાં ડૂબી જતાં મેં એમને જવલ્લે જ જોયા હશે.

લાલમોહનબાબુને પોતાના બહુમાન-પ્રસંગે બોલવા માટે સ્પીચ તૈયાર કરવી હતી. વીજળીનો ગોળો બાળે તો અમારી ઊંઘમાં ખલેલ પડે એમ સમજી એમણે એક ફાનસ માગી લીધું હતું. પથારીમાં પડતાં પહેલાં હું એક સવાલ પૂછ્યા વિના રહી ન શક્યો, 'ફેલુદા! ભટચાજે તમારું નામ અને ધંધો કઈ રીતે જાણી લીધાં હશે?'

'મારા મનમાંના અનેક સવાલોમાંનો એ પણ એક છે જ. જો કે કોઈક માણસમાં ક્વચિત્ કોઈ લાક્ષણિક શક્તિ હોય છે ખરી જેનો કોઈ ખુલાસો ન પણ મળે.'

'પણ મને આમ સાવ ઈગ્નોર કેમ કર્યો હશે એમણે?' લાલમોહનબાબુએ પૂછ્યું.

'આખું ગામ તમને સત્કારવા ઊમટ્યું છે અને એ એક માણસે તમારા નામનો કોયડો ન કર્યો એમાં તમારે માઠું શાનું લગાડવાનું?'

'કદાચ મારા નામમાંથી કોઈ કોયડો નહિ બનતો હોય એમ જ ને?' લાલમોહનબાબુને હજી યે વસવસો થતો હતો.

ફેલુદાએ મૂંગે મોંએ સિગારેટના ધુમાડાની બે રિંગ છોડી ને પછી બોલ્યા : 'રક્તવરણ મુગ્ધકરણ નદી પાસે જેનાથી વિંધાતાં મરણ—બોલો, કેમ લાગે છે?'

'શું, શું, શું?' ફેલુદા એટલું ઉતાવળે આ ઉખાણું બોલેલા કે અમે બંને બરાબર સમજી શક્યા નહિ. ફેલુદાએ ફરીથી ધીમેધીમે એ બોલી બતાવ્યું.

'થોભો, થોભો.' હું બોલી ઊઠ્યો, 'રક્તવરણ એટલે લાલ, મુગ્ધકરણ એટલે મોહન....'

'બસ, લાલમોહન. બરાબર છે.' લાલમોહનબાબુનું મગજ હવે કામ કરવા લાગ્યું, 'પણ ગાંગુલી? હા, હા. નદી એટલે ગાંગ નદી (ગંગા પરથી બંગાળી), અને જેનાથી વિંધાતાં મરણ તે ગુલી (ગોળી). બ્રિલિયન્ટ આઇડિયા દોડાવ્યો મોશાય! શી ખબર તમારું ભેજું કઈ રીતે કામ કરે છે? આ તમે હાજર હો ત્યારે મને માનપત્ર આપવાનો કોઈ અર્થ જ નથી. અચ્છા, મારી સ્પીચ લખી લઉં પછી જરા તપાસી તો આપશો ને?'

બીજે દિવસે સવારે ગામમાં ફરી અમે જાગરણી ક્લબના મકાનમાં 'સિરાજુદ્દૌલા' નાટકનું રિહર્સલ જોવા ગયા. અભિનેતાઓ સાથે ઓળખાણ કરી ફેલુદાએ એમને કૅનેડીઅન થીએટર સંબંધે એક નાનકડું ભાષણ આપી દીધું. અહીં ગોસાંઈપુરના એકમાત્ર મૂકઅભિનયકાર વેણીમાધવની પણ ઓળખાણ થઈ. શુક્રવારે સાંજે તુલસીબાબુને ત્યાં આવીને અમને પોતાની કલા બતાવવાની ઇચ્છા દર્શાવતાં કહ્યું : 'જોજો સર, સીડી ઉપર થઇને ફ્લૅટ-છત ઉપર કઈ રીતે ચડવું એ બતાવીશ.



બ્રિજ

સુરેશ મોદી

આ વખતે પણ આપણે Hugh Danvenનો રચેલો વધુ એક ‘મિનિએચર ડબલ ડમી’ કોયડો જોઈશું :

S 3
H A J 9 8
D K 7 4
C —

S	K J	S	Q 10
H	K 10 2	H	4
D	10 6 5	D	Q J 9
C	—	C	K Q

S A 5
H Q
D A 8 3
C A J

અહીં લાલ હુકમ અને દક્ષિણની ઊતર છે
કોયડો : ઉત્તર-દક્ષિણે આઠે આઠ હાથ કરવાના.

પશ્ચિમ પાસે રાજા ઉપરાંત હુકમનાં બે પાનાં છે, અને દક્ષિણ એક જ વખત હુકમની ઊતર કરી શકે તેમ છે. આથી હુકમની સીધી ઊતર થાય તો પશ્ચિમને હુકમમાં એક હાથ મળી શકે. તે અટકાવવાનો એક જ ઉપાય છે – તેને કાપવાની ફરજ પાડવાનો, અને તે જે પાનાથી કાપે તેનાથી ભારે પાનાથી ઉત્તરે કાપવાનો. આ શક્ય થાય તો પણ ઉત્તર-દક્ષિણ પાસે સાત હાથ જ દેખાય છે : એક કાળી, ચાર લાલ અને બે ચોકટ. પશ્ચિમ કુલ્લીને મૂળથી કાપતો હોઈ કુલ્લીના એક્કાનો હાથ ગણી શકાય નહિ. તો ઉત્તર-દક્ષિણ આઠમો હાથ કઈ રીતે મેળવે છે તે સમજવા ઉકેલ જોઇએ.

દક્ષિણ પહેલી ઊતરે લાલની રાણી ઊતરે. તેના ઉપર પશ્ચિમ રાજા ઊતરે. (નાનું પાનું રમે તો પણ અહીં બહુ ફરક પડતો નથી, પણ રાજા વધુ યોગ્ય છે.) અને ઉત્તર એક્કો રમે. પછી કાળીના એક્કાથી ઊતર-દક્ષિણના હાથમાં લઈ કુલ્લીનો એક્કો ઊતરે. હવે પશ્ચિમ પાસે બે વિકલ્પ છે : કુલ્લીના એક્કા ઉપર ચોકટ ફેંકવી કે તેને કાપવો. બન્ને વિકલ્પમાં ઉત્તર-દક્ષિણ કઈ રીતે બધા હાથ મેળવે તે આપણે જોઇએ.

જો પશ્ચિમ ચોકટ ફેંકે તો ઉત્તર પણ ચોકટ ફેંકે. હવે કાળી ઉત્તરના હાથમાં કાપી, ચોકટના રાજા અને પછી એક્કાનો હાથ લે. હવે તે કુલ્લી કે ચોકટ જે રમે તે પશ્ચિમે કાપવી જ રહી, અને ઉત્તર તેના પછી રમતો હોવાથી તેનાથી ભારે પાના વડે કાપીને બન્ને હાથ મેળવે. આ વિકલ્પમાં ઉત્તર-દક્ષિણ બહુ સહેલાઈથી વધારાનો આઠમો હાથ મેળવી શકે તેમ છે.

પણ જો પશ્ચિમ કુલ્લીના એક્કાને કાપે તો ઉત્તર તેનાથી ભારે પાના વડે કાપીને પશ્ચિમનો બાકીનો હુકમ કઢાવી લે, અને જ્યારે તે પોતાનો છેલ્લો હુકમ ઊતરે ત્યારે પહેલાં પૂર્વ અને પછી પશ્ચિમ ‘સ્કવીઝ’ (Squeeze) થાય. આ તબક્કે દરેક ખેલાડી પાસે ક્યાંક્યાં ચાર પાનાં છે તે જોઈ લેવું જરૂરી છે—

ઉ : H 9, D K, 7 4
પૂ : S Q, D Q, J C K
દ : S 5, D A, 3 C J
પ : S K, D 10 6 5

આ પહેલાંની ઊતરમાં હુકમ ઉપર જ્યારે પૂર્વ ચોકટનો નવો ફેંકે ત્યારે દક્ષિણે ચોકટનો અઠ્ઠો ફેંકવો જરૂરી છે તે થોડી વારમાં સમજાશે.

હવે લાલના નવા પર શું ફેંકવું તે પૂર્વને મૂંઝવે છે. જો તે કુલ્લીનો રાજા ફેંકે તો તો દક્ષિણને તેના ગુલામનો વધારાનો હાથ મળી જાય. જો તે ચોકટનું પાનું ફેંકે તો ચોકટના એક્કાનો હાથ લઈ દક્ષિણ તીડી ઊતરે અને પશ્ચિમના 10–6 ઉપર ઉત્તરના K – 7ના બન્ને હાથ થાય. માટે તે કાળીની રાણી ફેંકે અને તેથી કોઈ નુકસાન દેખાતું નથી, કારણ પશ્ચિમ પાસે કાળીનો રાજા છે.

હવે પૂર્વ પોતાનો કુલ્લીનો ગુલામ ફેંકી દે છે. પણ પશ્ચિમ જો કાળી ફેંકે તો દક્ષિણને કાળીમાં, અને ચોકટ ફેંકે તો ઉત્તરનો ચોકટમાં વધારાનો હાથ થાય છે.

આ કોયડામાં પાંચમી ચાલે જે રીતે બન્ને ખેલાડી સ્કવીઝ થાય છે તે, અને ચોથી ચાલે ચોકટની તીડી નહિ, અઠ્ઠો ફેંકે છે તે સુંદર છે. મૂળ સ્થિતિમાં ચોકટના સત્તા–અઠ્ઠાની અદલાબદલી કરો તો આ સુંદર નાજુક મુદ્દો દર્શાવાયો છે તે નષ્ટ થઈ જાત. આથી બ્રિજના કોયડામાં નાનાં પાનાંની ગોઠવણનું પણ મહત્ત્વ હોય છે તે સમજાશે. □

વાવાઝોડામાં માણસની અભિવ્યક્તિ કઈ રીતની હોય, છ જાતના ભાવ ચૅન્જ કરીને ‘સેડ’થી હૅપી’માં કઈ રીતે લઈ જઉં છું એ જોજો.’

બપોર પછી સેગુનહાટીનો મેળો જોવા ગયા. ચીકન કટલેસ અને રાજભોગનો નાસ્તો કરી, ઉપર એકએક કપ ચા ચડાવી, સ્પાઈડર લેડીનો જાદુ જોયો, ચકડોળમાં પણ બેઠા અને સાડાતેર રૂપિયાની સટરપટર ખરીદી કરી ગોંસાઈપુર પાછા આવ્યા ત્યારે સૂર્યાસ્ત થવા આવ્યો હતો. હજી ઠીકઠીક અજવાળું હતું. એટલે જ કદાચ ફેલુદાએ મલ્લિકની હવેલીએ જઈ જીવનબાબુને મળી આવવા ઇચ્છા વ્યક્ત કરી. તુલસીબાબુ અમારાથી છૂટા પડી ઘેર ગયા.

મુખ્ય દ્વાર પાસે જ જીવનબાબુ મળી ગયા. બારીમાંથી એમણે અમને આવતા જોયા હતા. ફેલુદાએ કંઈ નવા ખબર હોય તો જાણવા પૂછી લીધું અને પછી જીવનબાબુનો બગીચો જોવાની ઇચ્છા દર્શાવી. જીવનબાબુ અમને જાતે જ ત્યાં દોરી ગયા.

હવેલીનો બગીચો એ કંઈ ફૂલવાડી નહોતી. મોટે ભાગે તો વિવિધ ફળઝાડ હતાં. ફેલુદા એમાં ઝીણવટપૂર્વક શું જોતા હતા એ તો એ જ જાણે. અંતે એક જગ્યાએ અટકી ગયા અને ધારીધારીને ત્યાંની જમીન જોતા રહ્યા. એવામાં હવેલીના પહેલે માળે પાછલા વરંડામાંથી કોઇએ બૂમ પાડી પૂછ્યું. ‘ત્યાં બાગમાં કોણ છે?’

‘કોઈ નહિ, દાદીમા. અમે છીએ!’ જીવનબાબુએ તુરત ઉત્તર આપ્યો.

‘ઓહ! તમે છો. હમણાંહમણાં રોજ મને લાગે છે કે ત્યાં કોઈ ફર્યા કરે છે.’

‘તમારાં દાદીમાની નજર કેવી છે?’ ફેલુદાએ પૂછ્યું.

‘બહુ ઓછું દેખાય છે એમને. સાથેસાથે હવે તો સંભળાય છેયે ઓછું.’

બગીચાની હાલત પર નજર ફેરવતાં ફેલુદાએ પૂછ્યું, ‘આની કોઈ દેખભાળ કરતું નથી?’

‘આ ભોલાનાથબાબુ કરે છે, બને તેટલી.’

'રાતે આ તરફ કોઈ આવેજાય ખરું ?'

'કોનું ભમી ગયું હોય કે રાતે જાગીને આ બાગની ચોકી કરે ?'

'આગળના દરવાજે તો, માનું છું કે, રાતે તાળું મારતા હશો.'

'એ ડ્યૂટી પણ ભોલાનાથબાબુની. પણ હું અહીં હોઉં ત્યારે હું જ તાળું મારું, અને ચાવી મારી પાસે રાખું છું.'

'ભોળાનાથબાબુ સાથે પરિચય નથી થયો. તમે એમને બોલાવશો ?'

સાંજના અજવાળામાં ભોલાનાથબાબુને જોતાં લાગ્યું કે શહેરના માણસની જેમ ભલે એ ધોતિયું ને ખમીસ પહેરે, પણ એમના ચહેરા ઉપર એમના બાપદાદાની છાપ દેખાઈ આવતી હતી. કાછડીભર ઉઘાડા શરીરે ખેતરમાં લઈ જઇને એમના હાથમાં હળ પકડાવી દીધું હોય તો જરાય અડવું કે અણછાજતું ન લાગે. એમને લઇને અમે હવેલીની સામે બાંધેલા એક નાનાશા તળાવના ઘાટ પર જઈ બેઠા. વરસાદના પાણીથી તળાવ લગભગ છલોછલ ભરેલું હતું અને પોયણાંનાં પાન-ફૂલથી છવાઇને શોભતું હતું. જીવનબાબુએ ત્યાં લીંબુનું શરબત મં-ગાવ્યું. સંધ્યાના આછા થતા ઉજાશમાં ચોતરફ એક અદ્‌ભુત સન્નાટો વરતાતો હતો. દૂર દૂર ગામમાં વાગતા કોઈ ટ્રાન્ઝિસ્ટર રેડિયોનો અવાજ સંભળાતો ન હોત તો અમે આદિકાળની સૃષ્ટિમાં ક્યાંક સરી પડ્યા હોઇએ એમ જ લાગત.

'મૃગેનબાબુ હવેલીમાં એક જ વાર આવ્યા હતા ?' ફેલુદાએ ભોલા-નાથબાબુને પૂછ્યું.

'હાલમાં તો એક જ વાર આવ્યા હતા.'

'એ પહેલાં ?'

'અગાઉ પણ કેટલીક વાર આવેલા. કાટાઆથી અષાડ મહિનામાં મદન ગોસાંઈની મંડળી આવી હતી. ત્યારે મૃગાંકબાબુ જ એમને લઇને શેઠને કીર્તન સંભળાવવા આવ્યા હતા. આમેય ઘણી વાર એકલા આ-વતા જોયા છે. એક વાર શેઠે જ એમને બોલાવેલા, કદાચ કુંડળી બનાવવાની હતી.'

'એ કુંડળી બની ગઈ ?'

'એ તો મને ખબર નથી.'

'આ વેળા આવ્યા તેની વ્યવસ્થા કોણે કરી હતી ?'

'શેઠની પોતાની જ ઇચ્છા હતી, ને વૈદરાજ મોશાય પણ કહેતા હતા, અને મેં પણ કહેલું.'

'તમે તો ભટચાજને ઘરે આવતાજતા રહો જ છો ?'

'હા જી, ક્યારેક ક્યારેક જઉં છું.'

'એમના પ્રત્યે ભક્તિભાવ હશે.' આ સાંભળી ભોળાનાથબાબુ માથું નીચું ઢાળી થોડી વાર ચૂપ થઈ ગયા, પછી કહે, 'શું કહું ? મારી એક દીકરી હતી – લખમી. નામ એવા જ ગુણ હતા. અગિયારમું વર્ષ બેઠું ન બેઠું ત્યાં એકાએક માંદી પડી ને જોતજોતામાં ગુજરી ગઈ. મૃગેન બાબુએ એ જાણ્યું ત્યારે મને પૂછ્યું કે એ હવે કેમ છે એ તારે એના જ શબ્દોમાં જાણવું છે ?' આટલું કહેતા ભોળાનાથબાબુની આંખો ભિંજાઇ ગઈ. ધોતિયાના છેડાથી એ લૂછી જરા સ્વસ્થ થઈ એ બોલ્યા, 'એ છોકરીના આત્માને ભટચાજ મોશાયે બોલાવી આપ્યો. છોકરી કહે કે ભગવાનના ખોળામાં સુખી છું. કંઈ દુ:ખ નથી. જો કે મોંએ કશું બોલી નહિ, કાગળમાં જ લખાયું. ત્યારથી...'

ફરી ભોલનાથબાબુના ગળામાં ડૂમો ભરાઈ આવ્યો. ફેલુદાએ વાત ટૂંકાવી, 'અહીં હવેલીમાં આત્મા બોલાવ્યો ત્યારે તમે હાજર હતા ?'

'હતો. જો કે એ ઓરડામાં નહિ, બારણા પાસે બહાર હતો. અંદર તો ફક્ત મોટા શેઠ અને ભટચાજ મોશાય તથા નિત્યાનંદ સિવાય કોઈ નહોતું. બાસાહેબ જાણી ન જાય એટલા સારુ મને બારણે પહેરો દેવા બેસાર્યો હતો.'

'તો પછી તમે કંઈ સાંભળ્યું નહિ હોય.'

'જી. દસેક મિનિટ તો બધું ચૂપ હતું. પછી વાંસવન ભણીથી શિયાળવું બોલતું સંભળાયું, અને એ જ વખતે અંદરથી જાણે કે મોટાશેઠનો અવાજ સંભળાયો, 'કોઈ આવ્યું ! કોઈ આવ્યું !' એ પછી કંઈ સંભળાયું નહિ. બધું પતી ગયા પછી ભટચાજ મોશાયને હું એમના ઘેર પહોંચાડી આવ્યો.'

શરબત પી લીધા પછી ફેલુદાએ ચારમિનાર પેટાવી. પછી પૂછ્યું, 'દુર્લભ મલ્લિકના માણસોએ તમારા ઘરને આગ લગાડેલી એ યાદ છે ?'

ભોલાનાથબાબુએ ધીમેથી બે જ શબ્દોમાં કહ્યું, 'હા, છે.'

'તમારા મનમાં એનું વેર છે હજી ?'

ફેલુદાને આ રીતે સીધો જ સવાલ પૂછતાં અગાઉ પણ અનેક વાર મેં સાંભળેલા. એ કહે છે કે આ રીતે સીધો જ સવાલ પૂછી તેના પ્રતિ-ભાવો જોવાથી ક્યારેક ઘણું વધુ જાણવા મળે છે. ભોલાનાથબાબુ હોઠ ઉપર જીભ ફેરવી થોડી સેકંડ ચૂપ રહી બોલ્યા, 'અત્યારે મારું મગજ ઠેકાણે નથી એટલે. બાકી મોટાશેઠ જેવા માણસ દુનિયામાં બહુ ઓછા હશે.'

ફેલુદાએ પછી આગળ કંઈ પૂછ્યું નહિ. ભોલાનાથબાબુ જરા રાહ જોઈ બોલ્યા, 'જો રજા આપો તો હું જરા ભટચાજ મોશાયને ત્યાં જઈ આવું.' અને પછી ફેલુદા અને જીવનબાબુના મૌનને સંમતિ સમજી ભોલાનાથબાબુ ચાલ્યા ગયા.

મને લાગ્યું કે જીવનબાબુના મનમાં કંઈ ચટપટી થતી હતી. ફેલુદાને પણ એવું લાગતાં તેણે પૂછ્યું, 'કંઈ કહેવું છે તમારે, જીવનબાબુ ?'

'ના, ખાસ તો કંઈ નહિ. પણ તમને કંઈ ઉપયોગી જાણવા મળ્યું હોય તો એ સાંભળવાની ઇચ્છા છે.' સમજાઈ ગયું. જીવનબાબુ પોતાના માટે જ ચિંતિત હતા.

'ભોલાનાથબાબુ બહુ મજાના માણસ લાગ્યા.' ફેલુદાએ ઉત્તર આપ્યો. આ સાંભળી જીવનબાબુનું મોં પડી ગયું. કહે :

'એટલે તમે કહેવા માગો છો કે...'

'હું હરગીઝ એમ નથી કહેવા માગતો કે તમે મને સારા નથી લાગ્યા. હું તો એટલું જ કહીશ કે એકાદ-બે શંકાઓ પર નિર્ભર રહીને બહુ આગળ વધી ન શકાય... અને જ્યારે એ બે સંદેહને મૂળ ઘટના સાથે કોઈ સંબંધ નથી ત્યારે તો ખાસ. અત્યારે તો જરૂર છે એકાદી કોઇ ઘટના...'

'કોણ ? કોણ છે ત્યાં ?' ફરી દાદીમાની બૂમ સંભળાઈ. અવાજ ઘરની પાછલી બાજુથી આવ્યો હતો, પણ ચોપાસ ફેલાએલી શાંતિમાં એ સાફ સંભળાયો. બીજી પળે ફેલુદાએ વાત અટકાવી બગીચા ભણી દોટ મૂકી. અમે પણ પાછળ દોડ્યા. અત્યાર સુધી તળાવ ભણી જોઈ કંઈ ગીત ગણગણતા લાલમોહનબાબુ પણ અમારી સાથે જોડાયા.

અમે બગીચામાં પહોંચ્યા ત્યારે ફેલુદાને પશ્ચિમ તરફની થોડી તૂટી ગએલી વંડી પાસેથી ટોર્ચનો પ્રકાશ ફેંકી બગીચાની બહારની બાજુ નજર ફેરવી રહ્યા હતા.

'કોઈ નજરે પડ્યું ?' જીવનબાબુએ પૂછ્યું

'દેખાયું ખરું, પણ ઓળખાયું નહિ.' ફેલુદાએ કહ્યું.

પછી તો ગણગણતા મચ્છરોના ડંખ સહેતા અને તમરાંના તીણાં અવાજ વચ્ચે અમે બગીચાનો ખૂણેખૂણો જોઈ વળ્યા. અંતે જે જોવા મળ્યું એ એક રહસ્ય બની રહ્યું. બગીચાના ઉત્તર તરફના છેડે એક ઝાડના થડ પાસે તાજો જ ખોદેલો ખાડો હતો. એમાં શું હતું કે શું હોઈ શકે તે વિષે જીવનબાબુ કંઈ કહી શક્યા નહિ. પણ લાલમોહન-બાબુના મોંમાંથી શબ્દ નીકળી ગયા 'ગુપ્તધન'. આ સાંભળી જીવન-બાબુએ કહ્યું કે એમના વંશમાં કોઈ કાળે ગુપ્તધન વિષે કોઈ કિંવદંતી

સાંભળવા મળી નહોતી. ફેલુદાએ જે કહ્યું તે પણ મારા માટે રહસ્યમય જ હતું. એણે કહ્યું કે, 'જીવનબાબુ, મને લાગે છે કે આપણે આ ઘટનાની જ રાહ જોતા હતા.'

જમી-પરવારી અમે અમારા ઓરડામાં આવીને બેઠા હતા. આજે ખૂબ થાક લાગ્યો હતો. અંધારામાં ચામાચીડિયાં જેમ આથડવું એ કંઈ સરળ ન જ લાગે. મારા અને લાલમોહનબાબુના પગે કેટલીક જગ્યા ડેટૉલ લગાડવું પડ્યું હતું. કારણ શ્યામબાબુના બગીચામાં ઝાડઝાંખરાંમાં કાંટાળા છોડ પણ ઘણા હતા.

ફેલુદાને તો મચ્છરના ડંખ કે કાંટા વાગ્યાની કંઈ પરવા જ નહોતી. શરીરે ઑડોમૉસ લગાડી, પોતાની ડાયરી ખોલી, છાતી ઉપર તકિયો મૂકી સૂતાસૂતા કંઈ નોંધી રહ્યા હતા. લાલમોહનબાબુએ અંતે બગાસું ખાવા મોં ફાડ્યું, ત્યાં એકાએક ફેલુદાનો પ્રશ્ન સાંભળી બંધ કરી દીધું. સવાલ એમને નહિ, પણ અમારા માટે પાન લઇને આવી રહેલા તુલસીબાબુને પુછાયો હતો:

'તુલસીબાબુ, તમે જો કોઈ એક મોટા કે મહાન માણસને લોકોને ઠગવાનો ફંદો બતાવી દો, અને એ માણસ તેનો ઉપયોગ કરવા માંડે અને લોકોને છેતરે, તો પછી એ માણસને મોટો કે મહાન કહી શકાય?'

તુલસીબાબુ ફેલુદાનો પ્રશ્ન સમજ્યા કે નહિ એ તો ખબર નથી, પણ સરળ ભાવે એમણે ઉત્તર આપ્યો, 'અરે બાપુ, હું તો એવા બધા કોયડાબોયડા ઉકેલવામાં 'ઢ' જ ગણાઉં. પણ હા, એ માણસ જો ખરેખર મોટો હોય તો એટલો નીચો શા માટે ઊતરે? જરૂર ન જ ઊતરે.'

'ખેર, હું એ જાણીને ખુશ થયો કે તમે પણ મારા મતના જ છો.'

એક તો પેચીદું રહસ્ય, એમાં પાછી ફેલુદાએ આમ પહેલીમાં વાત કરી તેથી હું તો ગૂંચવાઈ ગયો. પણ એમાં વધુ ઊંડા ઊતરવાનું ટાળી હું મચ્છરદાનીમાં ઘૂસ્યો, પણ એમ કંઈ મનમાંથી વિચારો ચાલ્યા થોડા જાય? અનેક પ્રશ્નો મારા મનમાં ઊઠતા હતા. શ્યામબાબુના પગે માટી ક્યાંથી લાગી હશે? ઠગનો ફાંસો અને જાસાચિઠ્ઠી કોણે મોકલ્યાં હશે? દાદીમાએ કોને જોઇને બૂમ પાડી હશે? બગીચામાં ખાડામાં શું હતું? આત્માનો ઉત્તર લખેલો કાગળ શ્યામબાબુએ શા માટે ન બતાવ્યો?...

ગઈ કાલની જેમ આજ પણ પથારીમાં પડતાં ઊંઘ આવી ગઈ. ફેર એટલો જ કે ગઈ કાલે એક ઊંઘે સવાર પડેલી, આજે જાગી ગયો ત્યારે હજી અંધારું હતું. અસલમાં ઊંઘ ઊડી ગઈ હતી એક બૂમથી, ને એ માટે જવાબદાર હતા લાલમોહનબાબુ. જોયું તો તેઓ મચ્છરદાની ખસેડી ખાટલા ઉપર બેઠા હતા. ઉઘાડી બારીમાંથી ચંદ્રપ્રકાશ એમના ચહેરા પર પડતો હતો, અને તેમાં એમની આંખો ચકળવકળ થતી દેખાતી હતી. 'બાપ રે! કેવું સપનું?' લાલમોહનબાબુ બોલ્યા.

'કેમ? વળી શું જોયું સપનામાં?' મેં પૂછ્યું.


'અરે, સપનામાં મેં મારા દાદા હરિમોહન ગાંગુલીને જોયા. એક સમ્માન-સભા હતી. દાદાજીએ સ્પીચ આપી, અને પછી મારા ગળામાં હાર પહેરાવીને કહે: 'જો કેવો રોમાંચક હાર છે' અને મેં જોયું તો એ ફૂલનો હાર નહોતો, તપેશ, એ તો — અરે બાપ રે, એ તો નાની નાની રક્તવર્ણી ખોપરીઓનો હાર હતો.'

'આવા સુંદર બ્રાહ્મમુહૂર્તમાં તમે આવાં ઊંધાંચત્તાં સ્વપ્નો જુઓ છો?' આશ્ચર્ય! અત્યાર સુધી અમને ખયાલ જ નહોતો આવ્યો કે ફેલુદા એના ખાટલામાં નહોતા. અગાશીના બારણામાંથી અંદર આવતાં એ આમ બોલ્યા ત્યારે જ અમારું ધ્યાન ગયું. મને લાગ્યું કે અગાશીમાં જઇને એ આસનો કરીને આવતા હશે. ખેર, પણ આનો

શતરંજ-કૉમ્બિનેશન . . . સુરેશ મોદી

આપણે થોડા વખત પહેલાં જોયું હતું કે કૅન્ડિડેટ ટુર્નામેન્ટના પહેલા રાઉન્ડમાં કાસ્પારોવે તેમના સાથી રશિયન બેલિયાવ્સ્કીને ૬-૩થી હરાવીને સેમી-ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો. મૅચની નવમી અને છેલ્લી રમતમાંનું એક કૉમ્બિનેશન આપણે અહીં જોઈશું. આપેલી સ્થિતિમાં કાળાની છેલ્લી ચાલ 20 ..., P-KN3 હતી. સફેદ ઊંટને બચાવવાને બદલે એક વધુ મ્હોરું પ્યાદાના હુમલામાં લાવે છે. (અલબત્ત, પ્યાદું અણઊઠ છે.)

A. Beliavski



G. Kasparov

21 N-K4! B×B; 22 P×B, P×B; 23 Q×BP, P×N.

અણઊઠ પ્યાદાથી ઘોડાને મારતાં તેનો વજીર હાથીના બદલામાં જાય છે. પણ કુલ વજીર અને પ્યાદાના બદલામાં હાથી, ઘોડો અને ઊંટ કાળા પાસે રહે છે તે સરસાઈ જ ગણાય.

24 Q-N4ch, K-R2; 25 R×Q, KR×R; 26 Q×P-ch, K-N1; 27 Q-K7, P-K6.

વજીરની શક્તિનો ખરો પરિચય આવી સ્થિતિમાં થાય છે. તેનો ઘોડા પર હુમલો છે, અને તે ખસે તો ઊંટ પર હુમલો આવે છે. પણ કાળો જુદી જ રીતે બચાવ કરે છે. હવે તે 28 ..., P-K7 થી જીત મેળવવાની ધમકી પણ આપે છે અને જો સફેદ 28 P×P, રમે તો 28..., R-Q7; થી કાળાને પ્રતિકારની તક મળે છે.

28 R-K1, P×Pch; 29 K×P, R-Q7ch; 30 R-K2, R×Rch; 31 K×R, B-R3ch; 32 K-B2, N-K3.

એક પ્યાદાનો ભોગ આપીને કાળાએ હાલ પૂરતી તો પરિસ્થિતિ સંભાળી લીધી લાગે, પણ તેનાં આગળ વધેલાં બે પ્યાદાં અને વજીરનું દબાણ ધીરેધીરે અસર કરે છે.

33 P-B5, N-Q5; 34 P-K6, R-KB1; 35 Q-N5ch, K-R2; 36 P-K7, R-K1; 37 P-B6, N-K3; 38 Q-R5ch, K-N1.

હવે સફેદ 39 Q-N4ch, K-R2; 40 Q×N! P×Q; 41 P-B7 થી જીતે છે. તે જોતાં કાળો હાર કબૂલી લે છે.

આ કૉમ્બિનેશનમાં કોઈ ચોંકાવનારી ચાલ નથી, પણ ઊંટનો ભોગ આપીને ધીરેધીરે દબાણ વધારીને કાસ્પારોવ સુંદર રીતે જીતે છે.

અર્થ એ જ કે હવે સવાર થવા આવી છે.

'શું કરું તમે જ કહો ?' લાલમોહનબાબુ બોલ્યા, 'તમારા પેલા આત્મારામ અને રક્તવરણ અને સમ્માન-સમારંભ વગેરે બધું ભેળું થઇને મારા ભેજામાં ખીચડો થઈ ગયો છે.'

અમે ઊઠી ગયા. તુલસીબાબુ હજી ઊંઘતા હતા. અગાશીમાં આવી જોયું તો પૂર્વાકાશમાં ફેલાતા જતા પરોઢના ઉજાશમાં ચંદ્રમકારા ઝાંખો લાગતો હતો. ને બેત્રણ તારા હજી ટમટમતા હતા તેમની ય સમયમર્યાદા પૂરી થવા આવી હતી. દાતણની અજમાયશ કરવા માટે મેં લીમડાની એક ડાળ તોડી રાખી હતી. ફેલુદાએ કહેલું કે બજારુ પેસ્ટ કરતાં એ અનેકગણું ગુણકારી હોય છે. ચાવીને તેનો કૂચો કરતો હતો ત્યાં એકાએક 'મિત્તર મોશાય'ના નામની બૂમ સંભળાઈ.

ધડાધડ દાદર ઊતરી અમે નીચે આવ્યા. ભોલાનાથબાબુ આમ સવારના પહોરમાં એકાએક ક્યાંથી? કહે, 'મિત્તર મોશાય, સર્વનાશ થઈ ગયો!'

'શું થયું, ભોલાનાથબાબુ? અત્યારના પહોરમાં કેમ આમ ગભરાએલા લાગો છો?' ફેલુદાએ પૂછ્યું.

'મિત્તર મોશાય, કાલે રાતે ઘરમાં ધાડ પડી, બધું વેરણછેરણ કરી નાખ્યું છે. તિજોરી સાવ ખાલી છે. મોટાશેઠના હાથપગ બાંધેલા હતા. મને ય બાંધ્યો હતો. સવારે નાનાશેઠ આવ્યા તેમણે અમને છોડ્યા. તમે જલ્દી ચાલો, મિત્તર મોશાય.'

શ્યામલાલ મલ્લિક જખમી નહોતા થયા, પણ એમને જે રીતે થોડા કલાક બંધનાવસ્થામાં રહેવું પડ્યું એથી તેઓ ખૂબ ભાંગી પડ્યા હતા. બાઘાની જેમ એકીટશે જોતા ભોંય પર જ બેઠા હતા. એક વાર બબડ્યા પણ ખરા, 'બાંધ્યો એના કરતાં મારી કેમ ન નાખ્યો?' આ બાજુ એમની તિજોરી ખાલી હતી તેની એમને ખબર હતી કે નહિ તે કળાયું નહિ.

પ્રથમ તો ફેલુદા શ્યામબાબુના ઓરડાનો ખૂણેખૂણો જોઈ વળ્યા. તિજોરી ખૂલવા સિવાય બાકી બધું જેમનું તેમ જ હતું. તિજોરીની ચાવી શ્યામબાબુના ઓશિકા નીચે રહેતી. ભોલાનાથબાબુ ઉપલે માળે જ સૂતા હતા. આવનારે પ્રથમ તો એમને જ ઊંઘતા ઝડપી લઈ તેમની આંખ ઉપર પાટો અને મોંમાં ડૂચો મારી દીધો હતો. ને પછી એમના હાથપગ પણ બાંધી દીધા હતા. એમની ધારણા હતી કે આવનાર બે જણ હતા. નોકર નવીન તો નિરાંતે ઘોરતો હતો. બેમાંનો એક ચોકીદાર જાત્રા (ભવાઈ)જોવા સેગુનહાટી ગયો હતો. બીજો ચોકી કરતો હતો તેને માથા પર ડાકુએ લાકડી મારી બેભાન કરી દીધો હતો. સામેનો દરવાજો તો બંધ જ હતો, એટલે આવનાર પાછલો દરવાજો ઠેકીને પાછળના વરંડામાંથી ધૂસ્યા હશે. દાદીમાને પૂછવાનો કંઈ અર્થ નહોતો, કારણ તેઓ તો વરંડાને છેક ઉત્તર છેડે, ત્રણ બંધ અવાવરું ઓરડા પછીના છેલ્લા ઓરડામાં રહે છે.

અમને આવ્યાને પંદરેક મિનિટ થઈ હશે, પણ હજી જીવનબાબુ દેખાયા નહોતા. ફેલુદાએ ભોલાનાથબાબુને પૂછ્યું, 'જીવનબાબુ અમારી રાહ જોયા વિના જ પોલીસમાં જાણ કરવા ગયા છે?'

માથું ધુણાવી અચકાતાં અચકાતાં એ બોલ્યા, 'મને કહીને તેઓ બહાર ગયા હતા ખરા, પણ એ પછી તો...'

પણ એ સાંભળવા ન રોકાતાં ફેલુદા ઓરડાની બહાર દોડ્યા. એમની પાછળ હું અને લાલમોહનબાબુ પણ દોડ્યા. નીચે જઈ આંગણું વટાવી પાછલા બારણેથી બહાર નીકળી સીધા બગીચામાં જઈ પહોંચ્યા. હજી પૂરો સૂર્યોદય થયો નહોતો, થોડું ધુમ્મસ જેવું હતું, ચા તો ઠરેલો ધુમાડો હતો. ઝાકળને લીધે જમીન ભીનીભીની હતી. પક્ષીઓ જાગી જઈ કલરવ કરતાં હતાં.

બગીચામાં આગળ વધતાં એકાએક ફેલુદા થંભી ગયા. દસેક હાથ દૂર ફણસના એક ઝાડ નીચે બ્લ્યૂ પહેરણ અને સફેદ પાયજામો પહેરેલું કોઈ પડ્યું હતું. એ પોશાક, એ ચંપલ જાણીતાં હતાં. નજીક જઈ ફેલુદાએ નીચા વળી જોયું, ગભરાટ અને આક્ષેપાત્મક ઉદ્‌ગાર સાથે એ પાછા ફર્યા.

'ઓ મોશાય'. એકાએક લાલમોહનબાબુ બોલી ઊઠ્યા. દૂર જમીન ઉપર પડેલી કોઇ વસ્તુ તરફ આંગળી કરતાં એમણે કહ્યું, 'જુઓ, જુઓ. એ શું છે તે હું જાણું છું. એને અટરો નહિ. એના વડે જ જીવનબાબુનું ખૂન કરવામાં આવ્યું લાગે છે.' જોયું તો એક છેડે પથ્થર બાંધેલો ગમછો ત્યાં પડ્યો હતો.

એટલામાં તો ભોલાનાથબાબુ પણ ત્યાં આવી પહોંચ્યા. જોતાં જ સમજી ગયા કે શું બન્યું હતું. 'અરે ભગવાન ! સર્વનાશ થઈ ગયો' કહેતા માથે હાથ દઇ લગભગ બેભાન થવા જેવી સ્થિતિમાં એ બે ડગલાં પાછા હટી ગયા.


'અત્યારે આમ ઢીલા થઇ જવું ન ચાલે, ભોલાનાથબાબુ,' ફેલુદાએ કહ્યું, 'તમે કોઇને લઇને તુરત પોલીસ ચોકીએ જઇને ખબર આપો. જરૂર પડશે તો શહેરમાંથી દારોગા પણ આવશે. દરમિયાન કોઇ લાશને કે આ ગમછાને અડે નહિ એની તકેદારી રાખજો. થોડી વાર પહેલાં જ આ બધું બન્યું લાગે છે. હજી એ માણસ કદાચ આટલામાં જ ક્યાંક છુપાયો હોય. બીજું, મલ્લિક મોશાયને આ ખૂનની જાણ ન થાય એ પણ ખાસ જોજો.'

આટલું કહી ફેલુદાએ પશ્ચિમ તરફની વંડી ભણી દોટ મૂકી. પાછળ અમે પણ ગયા. આ બાજુની દીવાલનો થોડો ભાગ તૂટી ગયો હોઈ બહાર જવા માટે ખાસ્સો રસ્તો થઈ ગયો હતો. અમે બંને એ કૂદીને બહાર આવ્યા. ફેલુદાની નજર ચારે તરફ ઘૂમતી હતી. જમીન ઉપર પણ એ આંખ ફેરવી લેતા હતા. અમે આગળ વધ્યા. સોએક ગજના અંતરમાં

(અનુસંધાન પૃષ્ઠ ૧૯૫)

કસોટીના ઉત્તરો

૧) આકૃતિમાંના વિભાગો પર જ ધ્યાન કેન્દ્રિત કરશો તો આ કોયડામાં અટવાઈ જશો. પણ જરા ધ્યાનથી જોતાં જણાશે કે આકૃતિના ડાબા-જમણા એમ મુખ્ય બે ભાગ પડે છે, ને બંને ભાગમાં એકએક બાજુ ત્રાંસી છે. આ બેમાંથી કોઈ પણ એક અર્ધને ઉલટાવીને બે ત્રાંસ મેળવી દો એટલે પત્યું. આ રીતે બનતો લંબચોરસ (જગ્યા બચાવવા આડો મૂકીને) બતાવ્યો છે. મૂળ આકૃતિની અંદરના વિવિધ આકારો તો માત્ર મૂંઝવવા માટે જ છે.



અષ્ટકોણ આકૃતિના આઠેય ખૂણાનાં બિંદુઓને એકબીજા સાથે જોડતી રેખાઓથી કુલ ૨૮૦ ત્રિકોણ રચાય છે.

૨) જમણી બાજુથી.

૩) ઉલટાવીને અવળા પહેરેલા સ્વેટરમાં પીઠ તરફ અંદરની બાજુ એ લેબલ આવશે.

૪) ચાર પુત્રીઓ અને ત્રણ ભાઇઓ છે.



કમાલ અને જમાલ

કમાલ અને જમાલ એ બે ફેરિયા હતા. રોજિંદા વપરાશની નાનીમોટી ચીજવસ્તુઓ વેચતા. કોઈ વાર આજુ-બાજુનાં ગામડાંઓમાં પણ ફેરી કરે. આવી રીતે એક દિવસ બંને જણ સાથે પાછા ફરતા હતા. રસ્તામાં એમને રૂપિયા ભરેલી એક થેલી મળી. જમાલે કહ્યું, 'કોઈકના રૂપિયા પડી ગયા લાગે છે. કોના હશે? આપણે આનું શું કરીશું? ચાલો ગામમાં જઈ એની ખેરાત કરી દઈએ.'

કમાલ એની સામે જોઈ રહ્યો. થોડી વાર વિચાર કરી બોલ્યો. 'તું મૂરખ છે. આ રૂપિયા ખુદાએ આપણને આપ્યા છે. જેની પાસેથી પડી ગયા છે એના તકદીરમાં એ નહોતા એટલે જ તો આમ રસ્તામાં પડી ગયા. અને હવે તું આની ખેરાત કરવા નીકળે ત્યારે લોકો તને જ ચોર સમજશે. કહેશે કે ક્યાંકથી બહુ રૂપિયા ઉડાવી લાવ્યો હોઈશ તેમાંથી થોડા ખેરાત કરીને ઇમાનદારીનું નાટક કરે છે. આપણે ખેરાત કરવા જેટલા તવંગર નથી કે લોકો માની જાય.'

'તો પછી શું કરીશું?' જમાલે પૂછ્યું.

'બે ઉપાય છે.' કમાલે જવાબ આપ્યો, 'એક તો એ કે આપણે આ રૂપિયાના બે ભાગ કરી નાખીએ. એક ભાગ તું રાખે અને એક હું રાખું. પછી જેમ મન થાય તેમ વાપરીએ. પણ એના કરતાં બીજો ઉપાય વધુ સારો છે. આપણે આ રૂપિયા અહીં ક્યાંક દાટી દઈએ. અને પછી તેમાંથી જોઈએ ત્યારે થોડા થોડા લઈને વાપરીએ.'

જમાલ કબૂલ થયો અને થેલીમાંથી થોડા રૂપિયા લઈ બંને જણે સરખા ભાગે વહેંચી લીધા. પછી બાકીના રૂપિયા ભરેલી થેલી એમણે એક ઝાડ પાસે ખાડો કરી તેમાં દાટી દીધી.

બીજા દિવસે કમાલ એકલો પેલી જગ્યાએ ગયો, અને રૂપિયાની થેલી કાઢી લઈને થોડે દૂર બીજો ખાડો કરી તેમાં દાટી દીધી.

ત્રીજા દિવસે એ જમાલને સાથે લઈને ફરી ત્યાં આવ્યો. કહે, 'કે મારે થોડો માલ-સામાન ખરીદવો છે તો ચાલ આપણે થોડ રૂપિયા લઈ આવીએ.'

બંને જણ પેલા ઝાડ પાસે આવ્યા અને અગાઉ જ્યાં રૂપિયા દાટ્યા હતા ત્યાં ખોદ્યું. પણ ત્યાં તો રૂપિયા હતા જ નહિ. કમાલે તુરત ગુસ્સે થયો હોય તેવો ઢોંગ કરી જમાલને કહ્યું, 'આ તેં શું કર્યું? અહીં રૂપિયા છે એની તને અને મને જ ખબર હતી. હું તો આજે જ તને સાથે લઈને આવ્યો છું. જરૂર તું જ એકલો આવીને એ બધા રૂપિયા ઉઠાવી ગયો છે.'

કમાલે શું કરેલું તેની જમાલને ક્યાં ખબર હતી? એણે ઘણા સોગંદ ખાધા. પણ કમાલે કંઈ માન્યું નહિ. એ તો જમાલને કાજી પાસે લઈ ગયો અને ફરિયાદ કરી કે એ બધા રૂપિયા ચોરી ગયો છે. કમાલે જે કહ્યું તે ધ્યાનપૂર્વક સાંભળી લઈ કાજીએ તેને પૂછ્યું કે, 'તારો કોઈ સાક્ષી છે?'

કમાલ કહે, 'ના, મારો કોઈ સાક્ષી તો નથી. પણ ત્યાં એક ઝાડ છે. હું સાચું જ કહું છું, એટલે ખુદા મારી તરફેણ કરશે જ. એની રહેમથી પેલું ઝાડ મારી સાક્ષી પૂરશે.'

કાજીએ તેનું કહેવું કબૂલ રાખ્યું અને નક્કી કર્યું કે બીજે દિવસે એ પોતે આવીને ઝાડને પૂછી જોશે.

કમાલ તો આ સાંભળી ખૂબ ખુશ થયો. કાજીને દુઆ દઈ એ પોતાના બાપ પાસે ગયો, અને એને કહ્યું, 'જો તમે હું કહું તેમ કરો તો હું તમને ઘણા રૂપિયા આપીશ. વળી, કાજી જો જમાલને ગુનેગાર ઠેરવશે તો તેની પાસેથી પણ મને રૂપિયા અપાવશે.'

બાપે પૂછ્યું કે, 'મારે શું કરવાનું છે?'

'તમારે માત્ર આટલું જ કરવાનું,' કમાલે સમજાવ્યું, 'તમે આજે મોડી રાતે જઈને પેલા ઝાડમાં છુપાઈ જજો. કાલે સવારે કાજી આવીને ઝાડને જે સવાલ પૂછે તેના જવાબ તમે છુપાઈ રહીને આપજો. કાજી સમજશે કે ઝાડ સાક્ષી પૂરે છે.'

કમાલના બાપને આ ગમ્યું નહિ. કહે, 'તું માણસને છેતરી શકીશ, પણ ખુદાને છેતરી નહિ શકે.'

પરંતુ કમાલે બાપને બહુ પટાવીને સમજાવવા માંડ્યું. થોડા વધુ રૂપિયા આપવાની લાલચ પણ આપી, અને અંતે પોતાના દીકરાને ખાતર બાપે તેની વાત કબૂલ રાખી. રાતે મોડેથી જઈને તે ઝાડમાં છુપાઈને બેસી ગયો.

બીજે દિવસે સવારે કાજી આ બંનેને લઈને પેલા ઝાડ પાસે આવ્યો. સાથે થોડા સિપાઈ પણ હતા. અને આ નવી રીતની તપાસ જોવા થોડા લોકો પણ ત્યાં એકઠા થયા હતા.

ઝાડ પાસે આવીને કાજીએ ઝાડને પૂછ્યું, 'તું કમાલનું સાક્ષી છે. એ કહે છે કે જમાલ અહીંથી રૂપિયા ઉઠાવી ગયો છે, તો શું એ ખરું છે?'


થોડી વાર તો કંઈ જવાબ ન મળ્યો. પછી ઝાડમાંથી બહુ ધીમો અવાજ આવ્યો, 'હા, કમાલ ખરું કહે છે. જમાલ રૂપિયા લઈ ગયો છે.'

ઝાડમાંથી અવાજ આવતો સાંભળી કાજીને નવાઈ લાગી. એને થયું કે ઝાડ કંઈ બોલી શકે નહિ. જરૂર કમાલે કંઈ ચાલાકી કરી હશે. થોડી વાર સુધી વિચાર કરી કાજીએ સિપાઈને હુકમ કર્યો: 'આજુબાજુથી સૂકાં લાકડાં વીણીને આ ઝાડની નીચે ઢગલો કરો અને પછી તેને સળગાવો.'

સિપાઈઓએ ઝાડ નીચે લાકડાં એકઠાં કરીને સળગાવ્યાં. મોટીમોટી જ્વાળા નીકળવા લાગી, અને ધુમાડો તો એટલો થયો કે શ્વાસ પણ લેવાય નહિ. ઝાડ ઉપર છુપાએલા કમાલના બાપે થોડી વાર તો સહન કર્યું, પણ પછી ઝાડને આગ લાગે, ને તો પોતે પણ એની સાથે બળી મરે એવા ભયથી તેણે પોતાને બચાવી લેવા બૂમો પાડવા માંડી.

આ સાંભળી કાજીને કમાલની ચાલાકી સમજાઈ ગઈ. આસપાસ એકઠા થએલા લોકો પણ સમજી ગયા કે કમાલે જ આવી ચાલાકી કરીને જમાલને ફસાવ્યો છે. કાજીએ બળતાં લાકડાં ખસેડી લેવરાવ્યાં અને ઝાડ ઉપરથી કમાલના બાપને નીચે ઉતારવા ફરમાવ્યું. પછી તેણે કમાલના બાપને તતડાવીને પૂછ્યું એટલે તેણે બધી વાત કરી દીધી. કાજીએ બાપ-દીકરા બંનેને સજા કરી અને કમાલ પાસેથી બધા રૂપિયા કઢાવીને જમાલને આપી દીધા. □

કસોટી




૧) આ આકૃતિ વિવિધ આકારના આઠ ટુકડામાં વિભાજિત કરીને બતાવી છે. આ જ આઠ ટુકડાઓનો ઉપયોગ કરીને એક લંબચોરસ બનાવો. ટુકડાઓને ઉલટાવવાની છૂટ છે.

૨) ધારો કે તમારા ડાબા હાથમાં એક ચાકી છે, અને જમણા હાથમાં બૉલ્ટ. ચાકીમાં બૉલ્ટ બેસાડવા તમારે જમણા હાથે જમણી બાજુથી તેને ફેરવવો પડે છે. હવે આ જ રીતે જમણા હાથે બૉલ્ટને પકડી રાખીને ડાબા હાથે ચાકીને તેનાથી છૂટી પાડવી છે, તો ચાકી કઈ બાજુ ફેરવશો-ડાબી બાજુથી કે જમણી બાજુથી?

૩) તમારા સ્વેટરમાં પીઠ તરફ ગળાપટ્ટીની નીચે અંદરની બાજુએ બનાવનાર કંપનીનું લેબલ છે. જો તમે આ સ્વેટર ઉલટાવીને (અંદરની બાજુ બહાર લાવીને) અને ડાબા હાથની બાંયમાં જમણો હાથ આવે એ રીતે પહેરો તો લેબલ ક્યાં આવશે?

૪) એક પરિવારમાં દરેક પુત્રીને જેટલી બહેનો છે તેટલા જ ભાઈ છે, અને દરેક પુત્રને જેટલા ભાઈ છે એથી બમણી બહેનો છે. તો આ પરિવારમાં કેટલી પુત્રીઓ ને કેટલા પુત્ર હશે?

૫) નીચેની આકૃતિમાં કુલ કેટલા ત્રિકોણ રચાય છે?



ઉત્તરો પૃષ્ઠ ૧૮૩ પર

ઊંચા પાની ના ટિકે, નીચે હી ઠહરાય;
નીચા હોય સો ભર પીએ, ઊંચા પિયાસા જાય.

— કબીર —

કવિ ગોલ્ડસ્મિથે પહેલાં દાક્તરીનો અભ્યાસ કરેલો ને પદવી પણ મેળવેલી. એક વાર એક ગરીબ સ્ત્રીએ એને પત્ર લખી અતિશય બીમાર હોવાના ખબર જણાવ્યા. ગોલ્ડસ્મિથે એને ઘેર જઈ એને તપાસી અને કહ્યું : 'હું રોગ ને ગરીબી બંનેની દવા મોકલું છું.' થોડી વાર પછી એ બાઈને એક નાની દાબડી મળી. તેમાં દસ ગીની હતી. ઉપર લખેલું હતું : 'જરૂર પડ્યે આનો ઉપયોગ કરજો; ધીરજ ધરજો, ને સદ્‌ભાવ ખોશો નહિ.'

∽

કહેવતોના અર્થ : 'કોણી મારીને કુલડું કરવું'.–એનો શબ્દાર્થ સૂચવે છે તેમ, માટીના લોંદામાંથી કોઈ પાત્રનો ઘાટ ઉતારવા માટે તેને કાળજીપૂર્વક ચાકડે ચડાવવાની લાંબી વિધિ કરવી પડે; પણ તાત્કાલિક જરૂરતનો પ્રસંગ પડ્યે, તરતબુદ્ધિવાળો માણસ જેમ એ લોંદામાં કોણી મારીને કુલડાનો ઘાટ બનાવી લે, એમ સમયસૂચકતાથી કામ પાર પાડવાની આવડત માટે આ કહેવત વપરાય છે.

∽

ઑલ ઇંડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑવ ડાયાબીટિસે મુંબઈમાં માહિમ મુકામે ૨૦૦ પથારીવાળી જે ઇસ્પિતાલ ઊભી કરી છે એ એશિયાભરમાં આ પ્રકારની પહેલી જ છે.

∽

દક્ષિણ સ્પેઈનમાં મૅન્ઝૅનારીસ મુકામે જર્મનીએ એક એવું પ્રાયોગિક પાવર-સ્ટેશન ઊભું કર્યું છે કે જેમાં કોઈ જાતનું બળતણ વપરાતું નથી. તેમાં જમીનથી અધ્ધર એક ખાસ પ્રકારનું પડ પાથરવામાં આવ્યું છે જેમાંથી સૂર્યપ્રકાશ આરપાર નીકળી જાય છે, પણ તેની ગરમી તે પડમાં સમાઈ રહે છે. આથી ગરમ થતી હવા ફૂલીને તેનો જે પ્રવાહ પેદા થાય છે તેનો વેગ કલાકના ૫૦ કિ.મી.નો હોય છે. ગરમ હવાના આ પ્રવાહને એક ટનલમાં વાળી તેના વડે ટર્બાઈન ચલાવીને લગભગ ૧૦૦ કિલોવૉટ જેટલી વીજળી મેળવી શકાય છે.

∽

મેક્સિકો શહેર દુનિયામાં વધુમાં વધુ ઝડપે વિસ્તરી રહેલું શહેર છે. તેનો વાર્ષિક વિકાસ દર ૮·૦ ટકા જેટલો છે. તે પછીનું સ્થાન કર્ણાટકની રાજધાની બૅંગ્લોર શહેરનું છે, જેનો વિકાસ દર ૭·૪ ટકા જેટલો છે. આ રીતે ભારતમાં તે સૌથી વધુ ઝડપે વિસ્તરી રહેલું શહેર છે.



ટિકિટકથા : ડૅનીઅલી કાસાનૉવા નામની એક કૉર્સિકન વિદ્યાર્થિની દંતવિદ્યાના અભ્યાસ માટે પારીસ આવી હતી. ત્યાંની વિદ્યાર્થિનીઓ રાજકીય ચળવળોમાં આગળ પડતો ભાગ લેતી. ૧૯૪૦માં એ ફ્રેન્ચ રેઝિસ્ટન્સમાં જોડાઈ અને ભૂગર્ભમાં રહી 'લા વા દ ફામ' નામનું એક સામયિક ચલાવ્યું. ૧૯૪૩માં તેની ધરપકડ થઈ. જર્મન ગેસ્ટાપોની આકરી પૂછતાછનો તેણે મુકાબલો કર્યો, પણ પછી તેને ઑશ્વિટ્ઝની કેદ-છાવણીમાં મોકલી દેવામાં આવી. આ બદનામ છાવણીમાં જ ટાયફસની બીમારીમાં એ મરણ પામી. તાજેતરની આ એક ખાસ ટપાલટિકિટ પર તેની છબિ અંકિત કરી ફ્રાંસે તેની સેવાને ને તેની શહીદીને બિરદાવી છે.

ઑશ્વિટ્ઝની એ બદનામ છાવણીમાં મોતને ભેટનાર એક બીજી સ્ત્રીને પશ્ચિમ જર્મનીએ પણ પોતાની ટપાલટિકિટ ઉપર સ્થાન આપ્યું છે. ડૉ. એડિથ સ્ટેઇન તેનું નામ. મૂળ તો એ યહૂદી, પણ કૅથોલિક પંથમાં ભળી ૧૯૩૩માં કાર્મેલાઈટ સાધ્વી બનેલી. એ ફિલસૂફ હતી. જર્મનીથી એ હૉલૅન્ડ ચાલી ગએલી, પરંતુ જર્મન આક્રમણ પછી તેને પકડીને ઑશ્વિટ્ઝની છાવણીમાં ધકેલી દેવામાં આવી, જ્યાં ૧૯૪૨માં ગૅસ ચેમ્બરમાં તેને મારી નાખવામાં આવી હતી.

∽

સંયુક્ત રાષ્ટ્ર સંઘના એક તારણ પ્રમાણે વિકસતા દેશોમાં કુલ મળી રોજનાં ૪૦,૦૦૦ બાળકો મરી રહ્યાં છે, ત્યારે બીજી બાજુ આપણે, એટલે કે દુનિયાના લોકો દર મિનિટે દસ લાખ ડૉલર યુદ્ધસામગ્રી પાછળ વાપરીએ છીએ.

∽

ઇન્ડિયન સોસાયટી ઑવ ક્રિમિનોલૉજીના ચેરમૅન પ્રો. એસ. એમ. ડીઆઝના કહેવા પ્રમાણે ભારતમાં ભિખારીઓની સંખ્યા વધી છે. અંદાજ છે કે હાલમાં દેશમાં દોઢ કરોડ જેટલા ભિખારીઓ છે.

હીરાના વેપારમાં ઍન્ટવર્પ, ન્યૂ યૉર્ક, લંડન અને તેલઅવિવ પછી પાંચમો ક્રમ મુંબઇનો આવે છે. આ પછી આ ક્ષેત્રમાં અનુક્રમે પારીસ, સિંગાપોર ને હૉંગકૉંગનું સ્થાન છે. બાઈબલ પૂર્વેના કાળથી માંડી ૧૮મી સદીમાં બ્રાઝિલમાં હીરાની ખાણો શોધાઈ ત્યાં સુધી એકમાત્ર ભારતમાં જ હીરાની ખાણો હતી અને અહીંના જ હીરા દુનિયાભરમાં પહોંચતા હતા.

∽

બીજા વિશ્વયુદ્ધમાં ઈ. ૧૯૪૫માં અણુબૉમ્બ વપરાયા પછી હજી સુધી એવા અણુશસ્ત્રનો ફરી ઉપયોગ થયો નથી, પણ દુનિયામાં નાનીમોટી સો ઉપરાંત લડાઇઓ થઈ છે, ને તેમાં ચાલુ સાદાં હથિયારો જ વપરાયાં છે. છતાં લગભગ પાંચ લાખ વિજ્ઞાનીઓ નવાંનવાં અને વધુ ને વધુ ભયંકર શસ્ત્રો બનાવવા પાછળ પોતાની શક્તિ ખર્ચી રહ્યા છે.

∽

કેરાળાના પાલઘાટ જિલ્લો ચોખાના ઉત્પાદન માટે ખ્યાત છે. અહીં ૮·૫ લાખ રૂપિયાના ખર્ચે, નૅશનલ ઇન્ડસ્ટ્રીઅલ ડેવલપમેન્ટ કૉર્પોરેશને સૂર્યતાપનો ઉપયોગ કરીને ડાંગરની સુકવણી કરવા માટે એક 'સોલર-ડ્રાયર' ઊભું કર્યું છે. એક જ દિવસમાં લગભગ ૩૦ ટન ડાંગર સૂકવે છે. આ પ્રકારનું આ દેશમાં મોટામાં મોટું ડ્રાયર છે. આ રીતે ડાંગર સૂકવવામાં એક ટને માત્ર ૬ રૂપિયા જેટલો ખર્ચ થાય છે.

∽

જાણીતા વિજ્ઞાની સ્વ. બકમિન્સ્ટર ફુલરે એક હિસાબ કાઢેલો કે ભૂગર્ભમાંથી આપણને જે તૈયાર ક્રુડ ઑઈલ મળે છે તે તૈયાર થવામાં ગરમી, દબાણ વગેરે જે જોઇએ તેની કિંમત ગણીએ તો એક ગૅલનના દસ લાખ ડૉલર થાય. પરંતુ એ તૈયાર મળતું હોઈ ભૂગર્ભમાંથી તેને કાઢવામાં વધુમાં વધુ ૮૦ સેન્ટ જેટલો ખર્ચ નોંધાયો છે.

∽

'વીસ વર્ષનો હતો ત્યારથી મેં શ્રીમંત થવાનો સંકલ્પ કર્યો હતો.'

'પણ શ્રીમંત થયો તો નહિ?'

'ના; કેમ કે પછી શ્રીમંત બનવા કરતાં સંકલ્પ બદલવો એ જ સહેલું લાગ્યું.'

∽

ન્યાયાધીશ : તમારા વકીલ કોણ છે?

આરોપી : મારા કોઈ વકીલ નથી, નામદાર.

ન્યાયાધીશ : કેસની વકાલત માટે તમારે કોઇને રોકવાની જરૂર નથી લાગતી?

આરોપી : કંઈ જરૂર નથી, નામદાર. કોર્ટમાં મેં સાચું જ બોલવાનો નિર્ણય કર્યો છે.